MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૦૨-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ભારતમાં કોરોનાનો વધતો કહેર: ૫૨ના મોત,૧૭૦૦થી વધુ સંક્રમિત

3 ઉત્તપ્રદેશમાં કોરોના વાયરસથી પ્રથમ મોત: ૧૦૦થી વધુ લોકો સંક્રમિત

5 કોરોના સામે લડવા ભારત-પાકિસ્તાનના ક્રિકેટરો સંગઠિત થયા

11 કોરોનાના હાઉ માટે સરકાર સજાગ પરંતુ કચરા બાબતે રાજપીપળા માં તંત્રની લાલીયાવાડી..?!

અમદાવાદમાં ૨૪ કલાકમાં આઠ કેસ સામે આવતા તંત્રમાં દોડધામ

અમદાવાદ કોરોનાનું એપી સેન્ટર: સૌથી વધુ ૩૧ પોઝિટિવ કેસ

રેશનિંગ માટે લોકડાઉનમાં પડપડી, નિયમનો સરેઆમ ભંગ...!!

રાજ્યમાં કુલ ૮૨ કેસ પોઝિટિવ,રોજે રોજ કેસ વધતાં લોકડાઉનનું કડક પાલન જરૂરી,૧૮૪૮૭ હોમ ક્વોરન્ટીન, ૭૪૩ સરકારી ક્વોરન્ટીન અને ૨૫૩ ખાનગી ફેસેલિટીમાં ક્વોરન્ટીન,કુલ ૧૫૮૬ લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા

ગાંધીનગર

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો પણ કોરોનાથી લોકોને બચાવવા સોશ્યલ ડિસ્ટીંગ એટલે કે સામાજિક અંતર રાખવાની સલાહ અને તાકીદ કરી છે. પોલીસ તંત્ર દ્વારા તેનું કડક પાલન કરાવવામાં આવી રહ્યું છે. લોકોને એકબીજાને બોડી ટુ બોડી દૂર દૂર રાખવા વારંવાર વિનંતીઓ થઈ રહી છે ત્યારે આજથી મફતમાં રેશનિંગની દુકાનેથી અનાજ વગેરે.નો જથ્થો આપવાની શરૂઆત થતાં લોકડાઉનના નિયમનો સરેઆમ ભંગના દ્રશ્યો જોવા મલ્યા હતા. કેટલીક જગ્યાએ કાર્ડધારકો સલામત અંતર રાખવા બનાવવામાં આવેલા કુંડાળામાં ઉભા રહેલા જોવા ણલ્યા તો મોટે ભાગે આવા કુંડાળામાં દૂર દૂર ઉભા રહેવાને બદલે અનાજ વગેરે.નો જથ્થો ખલાસ થઈ જશે એ બીકે ધસારો કરતાં જોવા મળ્યા હતા. અને સામાજિક અંતર રાખવાના નિયમના લીરેલીરા થતાં જોવા મળ્યા હતા.

ગાંધીનગર

કોરોના મહામારીમાં ગુજરાતમાં અંદાજે ૬૦ લાખની વસ્તી ધરાવનાર અમદાવાદમાં રોજેરોજ પોઝીટીવ કેસો વધતાં અને આજે પણ વધુ ૮ કેસો એકસાથે બહાર આવતાં અને તે તમામ અમદાવાદના હોવાથી અમદાવાદ હવે કોરોના વાઈરસનું એપિસેન્ટર બની રહ્યું હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. તે સાથે અમદાવાદમાં પોઝીટીવ કેસોની સંખ્યા વધીને ૩૧ પર પહોંચી ગઇ છે. જે એક ચેતવણી સમાન અને ખતરે કી ઘંટી સમાન પણ કહી શકાય. રાજ્યમાં આજે ૮ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. તમામે તમામ કેસો અમદાવાદના છે. આ સાથે જ અમદાવાદ કોરોના વાઈરસનું હોટસ્પોટ બન્યું છે. ગુજરાતમાં કેસોની સંખ્યા પણ વધીને ૮૨ થઇ ગઇ છે. રેશનિંગની દુકાનોમાં રોગને અટકાવવા સોશ્યલ ડિસ્ટીંગનો આજે મોટા પાયે ભંગ પણ જોવા મળ્યો હતો.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ આજે ગાંધીનગર ખાતે બુધવારેરૂટીન મિડિયા બ્રિફિંગમાં પત્રકારોને કોરોના વાઈરસને પગલે રાજ્યમાં ચાલી રહેલી કામગીરી અને નવા કેસો વગેરે.ની માહિતી આપવામાં આવી હતી.જેમાં તેમણે કહ્યું કે, અમદાવાદમાં આજના જે ૮ કેસ બહાર આવ્યાં છે તેમાં ૪ આંતર રાજયના,૩ લોકલ ટ્રાન્સમિશનના અને એક વિદેશી દર્દી છે. એક જ દિવસમાં ૮ પોઝિટિવ કેસો સામે આવ્યા છે. જે ચિંતાજનક કહી શકાય. તે સાથે ગુજરાતમાં ૮૨ પર કોરોના પોઝિટિવ કેસ પહોંચ્યા છે.

આ સાથે કુલ જે પોઝિટિવ કેસ ૮૨ થયા છે. જેમાં ૬૭ કેસમાં દર્દોની સ્થિતિ સ્ટેબલ છે, ૦૩ દર્દીઓ વેન્ટિલેટર પર

અનુ. પાના નં. ૬ પર

અમેરિકામાં સૌથી વધુ ૧.૮૦ લાખ લોકો સંક્રમિત,કુલ મૃત્યુઆંક ૪ હજારને પાર

કોરોનાનો કહેર: અમેરિકામાં એક જ દિવસમાં ૭૭૦ લોકોના મોત થયા

તમામ ઉપાય કરવા છતાં પણ ૨.૪ લાખ લોકો મૃત્યુ પામે તેવી શકયતા: વ્હાઈટ હાઉસની ચેતવણી

વોશિંગ્ટન

દુનિયાભરમાં કોરોના વાયરસના આઠ લાખ ૫૮ હજારથી વધારે લોકો સંક્રમિત થઈ ગયા છે. અત્યાર સુધી ૪૨,૧૪૦ લોકોના મોત થઈ ગયા છે અને ૧,૮૦,૧૪૧ વ્યક્તિ સ્વસ્થ થઈ ગયા છે. ત્યાંજ અમેરિકામાં એક જ દિવસમાં ૭૭૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. અમેરિકામાં કોરોનાને કારણે ૪૦૦૦થી વધુ લોકોના મોત થયા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું કે, અમેરિકાના લોકો માટે આગામી બે અઠવાડિયા ખૂબ જ મુશ્કેલી ભર્યા હશે. ત્યારબાદ સ્થિતિ સામાન્ય થઈ જશે.

ડોનાલ્ડ ટ્રમ્પ સરકારે હવે સક્રિયતા દાખવતા ૧૯ દિવસ પહેલા જાહેર કરેલી ગાઈડલાઈન્સને ૩૦ દિવસ વધારી દીધી છે. સરકારને ડર છે કે, આ ખતરનાક વાયરસની ઝપટમાં આવવાથી દેશમાં ૧ થી ૨.૪ લાખ લોકોના મોત થઈ શકે છે.

કોરોના પર સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના પ્રમુખ એન્ટોનિયો ગુટરેસે જણાવ્યું હતું કે, કોરોના વાયરસ દુનિયાની સામે બીજા વિશ્વ યુદ્ધ બાદ સૌથી મોટો પડકાર છે. મહામારીને રોકવા માટે દુનિયાભરના દેશોએ વધારે મજબૂત અને અસરકારક પગલા લેવાની જરૂર છે. કોરોનાને કારણે સામાજીક અને આર્થિક તબાહી થઈ છે. અમે યુએનના ૭૫ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત સૌથી મોટી વૈશ્વિક સ્વાસ્થ્ય સંકટનો સામનો કરી રહ્યા છીએ.ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ડેઈલી બ્રીફિંગ દરમિયાન કહ્યું હતું કે, હું ઈચ્છું છું કે આવાનર મુશ્કેલ દિવસો માટે દરેક અમેરિકન તૈયાર રહે. દેશ માટે પરીક્ષાની ઘડી છે. પહેલા આપણે આ પ્રકારના કોઈ સંકટનો સામનો નથી કર્યો. સંક્રમિતોની સંખ્યાને ઘટાડવા માટે આપણે તેઓ પ્રત્યે એકતા અને પ્રેમભાવ બતાવવાની જરૂર છે. આ જીવન અને મોતનો સવાલ છે. દેશમાં એક મહિનો સોશિયલ ડેસ્ટેંસિંગ રાખવાનું કહેવામાં આવી શકે છે. વ્હાઈટ હાઉસના અધિકારી ડેબોરાહ બીરક્સે મંગળવાર કહ્યુ હતું કે આપણા દેશમાં કોરોનાથી મરનાર લોકોની સંખ્યા બે લાખ સુધી પહોંચી શકે છે. અમને વિશ્વાસ અને આશા છે કે આ બીમારી સામે લડવા માટે દરેક દિવસે સારી રીતે લડીશું.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન થોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257
http://www.jungegujarat.in/negative-ion/

તમામ રેકોર્ડ તૂટ્યા, ૨૪ કલાકમાં ૪૩૭૩ લોકોનાં મોત, સામે આવ્યા ૭૩,૬૩૯ નવા કેસ

કોરોનાથી વિશ્વમાં હાહાકાર: ૪૨૦૦૦થી વધુના મોત,આઠ લાખથી વધુ લોકો સંક્રમિત

રોમ/મેડ્રિડ

વિશ્વભરમાં કોરોના વાઈરસના દર્દીઓ ૮ લાખ ૫૮ હજાર ૮૯૨ થઈ ગયા છે. અત્યાર સુધીમાં ૪૨ હજાર ૧૫૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. એક લાખ ૭૮ હજાર ૧૦૦ લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. ઈટાલી અને સ્પેન બાદ હવે અમેરિકાની સ્થિતિ વિકટ બની રહી છે. ઈટાલીની વાત કરીએ તો અહીં પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ ૫ હજાર ૭૯૨ થઈ ગઈ છે. જ્યારે ૧૨ હજાર ૪૪૬ લોકો અહીં મોતને ભેટ્યા છે. ઈટાલી, ફ્રાન્સ અને સ્પેનમાં એક દિવસમાં બે હજાર લોકોએ જીવ ગુમાવ્યો.

મંગળવારે ચીનમાં સંક્રમણનો એકપણ કેસ નોંધાયો છે. અહીં માત્ર પાંચ લોકોના મોત થયા છે. ચીનમાં ધીમે ધીમે સ્થિતિ સારી થઈ રહી છે. કોરોના વાઈરસના એપી સેન્ટર વુહાનમાં હવે માત્ર આંશિક લોકડાઉન જ છે. જોકે ટ્રેન અને વિમાની સેવા શરૂ કરી દેવાઈ છે. ૮ એપ્રિલના રોજ અહીં લોકડાઉન સમગ્રપણે સમાપ્ત થશે.

કોરોનાથી સૌથી વધારે પ્રભાવિત દેશ ઈટાલી થયો છે.

અનુ. પાના નં. ૬ પર

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટિવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257


Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરું સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634, State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

અમદાવાદના આ વિસ્તારમાં જતાં સાચવજો

આસ્ટોડિયા, આનંદનગર, બોપલ થી બાપુનગર, શાહપુર, ચાંદખેડા સહિત ૧૨ વિસ્તારો કોરોનાના સ્પોટ

ગાંધીનગર

રાજયમાં કોરોના વાઈરસના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે ૮ કેસો પોઝિટિવ આવ્યા છે જે તમામ અમદાવાદના છે. સૌથી વધુ ૩૧ કેસો અને ત્રણ મોત અમદાવાદમાં નોંધાતા હોટ સ્પોટ જાહેર કરવામાં આવ્યું છે. શહેરમાં પોઝિટિવ કેસોનો સતત વધારો થતાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને આરોગ્ય તંત્ર દોડતું થયું છે. કેસો વધતા પોઝિટિવ કેસો જયાં નોંધાયા છે એવા વિસ્તારમાં સર્વે કરવામાં આવ્યો છે. હજી કેસોમાં વધારો થવાની સંભાવના જણાય છે. અમદાવાદમાં આસ્ટોડિયા, આનંદનગર, બોપલ થી બાપુનગર, શાહપુર, ચાંદખેડા સહિત ૧૨ વિસ્તારો કોરોના સંક્રમણના કેસો જોવા મળ્યા છે. તેથી કહી શકાય કે શહેરમાં હવે જે મોટાભાગના કેસો બહાર આવી રહ્યાં છે તે લોકલ સંક્રમણના છે. આજે જે નવા કેસો જાહેર થયા છે તે અલગ અલગ અને નવા જ વિસ્તારમાં છે. અમદાવાદમાં અત્યાર સુધીમાં આવેલા ૩૧ કેસોમાં મોટા ભાગના લોકોની ઉંમર ૫૦થી ઉપરની છે. ચાર જેટલા પોઝિટિવ કેસ એક જ પરિવારના લોકોને થયા હોય તેવું સામે આવ્યું છે જેથી કહી શકાય કે મોટાભાગના કેસો હવે લોકલ સંક્રમણ વધી રહ્યું છે. અત્યાર સુધીમાં આસ્ટોડિયા, ગોમતીપુર, આનંદનગર, શ્યામલ, સાઉથ બોપલ, વૈષ્ણોદેવી, સનાથલ જેવા વિસ્તારમાં કેસો સામે આવ્યા હતા પરંતુ આજે સવારે જે નવા ૮ કેસો સામે આવ્યા છે એ બાપુનગર, ચાંદખેડા, શાહપુર, રાયપુર અને કાલુપુર જેવા વિસ્તારમાંથી આવ્યા છે જેથી હવે આ કેસો એક જ વિસ્તારમાં નહિ સમગ્ર અમદાવાદમાં ફેલાઈ રહ્યા છે. અમદાવાદમાં ૪ દર્દીઓ પણ સાજા થઈને ઘરે ગયા છે.



રાષ્ટ્રવ્યાપી લૉકડાઉન દરમિયાન બિહારમાં પટના જંકશન ખાતે મોટી સંખ્યામાં શ્રમિકોએ ભોજન કર્યું હતું.

કોરોના ઈફેક્ટ: વીડિયો કોન્ફરન્સથી મંત્રીમંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર

રાજયમાં પ્રથમવાર વીડિયો કોન્ફરન્સથી મંત્રીમંડળની કેબિનેટ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ. જેમા કોરોનાની માહામારી વચ્ચે ટેલિ કોમ્યુનિકેશનનો ઉપયોગ કરાયો. સાથે મંત્રીઓ કલેક્ટર કચેરીએ બેસીને કેબિનેટ બેઠકમાં જોડાયા હતા. અને કોરોનાની વર્તમાન સ્થિતિનો તાગ મેળવી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

જેમા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા ગૃહ રાજય મંત્રી પ્રદીપ સિહ જાડેજા અને મુખ્ય સચિવ પોલીસ મહા નિદેશક તેમજ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ અને અગ્ર સચિવ પણ હાજર રહ્યા હતા. કેબિનેટ બાદ સીએમ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, રાજયના જિલ્લામાં કોરોના કાબૂમા છે. ૨૧ દિવસના લોકડાઉનના કારણે આજે ગુજરાતમાં કોરોના કાબૂમાં આવ્યો છે.

નિઝામુદ્દીન કેસ બાદ જાગેલી પોલીસે દિલ્હીનુ ગુરુદ્વારા પણ ખાલી કરાવ્યુ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસે દેશભરમાં મચાવેલા હાહાકાર વચ્ચે તબલીગી જમાતના નિઝામુદ્દીન ખાતે આવેલા મરકઝને ખાલી કરાવી દેવાયુ છે.અહીંના ૨૦૦૦ થી વધુ લોકોને બહાર કાઢવા માટે ૩ દિવસ ઓપરેશન ચલાવાયુ હતુ.

હવે પોલીસે આ કેસમાંથી બોધપાઠ લઈને દિલ્હીના મજનુ ટીલા વિસ્તારમાં ગુરુદ્વારામાં ફસાયેલા ૩૦૦ લોકોને પણ બહાર કાઢવા માટેની કામગીરી શરુ કરી દીધી છે. નિઝામુદ્દીનના કેસ બાદ દિલ્હી પોલીસ હવે કોઈ જોખમ લેવા માગંતી નથી.

આ ગુરુદ્વારામાં ૨૦૦ લોકો ફસાયા હતા.જેમાં કેટલાક વિદેશથી આવેલા લોકો પણ છે.દિલ્હી પોલીસે ગુરુદ્વારા ખાલી કરાવવા માટે પંજાબ સરકારના પ્રતિનિધિઓની પણ મદદ લીધી છે. આ તમામને બસોમાં નહેરુ વિહારની એક સ્કૂલમાં શિફ્ટ કરવામાં આવી રહ્યા છે.આ સ્કૂલમાં ક્વોરેન્ટાઈન સેન્ટર ઉભુ કરવામાં આવ્યુ છે.

બે બાળકો સાથે ગર્ભવતી મહિલાનું અગ્નિસ્નાન, કોરોના દર્દી સમજીને કોઈ બચાવવા ન આવ્યું

બુલંદશહર

ઉત્તરપ્રદેશના બુલંદશહરની શિકારપુર કોતવાલી વિસ્તારમાં એક ગર્ભવતી મહિલાએ પોતાના બે બાળકો સાથે અગ્નિસ્નાન કરી લીધું છે. મહિલાએ પોતાના અને પોતાના બાળકો પર તેલ છાંટીને આગ ચાંપી દીધી હતી. તે ચીસો પાડતી રહી પરંતુ પાડોશીઓ તેને કોરોનાની દર્દી સમજીને તેમને બચાવવા માટે ન ગયા. પત્નીની ચીસો સાંભળીને પતિ ઘરમાંથી બહાર નિકળ્યો ત્યાં સુધીમાં માતા અને બાળકો આગની લપેટમાં ઘેરાઈ ચૂક્યા હતા. મહિલા તેમજ બંને બાળકોએ ઘટનાસ્થળે જ અંતિમ શ્વાસ ભર્યા હતા.

બુલંદશહેરના બરેલી ગામની રહેવાસી વિક્રમ રોહતકમાં એક કંપનીમાં કામ કરતો હતો. લોકડાઉનના કારણે તે તાજેતરમાં જ પોતાના ઘરે આવ્યો હતો. કોઈ વાત પર મંગળવારે બપોરે બંને પતિ-પત્ની વચ્ચે ઉગ્ર વિવાદ શરૂ થઈ ગયો હતો. જ્યારબાદ ગુસ્સામાં આવીને પુષ્પાએ પોતાના અને પોતાના પાંચ તેમજ સાત વર્ષના બાળક પર તેલ છાંટીને પોતાને આગ લગાવી દીધી.

આરોપ છે કે વિવાદ વધી ગયો અને તે લોકોએ અગ્નિસ્નાન કર્યું તે સમયે પુષ્પાનો પતિ ઘરમાં જ હતો. તેમજ તેમના તમામ પડોશીઓ પણ આ સમગ્ર ખેલ તમાશાને જોઈ રહ્યા હતા તેમ છતા પણ કોઈ એક પણ વ્યક્તિ તેમને રોકવા માટે કે તેમને બચાવવા ન આવી. ત્યારબાદ પોલીસે પૂછપરછ કરતા જાણવા મળ્યું કે લોકોએ આ પરિવારને કોરોનાના પીડિત સમજીને તેમનાથી અંતર બનાવી લીધું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર પુષ્પા અને તેના બંને બાળકો આગની લપેટમાં ન આવી ગયા ત્યાં સુધી વિક્રમ ઘરની અંદર જ હતો. પુષ્પાના પિયરવાળાઓની ફરિયાદના આધારે તેના પર કેસ નોંધીને પોલીસે વિક્રમની ધરપકડ કરી લીધી છે.

બૅંકોનું કામકાજ નિયમિત કરવા તમામ રાજ્યોને આદેશ

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્ર-શાસિત પ્રદેશોને ૨૧ દિવસના લૉકડાઉનના સમયગાળા દરમિયાન બૅંકોના કામકાજ રાબેતામુજબ રહે અને તમામ ઑટોમેટેડ ટેલર મશીન (એટીએમ) સામાન્ય સ્થિતિમાં રહે એની તકેદારી રાખવાનો આદેશ આપ્યો હતો. પ્રાઇમ મિનિસ્ટર ગરીબ કલ્યાણ યોજના હેઠળ કુલ ૨૭,૫૦૦ કરોડ રૂપિયાના જે આર્થિક પૅકેજની જાહેરાત કરાઈ છે એ સંબંધિત વહેંચણી આવનારા દિવસોમાં થવાની હોવાથી બૅંકો તથા બધા એટીએમને સામાન્ય સ્થિતિમાં લાવવાની કેન્દ્રએ રાજ્યોને સૂચના આપી છે.

વર્તમાન નાણાકીય વર્ષ (૨૦૧૯-'૨૦) નિર્ધારિત સમય મુજબ ગઈ કાલે (મંગળવારે) પૂરું થયું હતું. સામાન્ય રીતે ઘણી કંપનીઓ તેમ જ પેઢીઓ દ્વારા એમના કર્મચારીઓને મહિનાની શરૂઆતમાં પગાર-વેતનની ચૂકવણી થતી હોય છે અને એ બાબતમાં તેમ જ એટીએમમાંથી પૈસા ઉપાડવા સંદર્ભમાં સામાન્ય પ્રજાને ૨૧ દિવસના લૉકડાઉનના વર્તમાન સમયગાળામાં કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે એ હેતુથી પણ કેન્દ્ર સરકારે રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોને બૅંકો તથા એટીએમના સામાન્ય કામકાજ વિશેની સૂચના આપી છે.

કેન્દ્રિય ગૃહ સચિવ અજય ભલ્લાએ તમામ રાજ્યો તથા કેન્દ્ર-શાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને મોકલેલા સંદેશામાં જણાવ્યું છે કે 'ઘણી રાજ્ય સરકારોએ બૅંકોના કામકાજના ઘટાડેલા કલાકો વિશે, મર્યાદિત સંખ્યામાં શાખાઓ કાર્યરત્ રાખવા સંબંધમાં, એટીએમમાં રોકડા ભરવા સંબંધિત કર્મચારીઓની અવરજવર પર નિયંત્રણ અંગે તેમ જ અન્ય કેટલાક કારણો બાબતમાં સૂચનાઓ બહાર પાડી છે.

વાહનોની પરમિટ મુદત ૩૦ જૂન સુધી લંબાવાઈ

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસની મહામારી વચ્ચે પણ વાહનવ્યવહાર સરળતાપૂર્વક ચાલતો રહે તેની ખાતરી કરવા સરકારે પહેલી ફેબ્રુઆરીએ જેની મુદત પુરી થઈ ગઈ હોય તેવા ડ્રાઇવિંગ લાયસન્સ, પરમિટ અને રજીસ્ટ્રેશન સહિતના દસ્તાવેજોની મુદત ૩૦ જૂન સુધી લંબાવવામાં આવી હોવાની સોમવારે જાહેરાત કરી હતી. રોડ, પરિવહન અને ટ્રાન્સપોર્ટ ખાતા દ્વારા દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો ને પાઠવવામાં આવેલી માર્ગદર્શિકામાં આ તમામ દસ્તાવેજોને ૩૦ જૂન સુધી માન્ય ગણવા જણાવી દેવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

કોરોના વાઇરસ ને કારણે દેશભરમાં જાહેર કરવામાં આવેલા લોકડાઉનને પગલે પરિવહન ખાતાની ઓફિસો બંધ હોવાથી મોટર વેહિકલ એકટ અને સેન્ટ્રલ મોટર વેહીકલ એકટ હેઠળ જરૂરી દુસ્તવેજો રીન્યુ કરવામાં નાગરિકોને પડી રહેલી તકલીફોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. આ દુસ્તવેજોમાં ફિટનેસ, પરમિટ (તમામ પ્રકારની), ડ્રાઇવિંગ લાઇસન્સ, રજીસ્ટ્રેશન સહિતના એમવી એકટ હેઠળ આવતા દસ્તાવેજો નો સમાવેશ થતો હોવાનું તેમણે કહ્યું હતું.

બંગાળમાં બેનાં મોત,મહારાષ્ટ્રમાં કોરોનાના ૩૦૦થી વધુ કેસ

ભારતમાં કોરોનાનો વધતો કહેર: ૫૨ના મોત,૧૭૦૦થી વધુ સંક્રમિત

૧૩૩ સ્વસ્થ થયા,મ.પ્રદેશમાં ૨૦ કોરોનાના નવા કેસ નોંધાયા જેમાંથી ઈન્દોરમાં એક જ પરિવારના નવ લોકો સંક્રમિત

ન્યુ દિલ્હી

સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે કોરોનાનું સંકટ વધી રહ્યુ છે. અને ત્રણ લોકોના વધુ મોત થતા દેશમાં કુલ મૃત્યુઆંક ૫૨ સુધી પહોંચી ગયો છે. જ્યારે આજે આંધ્રપ્રદેશમાં સૌથી વધુ ૪૩ નવા કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ૨૩ નવા કેસ સાથે રાજ્યમાં કુલ ૩૨૫ પોઝીટીવ કેસ થયા છે. જ્યારે દિલ્હીમાં કોરોનાના કુલ કેસ ૧૨૧ થયા છે. ભારતમાં કોરોના વાયરસના કેસની સંખ્યા વધી રહી છે. આજે બુધવારે ભારતમાં કોરોના વાયરસના સંક્રમણનો આંકડો વધીને ૧૭૧૮ પર પહોંચ્યો છે. અસમમાં કોરોનાનો એક પોઝિટીવ કેસ નોંધાયો છે. આસામના કરીમગંજ જિલ્લાના સ્થાનિક ૫૨ વર્ષના વ્યક્તિમાં કોરોના સંક્રમણ જોવા મળ્યુ. દિલ્હીના સરકારી હોસ્પિટલના એક ડોક્ટર કોરોના પોઝિટિવ મળી આવ્યા છે.

કોરોના પોઝિટિવમાંથી ૧૩૩ લોકો સ્વસ્થ થઈ ચૂક્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે સવારે આ આંકડા જારી કર્યા છે. ગત ૨૪ કલાકમાં જ કોરોના વાયરસના ૨૪૦ નવા કેસ સામે આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં કોરોનાથી ગત ૨૪ કલાકમાં જ બે કોરોના ગ્રસ્ત વ્યક્તિનું મોત થયું છે. આમ ૫.બંગાળમાં કોરોનાથી અત્યાર સુધીમાં ૬ લોકોના મોત થઈ ચૂક્યા છે. કોરોનાના સંક્રમણના કારણે ઈન્દોરમાં ૬૫ વર્ષીય વ્યક્તિનું નિધન થયું છે.

દિલ્હી, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ઝડપથી વધી છે. મંગળવારે મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ ના ૭૨ નવા કેસ નોંધાયા છે, ત્યારબાદ રાજ્યમાં ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૩૦૨ પર પહોંચી ગઈ છે. કેરળમાં આજે કોરોના વાયરસના સાત નવા કેસ નોંધાયા છે. જે બાદ અહીં ચેપગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૨૪૧ થઈ ગઈ છે. આજે તમિળનાડુમાં ૫૫ નવા કેસ છે. આમાંથી ૫૦ એવા લોકો છે કે જેમણે દિલ્હીમાં નિઝામુદ્દીન મરકજ સંમેલનમાં ભાગ લીધો હતો. રાજ્યમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૧૨૪ થઈ ગઈ છે.

મધ્યપ્રદેશમાં કોરોના વાયરસના નવા ૨૦ કેસ સામે આવ્યા છે. જેમા ઈન્દોરમાં ૧૯ અને એક ખરગોનમાં નોંધાયા છે. ચિંતાજનક બાબત છે કે ઈન્દોરથી જે મામલા સામે આવ્યા છે જેમાંથી ૯ એક જ પરિવારમાં નોંધાયા છે. અધિકારીઓએ જણાવ્યું કે ઈન્દોરના તંજીમ નગરમાં રહેતા પરિવારના ૩ બાળકો કોરોના પોઝિટિવ જોવા મળ્યા છે. આ બાળકોની ઉંમર ૩ વર્ષ, ૫ વર્ષ અને ૮ વર્ષ છે.

કોરોના ગંભીરતાના લીરેલીરા ઉડાડતા તબલીગી જમાતના મૌલાનાનું વિચિત્ર નિવેદન

મરવા માટે મસ્જિદથી વધારે સારી જગ્યા કોઈ નહીં : મૌલાના

કુરાન વાંચતા નથી ને અખબાર વાંચે છે.જો કોઈ કહે કે મસ્જિદમાં જવાથી બીમારી ફેલાશે, તો તે વિચાર પાયાવિહોણો છે

ન્યુ દિલ્હી

રાજધાની દિલ્હીના નિઝામુદ્દીનમાં તબલીગી જમાતના લગભગ ૧૫૦૦ લોકો ભલે પોતાની જાતને ત્યાં ફસાયેલા હોવાનું જણાવી રહ્યાં હોય પરંતુ જમાતના મુખિયાનો એક વાયરલ થયેલો ઓડિયો કંઈક અલગ જ હકીકત જણાવે છે. તબલીગી જમાતના મૌલાના સાદનો એક કથિત ઓડિયો સામે આવ્યો છે જેમાં તે કોરોના વાયરસનો ઉલ્લેખ કરી રહ્યાં છે.

મૌલાના સાદ કોરોનાને લઈ કહે છે કે, મરવા માટે મસ્જિદથી વધારે બીજી કોઈ સારી જગ્યા હોઈ જ ના શકે. આ બાબત સ્પષ્ટ કરે છે કે, મૌલાના એ બાબત સારી રીતે જાણતા હતાં કે, આ રીતે એકત્ર થવાથી કોરોના વાયરસનું જોખમ વધારે છે.

તબલીગી જમાતના કારણે દેશમાં કોરોના વાયરસના દર્દીઓના કેસ વધી રહ્યાં છે. ત્યારે હવે જમાતના મુખિયાનો એક ઓડિયો વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. જમાતના મુખિયા મૌલાના સાદ અનેક બાબતે પોતાનો મત વ્યક્ત કરે છે. આ દરમિયાન અહીં હારજ લોકોમાં ઘણા લોખો ઉધરસ ખાતા પણ સંભળાય છે. જે દર્શાવે છે કે, આ જલસામાં કોરોના વાયરસે પહેલા જ દસ્તક દઈ દીધી હતી પરંતુ તેને સંપૂર્ણ રીતે નજર અંદાજ કરવામાં આવ્યો હતો.

મૌલાના સાદ ઓડિયોમાં કહેતા સંભળાય છે કે, એ વિચાર જ બેકાર છે કે, મસ્જિદમાં ભેગા થવાથી બિમારી ફેલાય છે, પણ હું કહેવા માંગુ છું કે, જો તમને એવુ દેખાય કે મસ્જિદમાં આવવાથી માણસ મરી જશે તો મરવા માટે આનાથી વધારે સારી બીજી કોઈ જગ્યા હોઈ જ ના શકે.

વાયરલ ઓડિયોમાં મૌલાના સાદ આગળ કહી રહ્યાં છે કે, અલ્લાહ પર વિશ્વાસ રાખો, કુરાન નથી વાંચવાને અખબાર વાંચો છો એટલે જ ડરી જાવ છો અને ભાગી જાવ છો. અલ્લાહ કોઈ પણ મુસીબત એટલે જ લાવે છે કે, તે પણ પરખી શકે કે મારો બંદો શું કરી શકે છે. તેઓ આગળ ઉમેરે છે કે, કોઈ કહે છે કે મસ્જિદને બંધ કરી દેવી જોઈએ, તાળા મારી દેવા જોઈએ કારણે તેનાથી બિમારી વધશે તો આ પ્રકારનો વિચાર તમે તમારા મનમાંથી કાઢી નાખો.

સુપ્રિમ કોર્ટે કોરોના મામલે ફેક ન્યૂઝ ફેલાવનારા વિરુદ્ધ કાર્યવાહી કરવા નિર્દેશ

કોરોના પર સરકારી પુષ્ટિ વિના સમાચાર પ્રકાશિત ન કરે મીડિયા

ન્યુ દિલ્હી

સુપ્રિમ કોર્ટે કોરોના મામલે ફેક ન્યૂઝ ફેલાવનારા સામે કાર્યવાહી કરવાના નિર્દેશ આપ્યા છે. વળી, કેન્દ્ર સરકારે માંગ કરી છે કે તે કોરોના વિશે મીડિયા દ્વારા કરવામાં આવી રહેલ કવરેજ વિશે દિશા-નિર્દેશ જારી કરે. કેન્દ્ર સરકારે સર્વોચ્ચ ન્યાયાલયને એક નિર્દેશ માંગ્યા છે કે કોઈ પણ મીડિયા આઉટલેટ દ્વારા અપાયેલ મિકેનિઝમથી તથ્યોની પુષ્ટિ કર્યા વિના કોવિડ-૧૯ પર કંઈ પણ પ્રિન્ટ, પ્રકાશિત કે પ્રસારિત ન કરે.

ગૃહ સચિવ અજય ભલ્લા આઈએએસ દ્વારા આપવામાં આવેલ સ્ટેટસ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે સંક્રામક બિમારીની પ્રકૃતિને ધ્યાનમાં રાખીને, જેની સામે આખી દુનિયા સંઘર્ષ કરી રહી છે, એવા રિપોર્ટિંગના આધાર સમાજના કોઈ પણ વર્ગની પ્રતિક્રિયા માત્ર સ્થિતિ માટે હાનિકારક જ નહિ પરંતુ આખા દેશને નુકશાન પહોંચાડશે. એટલા માટે આ ન્યાયના સૌથી મોટા હિતમાં છે કે જ્યારે આ અદાલતે જાણવાજોગ લીધુ છે, આ આ અદાલત એક દિશાનિર્દેશ જારી કરીને કૃપા કરે કે કોઈ પણ ઈલેક્ટ્રોનિક, પ્રિન્ટ મીડિયા, વેબ પોર્ટલ કે સોશિયલ મીડિયા કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ મિકેનિઝમ પાસે યોગ્ય તથ્યાત્મક સ્થિતિની પહેલેથી ખરાઈ કર્યા વિના કંઈ પણ પ્રિન્ટ કે પ્રકાશિત કે પ્રસારિત નહિ કરે.

જો કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિનિયમ ૨૦૦૫ હેઠળ ડરનો માહોલ બનાવવો એક ગુનો છે, જેનાથી સમાજમાં ગભરાટ પેદા થાય છે, કેન્દ્રએ કહ્યુ કે મોટી અદાલત પાસેથી યોગ્ય દિશા નિર્દેશ કોઈ પણ સંભવિત અને અપરિહાર્ય પરિણામથી દેશની રક્ષા કરશે.



મૃતકના સંપર્કમાં આવેલા આરોગ્યકર્મીઓને પણ આઈસોલેટ કરાયા

ઉત્તપ્રદેશમાં કોરોના વાયરસથી પ્રથમ મોતઃ ૧૦૦થી વધુ લોકો સંક્રમિત

ગોરખપુર

કોરોના વાયરસને પગલે ઉત્તર પ્રદેશમાં સૌપ્રથમ મૃત્યુનો કેસ નોંધાયો છે. બસ્તી જિલ્લાના ૨૫ વર્ષના કોરોના સંક્રમિત યુવકનું ગોરખપુરમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. યુવકનું મૃત્યુ બે દિવસ અગાઉ થયું હતું પરંતુ બુધવારે તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત મેરઠમાં ૭૨ વર્ષના કોરોના સંક્રમિત દર્દીનું મોત થયું હતું. મેરઠમાં મૃતકનો કોરોના રિપોર્ટ હજી સુધી આવ્યો નથી. ઉત્તર પ્રદેશમાં કોરોના સંક્રમિત દર્દીઓનો આંકડ ૧૦૦ને પાર થઈ ગયો છે. સૌથી વધુ કેસો નોયડામાં નોંધાયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ લખનઉની કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી (કેજીએમયુ)ના પ્રવક્તા ડો. સુધીર સિંહએ જણાવ્યા મુજબ ગોરખપુર જિલ્લામાં ૨૫ વર્ષના યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બસ્તીના ગાંધીનગર વિસ્તારમાં આ યુવક રહેતો હતો. યુવકને રવિવારે ગોરખપુરની બીઆરડી મેડિકલ કોલેજમાં દાખલ કરાયો હતો, સોમવારે સવારે તેનું મોત થઈ ગયું હતું. યુવકને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. મૃત્યુ બાદ હોસ્પિટલ સ્ટાફે જણાવ્યું હતું કે યુવકમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા હતા. કેજીએમયુના પ્રવક્તાના મતે યુવકના સલાઈવાના નમૂના પરીક્ષણ માટે પહેલા બીઆરડી મેડિકલ કોલેજની લેબમાં મોકલાયા હતા જ્યાં રિએક્ટિવ આવ્યા હતા. પુષ્ટિ માટે મંગળવારે નમૂનાને કેજીએમયૂ મોકલાયા હતા. બુધવારે સવારે યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ગોરખપુરના સીએમઓ આ કેસની વધુ વિગતો આપશે.

સિંહના મતે મંગળવારે સાજે આવેલા સેમ્પલ પૈકી બે લોકોના રિપોર્ટ પોઝિટિવ જણાયા છે, જેમાં એક વ્યક્તિને આગરાની એસએન મેડિકલ કોલેજમાં દાખલ કરાયા છે જે ૫૪ વર્ષના છે. બીજીતરફ લખનઉમાં એકપણ નવો કેસ નોંધાયો નથી.

અમરનાથ યાત્રાઃ ૧૫ એપ્રિલથી રજિસ્ટ્રેશન કરાવી શકાશે

ન્યુ દિલ્હી

આગામી ૨૩ જૂનથી શરૂ થનારી પવિત્ર અમરનાથ યાત્રા માટેના રજિસ્ટ્રેશનની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. યાત્રા માટે આજથી રજિસ્ટ્રેશન શરૂ થવાનું હતું પરંતુ કોરોના વાયરસના ફેલાવા બાદ કરાયેલા કરાયેલા લોકડાઉનને કારણે ૧૫ એપ્રિલથી રજિસ્ટ્રેશન કરાવી શકાશે.અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે જૂન મહિનામાં પવિત્ર અમરનાથની યાત્રા શરૂ થાય છે અને તેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉત્સાહભેર ભાગ લેતાં હોય છે. આ વખતે પણ ૨૩ જૂને યાત્રા શરૂ થવાની હતી પરંતુ કોરોનાને કારણે તેના રજિસ્ટ્રેશનની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે



મુંબઈમાં કોરોનાવાયરસ રોગચાળાને પગલે ફ્રૂટ વિક્રેતાઓ કોફોર્ડ માર્કેટમાં તેની દુકાન પર આલ્ફોન્સો કેરીની વ્યવસ્થા કરે છે.

મહારાષ્ટ્રમાં વધુ ૧૮ કેસ સંક્રમિતઃ સીએસટી રેલ્વે પો.કોન્સ્ટેબલ કોરોનાથી સંક્રમિત

મુંબઈ

મહારાષ્ટ્રમાં કોરોના દર્દીઓની સંખ્યા વધતી જઈ રહી છે. બુધવારે કોરોનાના ૧૮ નવા કેસ સામે આવ્યા છે. જેમાં ૧૬ તો માત્ર મુંબઈના છે જ્યારે ૨ કેસ પૂણેના છે. આ દરમિયાન મુંબઈની સીએસટી રેલવે પોલીસ સ્ટેશનનો એક કોન્સ્ટેબલ પણ કોરોનાથી સંક્રમિત મળ્યા છે. જે બાદ હાહાકાર મચી ગયો છે.

રેલવે પોલીસના આ કોન્સ્ટેબલને ૩૦ માર્ચે કલ્યાણના રૂકમણી બાઈ હોસ્પિટલમાંથી કસ્તૂરબામાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. હવે તેનું રિઝલ્ટ પોઝિટિવ આવ્યુ છે. સૌથી મહત્વની વાત એ છે કે ૧૫થી ૨૭ માર્ચ સુધી તેમના સંપર્કમાં થાણેના ૩૨ પોલીસ કર્મચારી આવ્યા હતા.

રેલવે પોલીસના સીનિયર અધિકારીઓ અનુસાર અત્યાર સુધી કુલ ૧૧ લોકોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.બાકી લોકો સાથે પણ જલ્દી જ સંપર્ક કરીને તેમને ક્વોરન્ટાઈન કરી દેવામાં આવશે. આ સિવાય કોન્સ્ટેબલ જે સામાન્ય લોકોની સાથે સંપર્કમાં આવ્યો હતો, તેમની ઓળક કરવામાં આવી રહી છે.

ભારતે દક્ષિણ કોરિયાનું મૉડલ અપનાવવું પડશે

ભારત ૬ એપ્રિલથી રેપિડ ટેસ્ટ શરૂ કરશે જે માત્ર ૩૦ મિનિટમાં પરિણામ દર્શાવશે

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસ ના પ્રસારને રોકવા માટે ૨૧ દિવસનું લૉકડાઉન લાગુ છે. દેશમાં અત્યાર સુધી કોરોના સંક્રમણના ૧૨૦૦થી વધુ કેસ સામે આવી ચૂક્યા છે. એવામાં સરકાર અને સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી વ્યાપક પગલાં ભરવામાં આવી રહ્યા છે. કોરોના સામેના જંગમાં ભારતને દક્ષિણ કોરિયાનું મૉડલ અપનાવવું પડશે. તે મુજબ દેશમાં ૨૦૦૦૦ ટેસ્ટ સેન્ટર્સની આવશ્યકતા છે, જેનાથી કોરોના સંક્રમિત લોકોની ઓળખ વહેલી તકે થઈ શકશે.

નોંધનીય છે કે, દક્ષિણ કોરિયા કોરોના સંક્રમણ ફેલાવવાના પ્રારંભિક ચરણમાં એક દિવસમાં ૧૫૦૦૦થી વધુ લોકોની તપાસ કરવામાં સફળ રહ્યું હતું. અત્યાર સુધી ત્યાં લગભગ ૪ લાખ લોકોની તપાસ કરવામાં આવી ચૂકી છે. તેનો અર્થ એ છે કે ત્યાંની સરકાર કોરોના સંક્રમિત લોકોની ઓળખ સરળતાથી કરીને તેમને આઈસોલેશનમાં રાખી શકે છે. તેનાથી ત્યાં સાજા થનારા દર્દીઓની સંખ્યા વધુ છે. દર્દીઓ સાજા થવાની પ્રક્રિયા ઉપલબ્ધ સ્વાસ્થ્ય સેવા પર નિર્ભર કરે છે અને જો સિસ્ટમ અતિશય વુધ સંક્રમણોથી ગ્રસ્ત નથી તો હાલના દર્દીઓ માટે સારી મેડિકલ સુવિધા ઉપલબ્ધ કરાવી શકાય છે.

દિલ્હીમાં કોરિયન એમ્બેસીમાં વરિષ્ઠ ડિપ્લોમેટ અને મંત્રી કાઉન્સિલર યોયો ચાંગ-હોએ જણાવ્યું કે દક્ષિણ કોરિયામાં કુલ ૬૫૦ પરીક્ષણ કેન્દ્ર છે. દેશની ભૌગોલિક સ્થિતિને જોતાં તે પૂરતાં છે. આ બિલકુલ એવું થશે કે જ્યારે ભારતની પાસે દેશભરમાં લગભગ ૨૦ હજાર ટેસ્ટિંગ સેન્ટર હશે. તેઓએ ભાર મૂકીને કહ્યું કે તપાસ કેન્દ્રોના માધ્યમથી પ્રારંભિક ચરણમાં જ મહામારાનો સામનો કરવા માટે સમગ્ર પણે સુધાર માટે વ્યવસ્થાની આવી હોય.

ચીનમાં જંગલોમાં આગ ફાટી નીકળતા ૧૯ લોકોના મોત

સિચુઆના

એક ચીની જંગલમાં લાગેલી વિનાશક આગમાં ૧૮ ફાયર ફાઈટર સહિત ૧૯ જણનાં મોત થયા છે. નૈઋત્ય ચીનના સિચુઆના પ્રાંતમાં આવેલા જંગલમાં ગઈ બપોરે ૩.૫૧ના સુમારે આગ લાગી હતી. ભારે પવનના લીધે એ ઝડપભેર નજીકના પર્વતીય વિસ્તારોમાં ફેલાઈ ગઈ હતી. આગ બુઝાવવાની કામગીરીમાં વ્યસ્ત અગ્નિશમન દળનરા ૧૮ લાશકરો પવનની દિશા એકાએક બદલાતા પોતે જ આગમાં સપડાઈ જઈ ભડથુ થઈ ગયા હતા. તદુપરાંત આ લાશકરોના માર્ગદર્શક બની રહેલા એક ખેતમજૂરનું પણ આગની જવાળાઓમાં મોત થયું હતુ.

આગ બુઝાવવા માટે ૩૦૦ વ્યાવસાયિક લાશકરો અને ૭૦૦ સૈનિકો મદદે ધસી ગયા હતા. આગના કારણની તપાસ થઈ રહી છે. દરમિયાન, આગના એક અન્ય બનાવમાં ચીનના યુનાન પ્રાંતમાં લાગેલી આગને બુઝાવી દેવાઈ છે. એમ સત્તાવાળાઓને એક અલગ રિપોર્ટ દ્વારા કહેતા ટાંકવામાં આવ્યા છે. ગઈ મોડી રાત્રે ૧૧.૩૦ના સુમારે આગની લપકારા મારતી જવાળાઓને બુઝાવી દેવાઈ હતી, એમ નાન્જિઆનના સ્થાનિક સત્તા તંત્રે જણાવ્યું.

સરકારે તબલીગી પ્રવૃતિઓ માટે વિદેશીઓના ટૂરિસ્ટ વીઝા પર પ્રતિબંધ મૂક્યો

ન્યુ દિલ્હી

નિઝામુદ્દીન મરકઝમાં યોજાયેલી ધાર્મિક બેઠકમાં સામેલ કેટલાક લોકોની કોરોના વાયરસથી મોત અને કોરોના ગ્રસ્ત હોવાના કેસો સામે આવતા જ તબલીગી જમાત ચર્ચાનો વિષય બની ગયુ છે. જોકે આ પ્રકરણ ખુલતાની સાથે જ ચોંકાવનારો ખુલાસો એ પણ થયો છે કે, જમાત માટે વિદેશથી આવતા લોકો ટૂરિસ્ટ વીઝા સાથે ભારતમાં આવે છે અને અહીં ધાર્મિક પ્રચારમાં ભાગ લે છે.

આ પ્રકરણ પરથી પડદો ઉઠતાની સાથે જ ભારત સરકારે તબલીગી પ્રવૃતિઓ માટે વિદેશથી આવનારા લોકોને ટૂરિસ્ટ વીઝા ન આપવાનો નિર્ણય લીધો છે. નિઝામુદ્દીન પ્રકરણ ખુલતા જ તબલીગી જમાતના દેશના અન્ય મરકઝોમાં પણ વિદેશીઓ આવ્યા હોવાનો માલૂમ પડ્યુ છે. તેલંગાણાથી લઈને યુપી અને ઝારખંડ સુધી તમામ રાજ્યોની અનેકો મસ્જિદોમાંથી અત્યાર સુધી ૭૦૦થી વધારે વિદેશીઓને પકડી લેવામાં આવ્યા છે. જેમાંથી મોટાભાગના લોકો ટૂરિસ્ટ વીઝા પર ભારતમાં આવ્યા હતા અને અહીં આવીને ધાર્મિક પ્રચારની વૃત્તિમાં સામેલ થયા હતા. આ ખુલાસા પછી ભારત સરકારે જાહેર કર્યુછેકે, ટૂરિસ્ટ વીઝા પર આવેલા લોકો જે મિશનરી પ્રવૃતિઓમાં ભાગ લે છે તેમણે વીઝા નિયમોનો ભંગ કર્યો છે આથી તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

ખેડૂત માટે રૂપાણી સરકારનો મોટો નિર્ણય

ધિરાણની રકમ પરત કરવાની મર્યાદામાં ૨ મહિનાનો વધારો, ૭% વ્યાજ સરકાર ચૂકવશે

ગાંધીનગર

હાલમાં કોરોના વાયરસને કારણે લોક ડાઉન આપવામાં આવ્યું છે. જેને કારણે વેપાર અને ઉદ્યોગ ધંધા બંધ છે. જેને લઈને આજે ગુજરાતનાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પ્રેસ કોન્ફરન્સ કરીને ખેડૂત મંડળી લઈને મોટી જાહેરાત કરી છે. ખેડૂતોના માર્ચ સુધી ધિરાણનું ૭ ટકા વ્યાજ બેંકોને ગુજરાત અને કેન્દ્ર સરકાર ચૂકવશે. સાથે જ ૩૧ મે સુધી ધિરાણની રકમ જમા કરાવવા છૂટ આપવામાં આવી છે. અંદાજે ૨૫ લાખ ખેડૂતોને તેનો ફાયદો થશે. અને સરકારી તિજોરી પર ૧૬૦ કરોડ રૂપિયાનો બોજ પડશે.

ગુજરાતના ડેપ્યુટી સીએમ નીતિન પટેલે આજે પ્રેસ કોન્ફરન્સને સંબોધીને કહ્યું કે, કોરોનાને કારણે વેપાર-ધંદા બંધ પડ્યા છે. ખેડૂતોને ૩૧ માર્ચ સુધી બેંકમાંથી લીધેલું ધિરાણ પાછું આપવાનું હોય છે. તેવામાં સરકારે ધિરાણ જમા કરાવવામાં બે મહિનાનો સમય આપ્યો છે. એટલે કે ૩૧ મે ૨૦૨૦ સુધી ખેડૂતો લોન ભરી શકશે. એટલું જ નહીં, પણ બે મહિનાનું વ્યાજ પણ ગુજરાત અને કેન્દ્ર સરકાર ભોગવશે.

નીતિન પટેલે જણાવ્યું કે, કેન્દ્ર સરકાર ૩ ટકાના લેખે અને ગુજરાત સરકાર ૪ ટકાના લેખે એટલે ૭ ટકા વ્યાજ સરકાર ચૂકવશે. ગુજરાત સરકાર ખેડૂતોના ધિરાણ પાછળ અંદાજે ૩૫ હજાર કરોડ જેટલો ખર્ચો કરે છે. તેવામાં અંદાજે ૨૫ લાખ ખેડૂતોને સરકારની આ જાહેરાતનો લાભ પહોંચશે. તો ૪ ટકાના લેખે વ્યાજ ગણીએ તો આ જાહેરાતથી સરકારી તિજોરી પર અંદાજે ૧૬૦ કરોડ રૂપિયાનો બોજ પડશે.

શહીદ સ્વાસ્થ્ય કર્મચારીનાં પરિવારને મળશે ૧-૧ કરોડ રૂપિયા

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ સામેની જંગમાં દેશની મદદમાં લાગેલા હીરો એટલે કે સ્વાસ્થ્ય કર્મચારીઓ માટે મોટી જાહેરાત કરવામાં આવી છે. દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે આ લડાઈમાં જો કોઈ હેલ્થ સેક્ટરનાં કર્મચારીનો જીવ ગયો તો તેના પરિવારને દિલ્હી સરકાર ૧-૧ કરોડ રૂપિયાની સહાયતા કરશે. આ જાહેરાત સફાઈ કર્મચારી, ડૉક્ટર અને નર્સ માટે હતી.

એલજી સાથે થયેલી બેઠક બાદ દિલ્હી સીએમ અરવિંદ કેજરીવાલે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, કોરોના સામેની લડાઈમાં સહયોગ કરી રહેલા કર્મચારીઓનું દિલ્હી સરકાર સંપૂર્ણ ધ્યાન રાખશે. તેમણે જાહેરાત કરી છે કે લડાઈમાં શહીદ થયેલા કર્મચારીનાં પરિવારને એક-એક કરોડ રૂપિયા આપવામાં આવશે.

કેજરીવાલે કહ્યું કે, "ભલે તે સફાઈ કર્મચારી હોય, ડૉક્ટર હોય કે પછી નર્સ હોય, કોરોના સામેનાં યુદ્ધમાં જો તેમનો જીવ ગયો તો તેમનું સન્માન કરતા તેમના પરિવારને ૧ કરોડ રૂપિયા આપવામાં આવશે. ભલે તે પ્રાઈવેટ હૉસ્પિટલનાં હોય અથવા સરકારી તેનાથી ફર્ક નથી પડતો.

સુપરસ્ટાર પૃથ્વીરાજ સહિત ૫૮ ક્રૂ મેમ્બર જોર્ડનમાં ફસાયા

મુંબઈ

મલાયાલમ ફિલ્મોના સુપરસ્ટાર પૃથ્વીરાજ સુકુમારન પાછલા કેટલાક દિવસથી પોતાની આવનારી ફિલ્મના શૂટિંગ માટે જોર્ડન ગયા હતા. પણ કોરોના પેનડેમિકના કારણે પૃથ્વીરાજ સમેત તેમની ફિલ્મના ૫૮ ક્રૂ મેમ્બર જોર્ડનમાં ફસાઈ ગયા છે. શુક્રવારે નોન રેસિડેન્ટ કેરલાઈટ્સ અફેયર્સ વિભાગે જોર્ડનમાં ભારતીય એમ્બસીથી કોન્ટેક્ટ કરીને આ તમામની તપાસ કરાવી હતી. કેરળના મુખ્યમંત્રીએ નોર્કાના મુખ્ય સચિવથી આ તમામ લોકો અંગેની જાણકારી મેળવી હતી.

કોરોના વાયરસના કારણે દુનિયાભરમાં લોકડાઉન છે. ડોમેસ્ટિકથી લઈને આંતરાષ્ટ્રીય ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે. ભારતમાં



પણ ૨૧ દિવસનું લોકડાઉન છે. ભારત સમેત દુનિયાના અનેક વિસ્તારોમાં સ્થિતિ આવી જ છે. અનેક લોકો વિદેશમાં ફસાઈ પડ્યા છે. તેવામાં જાણીતા સુપરસ્ટાર પૃથ્વીરાજ અને તેમની પૂરી ટીમ પણ જોર્ડનમાં ફસાઈ ગઈ છે. ફિલ્મ ક્રિટિક રમેશ બાલાએ સોશિયલ મીડિયામાં આ મામલે જાણકારી આપી હતી. કેરળ ફિલ્મ ચેમ્બર ઓફ કોમર્સે કેરળના સીએમ અને વિદેશ મંત્રાલયને આ તમામ ઘટનાક્રમ વિષે જાણકારી આપી હતી.

ઉલ્લેખનીય છે કે પૃથ્વીરાજે રાની મુખર્જી સાથે ફિલ્મ અઈયા કરી હતી. જેમાં તે લીડ એક્ટર તરીકે કામ કર્યું હતું. અને લોકોને તેમની એક્ટિંગ ગમી હતી.તમને જણાવી દઈએ પૃથ્વીરાજ સમેત બોલિવૂડ અનેક જાણીતા સિંગર જેવા કે સોનુ નિગમ અને સ્ટાર્સ પણ હાલ વિદેશમાં ફસાયેલા છે. જો કે તે ત્યાં સુરક્ષિત છે.

કોરોના સંકટ

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી, ધારાસભ્ય સહિત તમામ કર્મચારીઓના પગાર પર રોક

અમરાવતી

તેલંગાણા અને મહારાષ્ટ્ર સરકાર જ્યાં એક તરફ સરકારી કર્મચારીઓના પગાર કાપી રહી છે, ત્યાં બીજી તરફ આંધ્ર પ્રદેશમાં જગનમોહન રેડ્ડી સરકારે કોરોના વાઈરસ અને દેશમાં લૉકડાઉનના કારણે સરકારી કર્મચારીઓના પગારને રોકવાનો આદેશ આપી દીધો છે. જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારે પ્રાઈવેટ સેક્ટરને અપીલ કરી થે કે, લૉકડાઉનના કારણે કર્મચારીઓના પગાર ના કાપવામાં આવે.

આ અંગે મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડીએ જણાવ્યું કે, જે સરકારી કર્મચારીઓના પગાર રોકી દેવામાં આવ્યા છે, જેમાં મુખ્યમંત્રી, ધારાસભ્યો, એમએલસી, કોર્પોરેટરો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના ૧૦૦ ટકા પગારને અટકાવવામાં આવ્યો છે.

મહારાષ્ટ્ર સરકારે પણ કોરોના સંકટના કારણે મુખ્યમંત્રીથી લઈને સી-ગ્રેડના કર્મચારીઓ સુધીના તમામ લોકોના માર્ચ મહિનાના પગારમાં કાપ મૂકવાનો આદેશ આપી દીધો છે. જે ૨૫ થી ૬૦ ટકા સુધી હશે. ડી-ગ્રેડના કર્મચારીઓને પગાર કપાતના રાહત આપવામાં આવી છે. મુખ્યમંત્રી સહિત તમામ ધારાસભ્ય અને એમએલસીનો માર્ચ મહિનાનો પગાર ૬૦ ટકા કાપવામાં આવ્યો છે.



તંત્રી લેખ

લોકડાઉન વચ્ચે આસ્થા

દિલ્હીમાં એક ધાર્મિક આયોજન દરમિયાન મોટા પાયે ફેલાયેલા કોરોના વાયરસના કારણે દેશમાં ચિંતાનુ મોજુ ફેલાઈ ગયુ છે. પાટનગરના નિઝામુદ્દીન વિસ્તારમાં લોકડાઉન શરૂ થતા પહેલા ૧૩ અને ૧૫મી માર્ચ દરમિયાન તબલીગી જમાતનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ભારત ઉપરાંત ઈન્ડોનેશિયા, મલેશિયા, સાઉદી અરબ અને કિર્ગીસ્તાનમાંથી આવેલા ૨૦૦૦ કરતા વધારે લોકોએ ભાગ લીધો હતો. આમાંથી આશરે ૧૪૦૦ જેટલા લોકો લોકડાઉન કરવામાં આવ્યા બાદ પણ ત્યાં જ પડ્યા રહ્યા હતા. જેમાંથી કેટલાકને કોરોના અસરગ્રસ્ત તરીકે જાહેર કરવામાં આવ્યા છે. થોડાક દિવસ પહેલા આ તમામ લોકો પોત પોતાના ઘરે પણ ગયા હતા. જ્યાં તેમના કારણે કોરોના વાયરસ ફેલાયો હશે તેની દહેશત પણ વધી ગઈ છે. તેમાંથી તેલંગણાના છ લોકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે અંડમાન અને નિકોબારના કુલ ૧૦ અસરગ્રસ્ત લોકો પૈકી નવ લોકો એ છે જે દિલ્હીના આયોજનમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. સાથે સાથે પરત ફર્યા હતા. લોકડાઉનનો હેતુ છે કે લોકોને જુથને અલગ રાખવામાં આવે. એક જગ્યાએ મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાના કારણે કોરોના વાયરસ વધી જવાનો ખતરો અનેક ગણો વધી જાય છે. ઈટાલીમાં સ્થિતી એટલી ખતરનાક એટલા માટે બની કે ફેબ્રુઆરીમાં મિલાનમાં ચેમ્પિયનશીપ લીગ હેઠળ રમાયેલી એક મેચને જોવા માટે ૪૦ હજાર લોકો એકત્રિત થયા હતા. અહીંથી બિમારીએ જોત જોતામાં સમગ્ર ઈટાલીને પોતાના સકંજામાં લઈ લેતા સ્થિતી બેકાબુ હવે બની ગઈ છે.ભારતમાં કોરોના વાયરસ હજુ સુધી કોમ્યુનિટી ટ્રાન્સમીશનના ઈન્ફેક્શનના રૂપમાં નથી. પરંતુ આ પ્રકારના ધાર્મિક જમાવડાના કારણે ભવિષ્યને લઈને નિશ્ચિત થઈ શકીએ નહીં. લોકડાઉન હેઠળ ધાર્મિક કાર્યક્રમ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા છે. પરંતુ તેને ગંભીરતાથી લેવામાં આવી રહ્યા નથી. પંજાબમાં આ બિમારીના સકંજામાં આવેલા લોકો પૈકી અડધા લોકો એક વ્યક્તિના સંપર્કના કારણે થયા છે. હાલમાં જ ચૈત્રી છઠ્ઠના દિવસે મોટી સંખ્યામાં લોકો એક જગ્યાએ એકત્રિત થયા હતા. મસ્જિદોમાં સામુહિક નમાજ અને મંદિરોમાં સામુહિક પ્રાર્થના જારી છે. કેરળમાં તો એક પાદરીની સામુહિક આયોજન કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. પરેશાની એ છે કે અમારા ત્યાં ધાર્મિક આસ્થા દરેક ચીજ કરતા ઉપર ગણવામાં આવે છે. તેની આગળ કોઈ નિયમોને માનવામાં આવતા નથી. બુદ્ધીજીવી લોકોની વાત પણ સાંભળવામાં આવતી નથી. લોકો માને છે કે ધાર્મિક કર્મ કરતી વેળા મોત આવી જાય તો તેને ભગવાનની ઈચ્છા તરીકે ગણવી જોઈએ. આ વખતે તમામ ધર્મગુરૂઓ દ્વારા સાફ શબ્દોમાં કહ્યુ હતુ કરે લોકોએ ભીડથી બચવાની જરૂર છે. ઘરમાં રહીને જ પુજા પાઠ કરવામાં આવે. પરંતુ જ્યારે રાજનેતા આની ઉપેક્ષા કરે છે ત્યારે સામાન્ય વ્યક્તિ સુધી સંદેશ ખોટો જાય છે. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પોતે લોકડાઉન બાદ અયોધ્યા પહોંચીને પુજા અર્ચના કરીને આવ્યા હતા. જેને ટાળી દેવાની જરૂર હતી. અમે તમામ સમાજને પોતાની આસ્થા કરતા વધારે મહત્વ આપીએ તે જરૂરી છે.

દિલ્હીમાં હાલ તબલીગી જમાત થઈ જેમાં ૨૦૦૦ લોકો સામેલ થયા બાદ હોબાળો

કોરોના મહામારીથી સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થાને મોટો ફટકો પડ્યો છે. વાસ્તવિકતા એ છે કે આજે યુરોપ, ચીન અને અમેરિકાની અર્થવ્યવસ્થા સાથે મોટા ભાગના દેશો જોડાયેલા છે. તમામ દેશોની અર્થવ્યવસ્થા આ દેશો સાથે જોડાયેલી છે. કોઈ એક દેશ જો પ્રભાવિત થાય છે તો બીજા પણ સંકટ આવે તે સ્વાભાવિક છે. ભારતીય અર્થવ્યવસ્થા હાલમાં દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. આવનાર સમયમાં તે ત્રીજા સ્થાન પર પહોંચવાની તૈયારીમાં છે. કોરોનાની આફતે પહેલા ચીનની અર્થવ્યવસ્થાને મોટો ફટકો આપ્યો છે. ચીનમાં લોકશાહી નહીં બલ્કે પ્રમુખશાહી છે. જેથી ત્યાં સરકારના ડંડા જોરદાર રીતે ચાલે છે. ચીને ડંડાની તાકાત પર કોરોના વાયરસને હવે કાબુમાં લેવામાં સફળતા મેળવી લીધી છે. જેમ કે માહિતી મળી રહી છે ત્યાં આર્થિક ગતિવિધી ફરી એકવાર શરૂ થઈ રહી છે. જેના કારણે સમગ્ર વિશ્વમાં એવી શંકા જન્મ લઈ રહી છે કે દુનિયાને યોગ્ય સમય પર ત્રાસદીના સંબંધમાં ચીને માહિતી આપી ન હતી. યુરોપ અને ખાસ કરીને ઈટાલી અને સ્પેનમાં મહામારી મોટા પાયે ફેલાઈ ગઈ છે. ત્યાંની આરોગ્ય વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. આ દેશો પોતાને નિસહાય અનુભવ કરી રહ્યા છે. યુરોપ અને અમેરિકાની આરોગ્ય વ્યવસ્થાને દુનિયાની શ્રેષ્ઠ આરોગ્ય વ્યવસ્થા તરીકે ગણવામાં આવે છે. અમેરિકામાં સ્થિતી હવે ખરાબ થઈ રહી છે. જેથી જોવાની જરૂર છે કે તે પોતાને ગઈ રીતે સુરક્ષિત અનુભવ કરી છે. કઈ રીતે કોરોનાની સામે જંગ લડે છે. ભારતમાં આ બિમારી સતત પગ પેસારો કરી રહી છે.

સરકાર અને લોકો માટે ચિંતા... દેશમાં કોરોના વાહકો કેટલા...? અને કોણ...?

કોરોનાએ સમગ્ર વિશ્વને હચમચાવી નાખવા સાથે ભારત સહિત ૧૮૩ દેશોને ચિતાની ઊંડી ખાઈમાં ધકેલી દીધા છે. તો આર્થિક ખાના ખરાબી પણ સર્જી દીધી છે. અમેરિકાના ટ્રમ્પના જીદ્દી વલણને કારણે અમેરિકામાં કોરોનાગ્રસ્તોનો આક ૧,૭૫,૦૦૦ પહોંચી ગયો છે. જ્યારે ૮૮૬ ના મોત થયા છે. છતાં ટ્રમ્પ લોકઆઉટ જાહેર કરવા તૈયાર નથી.... પરિણામે અમેરિકી પ્રજામાં ટ્રમ્પ પ્રત્યે આક્રોશ વધવા લાગ્યો છે. જે તેમને ભવિષ્યે ખૂણામાં ધકેલી દેશે....! તે નિશ્ચિત છે. આ બધા પાછળ અમેરિકાના રાષ્ટ્રપતિ અને ધનપતિઓ- ઉદ્યોગપતિઓની જમાત છે. તેઓ લોકડાઉન કરવાનુ ઈચ્છતા નથી.... પરંતુ હવે બે લાખ કોરોના ગ્રસ્તોના આક તરફ આગળ વધી રહેલા અમેરિકનોનો મૃતાક પણ વધવા લાગ્યો છે. હવે ફ્ઁઠાર્હ્વુંહ કરે તો કદાચ થોડો ઘણો ફાયદો થાય. પરંતુ ત્યાનુ ટ્રમ્પ તરફી મીડિયા અને ચીનનુ મીડિયા ભારતમાં lockdown પછી ખાવાનું ન મળતા ચાલી જતાં ચિંતામાં મુકાઈ ગયેલા હજારો મજૂરો, વનવાસીઓ, આદિવાસીઓએ વતનની વાટ પકડતા થયા તેના સમાચારો બતાવીને અમેરિકામાં પ્રજાને ટ્રમ્પ ડરાવી રહ્યા છે.... કે જો લોકડાઉન કરવામાં આવે તો અમેરિકામાં પણ લોકો ભાગવા લાગશે. લોકડાઉનથી દૂર રહેવા છતાં અમેરિકાના અર્થતંત્રને અસર થઈ છે... તો જાનહાનિ આંક પણ વધતો જઈ રહ્યો છે. અને પોણા બે લાખ લોકોને કોરોના વાયરસ થયેલાઓમાં રોજેરોજ આંકડો વધતો જઈ રહ્યો છે. દરરોજના ૨૦ હજાર નવા કેસો નોંધાતા જઈ રહ્યા છે. અમેરિકા તમામ રીતે સમર્થ છે છતાં મહામારીમાંથી બચાવવા ટ્રમ્પ નિષ્ફળ ગયા છે. ત્યાં દરેક રાજ્યની માંગ હોવા છતાં lockdown કરવા તૈયાર નથી આ કારણે અમેરિકનોને મોટા પ્રમાણમાં ભોગવવુ પડશે તે સાથે મોટો આર્થિક ફટકો પણ પડશે તે નિશ્ચિત છે.....!

ભારતમાં હવે સાચા અર્થમાં કસોટી શરૂ થઈ છે. કોરોના ગ્રસ્તોનો આંકડો ૧૫૦૦ ને પાર કરી ગયો છે. ૪૬ ના મોત થયા છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ના મોત થયા છે. જોકે ડોક્ટર્સોની ટીમોએ ૧૨૬ જેટલા લોકોને કોરોનાથી ઉગારી લીધા છે... પરંતુ સરકાર માટે ચિંતાની બાબત એ બની રહી છે કે વિદેશથી આવેલા કે જેમા કેટલાક કોરોના ચેપ ધરાવતા હશે તેવાઓને હવે અઠવાડિયે બહાર આવવું જ પડશે. અને આવા નફીકરા કે પોતાના રોગને છુપાવનારાઓને કારણે આરોગ્ય તંત્ર- સરકારી તંત્રનું કામ વધી જશે. આવા લોકો કોને કોને મળ્યા, ક્યા રખડ્યા કે ભટક્યા તેની તપાસ કરીને અનેક લોકોને કવોરેન્ટાઈન કરવા પડશે... તે સાથે ડિસઈન્ફેક્શનની કામગીરી હાથ ધરવી પડશે. મોદીજીએ lockdown કરીને સાચા અર્થમાં દૂરંદર્શીતા વાપરી હતી. પરંતુ ભારતમાં અનેક એવા અબુધ-ભણેલા છતાં ગમાર લોકો છે જેઓ કોરોનાની ભયાનકતાને સમજી શક્યા ન હતા.... અને કોઈપણ બહાને ટહેલવા નીકળી પડતા જે હવે તેના પરિવાર- સમાજ ને માટે ભાર રૂપ બનવા લાગ્યા છે. તો lockdown પહેલા વિદેશથી આવેલાઓ કે પછીથી આવેલાઓ સ્વયં આરોગ્ય તંત્ર સામે આવતા નથી તેવા લોકો આમ પ્રજા અને સરકાર માટે ભારરૂપ છે.... તેનો એક દાખલો પુરતો છે પ્રખ્યાત ગાયીકા સુપર ડોલ બેબી કનીકા કપુર લંડનથી કોરોના લઈને આવ્યા બાદ લખનઉ ખાતે ભવ્ય પાર્ટીમાં હાજરી આપી હતી . ત્યાર બાદ ત્રણેક પાર્ટી યોજાઈ હતી જેમાં અનેકોએ કનીકા સાથે હાથ મિલાવ્યા હતા તો કેટલાકે ગળે પણ લગાવી હતી.આ પાર્ટીમાં વસુંધરારાજે સિંધિયા, દુષ્યંત સિંધિયા, યુપીના આરોગ્ય મંત્રી સહિત અનેક વીવીઆઈપીઓએ ભાગ લીધો હતો... તો સાંસદો અન્ય સાસદોના- પ્રધાનોના સંપર્કમાં પણ આવ્યા હશે, અને યુપી મંત્રી ધારાસભ્યોને, અનેક મંત્રીઓને, નેતાઓ અને લોકોના સંપર્કમાં આવ્યા હશે. કનિકાના ચાર મેડિકલ ટેસ્ટ થયા અને ચારેય પોઝિટીવ આવ્યા છે. ત્યારે આવા વિદેશથી આવનારા પોતાનો રોગ છુપાવી,બેશર્મ બની અન્યોને પણ પોતાનો ચેપ પહોંચાડે છે... આને કનિકા કોરોના બોમ્બ ના કહેવાય તો શું કહેવાય...? એટલે હવે નવા કેસ દેખાવાની શરૂઆત થશે.... જે દેશ માટે ચિંતાદાયક હોઈ શકે.....!

દેશમાં કેવા કેવા નાસમજુઓ કે અડિયલો છે કે કોરોનાની ભયંકરતાને સમજી શક્યા નથી કે માનવા તૈયાર નથી....જેમા આ દેશમાં ફ્ઁઠાર્હ્વુંહ છતાં દિલ્હીમાં નિઝામુદ્દીન ખાતે આવેલ તબલિગી જમાતના મરકઝ... મતલબ આંતરરાષ્ટ્રીય મુખ્ય કેન્દ્ર ખાતે દેશ-વિદેશના અનેક ધાર્મિક સંમેલન યોજ્યું હતું તેમાં આવ્યા હતા. પોલીસ દ્વારા બબ્બે વખત નોટીસ આપવા છતાં કાર્યક્રમ યોજાયો હતો. આખરે કોરોનાનો ફેલાવાને લઈને પોલીસ દ્વારા પંદરસો ઉપરાંત લોકોને બહાર કઢાયા હતા જેમા ૪૪૦ ઉપરાંતને કોરોનાના લક્ષણ દેખાયા હતા. અને ૧૧૨૭ જેટલા ને ક્વોરન્ટાઈન માટે મોકલવામાં આવ્યા હતા. ત્યારે આ કાર્યક્રમમાં હાજરી આપનારા પૈકી દિલ્હીમાં તબલિગી સમાજના ૨૪ જેટલા કેસ પોઝિટિવ આવતા આરોગ્ય તંત્ર ખળભળી ઊઠ્યું છે. તો આ કાર્યક્રમમાં હાજરી આપનાર તેલંગાણાના ૬ અને જમ્મુ-કાશ્મીરમાં એકનું મોત થયું છે. સુરતના ૭૬ જેટલાએ ભાગ લીધો હતો અને ભાવનગર તથા બોટાદ જિલ્લાના ૧૭ જેટલાએ ભાગ લીધો હતો. જેથી તમામ રાજ્યોની સરકારોનું તંત્ર આવા ભાગ લીધેલાઓને શોધવાના કામમાં દોડતું થઈ ગયું છે. ત્યારે પોતાને ધાર્મિક ગણાવતા તબલિગી સમાજના લોકોએ સમાજના હિત માટે દેશના હિત માટે સામેથી સરકાર સમક્ષ આવવું જોઈએ... જેમાં તેમની પોતાની અને સમાજના લોકોની જિંદગીનો બચાવ થઈ શકે.....! પરંતુ અગત્યનો સવાલ લોકોમા ઉઠવા પામ્યો છે કે lockdown ના ૨૦ દિવસ પહેલા અને પછી વિદેશમાં ગયેલા ને કે હવાઈ જહાજ દ્વારા પરત લાવવામા આવેલ તમામની મેડિકલ તપાસ કરવામાં આવી છે ખરી....? કે lockdown પહેલા વિદેશથી પરત ફરેલા સામેથી મેડિકલ ચેકઅપ માટે આરોગ્ય તંત્ર પાસે આવ્યા છે કે કેમ....? કે પછી કનિકાની જેમજ.....!!

વિશેષ અહેવાલ: લાખો મા કાર્ડ ધારકોના હિતમાં રૂપાણી સરકાર મુદ્દતમાં વધારો કરે..

સંવેદનશીલ અને નિર્ણાયક સરકાર પાસેથી લાખો મા કાર્ડ યોજનાના લાભાર્થીઓની છે આશ

કોઈપણ કાર્ડધારક સારવારથી વંચિત ના રહે તેની પણ લેવાવી જોઈએ કાળજી

ગુજરાત સહિત સમગ્ર દેશ સરકારની સાથે ખભે ખભા મિલાવીને કોરોના વાઇરસની સામે યોધ્ધાની જેમ લડી રહ્યાં છે. મોદી સરકારે કોરોના સામેની લડાઈમાં કોરોનાના હરાવવા ૨૧ દિવસનો જે લોકડાઉન જાહેર કર્યું છે તેમાં પણ લોકો સાથ સહકાર આપી રહ્યાં છે. લોકડાઉનને કારણે લોકોને પડતી કે પડનારી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને સરકારે ૩ મહિના સુધી રાશન આપવાનું જાહેર કર્યું છે.માર્ચ મહિનો નાણાંકિય વર્ષનો છેલ્લે મહિનો હોય છે અને તે પૂરો થાય તે પહેલા આઈટી રિટર્ન સહિત જે સરકારી કામ નિપટાવવુ જોઈએ તેની મુદતમાં પણ સરકારે વધારો કરી આપ્યો છે.

રૂપાણી સરકારે જેલમાંથી કેટલાક કેદીઓને પણ કોરોનાથી બચાવવા પેરોલ પર છોડ્યા છે. તેની સાથે સાથે ૩૧ માર્ચના રોજ જે સરકારી સુવિધાઓની મુદત પૂરી થતી હોય તેમાં રાહતો આપી છે ત્યારે ગુજરાત સરકારે પણ ગરીબો અને જરૂરીયાતમંદ લોકો માટે આશિર્વાદ સમાન મા કાર્ડ કે મા અમૃતમ વાતસલ્ય આરોગ્ય કાર્ડની મુદતમાં વધારો કરી આપવાની લાગણી અને માંગણી જોવા મળી રહી છે.

ખાસ કરીને જેની કાર્ડની મુદત ૩ વર્ષની છે અને ૨૦૧૭માં લાભાર્થીઓને આપવામાં આવ્યાં છે અને ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ પૂરી થઇ ગઇ છે એવા ૩ વર્ષની મુદત વાળા કાર્ડધારકો કોઇ કારણોસર લોકડાઉનમાં કાર્ડ રિન્યૂ કરાવી સક્યા નથી તેમની કાર્ડમાં ૩ મહિનાનો વધારો કરવાની જાહેરાત થવી જોઇએ. રિન્યૂ માટે જરૂરી આવકનું પ્રમાણપત્ર કે જેની મુદત પણ ૩ વર્ષની માન્ય ગણાય છે તે આવકનું પ્રમાણપત્ર હાલમાં મેળવવુ શક્ય નથી ત્યારે જે આવક પ્રમાણપત્ર અગાઉ એટલે કે ધારો કે ૨૦૧૭માં જમા કરાવ્યું હોય તેની મુદત પણ વધારવી જોઇ. અને નવુ પ્રમાણપત્ર રજૂ કરે ત્યાંસુધી જુનુ ટલે કે ૨૦૧૭નું આવકપત્ર વધુ સમય સુધી માન્ય ગણાશે એવી પણ જાહેરાત થાય તો વર્તમાન સ્થિતિમાં નવુ પ્રમાણપત્ર મેળવવાની મુશ્કેલીમાં કાર્ડધારકોને રાહત મળી શકે.

મા કાર્ડ હજારો અને લાખો ગરીબો સહિત અન્યોને માટે પણ સંકટ સમયની સાંકળ સમાન છે. સરકારની સફળ યોજનાઓ પૈકીની એક યોજના મા કાર્ડ યોજના છે જેના આધારે કાર્ડધારકને સીવીલ કે ખાનગી હોસ્પિટલમાં પાંચ લાખ સુધીની સારવાર વિના મૂલ્યે ઉપલબ્ધ છે. લાખો કાર્ડધારકો માટે હિતકારી એવા મા કાર્ડ યોજનાની મુદત ૩૧ માર્ચના રોજ પૂરી થઇ ગઇ છે અને સમગ્ર વહીવટી તંત્ર કોરોનાને કારણે લોકડાઉનમાં બંધ છે ત્યારે કાર્ડ ધારકો તેને રિન્યૂ કરાવી શકે તેમ નથી. કેમ કે સરકારે લોકડાઉનમાં લોકોને ઘરોમાં જ રહેવાની સલાહ અને તાકીદ કરી છે.

રાજ્ય સરકારે લાખો મા કાર્ડ યોજનાના એ લાભાર્થીઓ કે જેમને ૨૦૧૭માં કાર્ડ અપાયા છે તેમના હિતમાં તાત્કાલિક નિર્ણય કરીને તેની મુદતમાં વધારો કરવાની જાહેરાત કરવી જોઇએ. જેથી મુદત વીતી ગઇ છે એમ કહીને કોઇ દવાખાનામાં કે કે કોઇ હોસ્પિટલમાં મા કાર્ડ યોજનાના લાભાર્થીઓને સારવારથી વંચિત રહેવુ ના પડે. આરબીઆઇ બેંકોને લોનધારકોને ૩ મહિનાના હમામાં રાહત આપવાનું કહેતી હોય તો રાજ્ય સરકારે પણ કમ સે કમ ૩ મહિના સુધી અથવા સમગ્ર પરિસ્થિતિ થાળે પડે ત્યાં સુધી તેની મુદત વધારાની જાહેરાત સત્વરે કરીને મા કાર્ડ યોજનાના લાભાર્થીઓના આશિર્વાદ મેળવવા જોઇએ.

દુનિયાને યોગ્ય સમય પર ચીને માહિતી ન આપતા તમામ મુશ્કેલમાં

કોરોનાના સામના માટે ખજાનો ખુલ્યો

ભારતમાં પણ કોરોનાએ જોરદાર રીતે પગ પૈસારો કરી દીધા બાદ હવે મોદી સરકાર અને રાજ્યો સામે પડકારો : ૨૦ દિવસ મહત્વપૂર્ણ રહેશે

અમે કઇ રીતે સ્થિતીને કાબુમાં લઇ લેવામાં સફળ રહીશુ તે સમય બતાવશે. આ રીતે આગામી ૨૦ દિવસનો ગાળો મહત્વપૂર્ણ રહી શકે છે. હજુ આ ઉત્સુકતા છે કે અમે આ મહામારીને જનભાગીદારી અને પ્રબળ ઇચ્છાશક્તિના બળ પર કેટલી હદ સુધી રોકી શકીશુ. જો અમે તેના પર કાબુ મેળવી લેવામાં નિષ્ફળ રહીશુ તો તે ભારતીય અર્થવ્યવસ્થાને પણ હચમચાવી શકે છે. ભારકતીય અર્થવ્યવસ્થાની સામે તો પહેલાથી જ કેટલાક



પ્રકારના પડકારો હતા. વૈશ્વિક સ્તર પર ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડ વોરની સ્થિતી હતી. વૈશ્વિકકરણના દોરમાં વિપરિત દેશો પણ પોતાની આંતરિક આર્થિક વ્યવસ્થા પર ધ્યાન આપી રહ્યા હતા. ભારતે આ બાબતને ધ્યાનમાં લઇને જ આરસીઇપીમાંથી પોતાને અલગ રાખવાનો નિર્ણય કર્યો હતો. ફ્રી ટ્રેડ અને આસિયાન દેશોની સાથે સમજુતી પર ફેરવિચારણા શરૂ કરવામાં આવી હતી. બજેટ ૨૦૨૦માં કસ્ટમ ડ્યુટી અને આયાત ડ્યુટીને કેટલીક ચીજો પર વધારી દેવામાં આવી હતી. જેના કારણે અમારા નાના અને મધ્યમ કારોબારીઓને રાહત થઇ છે. ભારત સરકાર જે રીતે વિચારી રહી છે તેના પર વહેલી તકે આગળ વધશે તો મેન્યુફેક્ચરિંગને ટેકો મળી શકે છે. પેટ્રોલિયમ પેદોશની કિંમતો ઘટી રહી છે. જેના કારણે ભારતને રાહત થઇ રહી છે. હાલમાં જરૂર સૌથી નબળા વર્ગના લોકોને રાહત આપવાની રહેલી છે. આવનાર એક બે મહિનામાં તમામ ગરીબ અને દરરોજ મજુરી કરનાર લોકોના ખાતામાં સીધી રીતે રકમ જમા કરવાનો પડકાર છે. સામાન્ય અને ગરીબ લોકોને નિયમિત આવક થાય તે જરૂરી છે. નિયમિત આવક ન થાય ત્યાં સુધી લોકોના ખાતામાં સીધી રીતે પૈસા પહોંચે તે જરૂરી છે. સરકારે તમામ વેતન કર્મચારીઓને વેતન અપાવવાનો નિર્ણય કર્યો છે. કોર્પોરેટ અને વેપાર જગતના લોકોની આ જ સમય મોટી ભૂમિકા રહેલી છે. અલબત્ત વર્તમાન સકંટમાં તેઓ પોતે પણ પડકારરૂપ સ્થિતીનો સામનો કરી રહ્યા છે. તેમને વર્તમાન સમયમાં મજબુત કરવા માટે નાણાંપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા શ્રેણીબદ્ધ જાહેરાત કરવામાં આવી છે. ફાયનાન્સિયલ યર ૨૦૧૮-૧૯ માટે ઇન્કમ ટેક્સ, રિટર્ન ફાઇલ કરવાની તારીખ ૩૦મી જુન કરી દેવામાં આવી છે. મોડેથી રિટર્ન આપવાની સ્થિતીમાં વ્યાજ દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. પહેલા ૧૨ ટકા વ્યાજ આપવાની જરૂર હતી. જેને ઘટાડીને હવે નવ ટકા કરી દેવામાં આવી છે. આધારથી પેન લિન્ક કરવા, વિવાદથી વિશ્વાસ સ્કીમની તારીખ , જીએસટી રિટર્ન ફાઇલ, સબકા વિશ્વાસ સ્કીમની તારીખ વધારી દેવામાં આવી છે. નાણાં પ્રધાન ૧.૭૦ લાખ કરોડના પેકેજની જાહેરાત કરી ચુક્યા છે. નાણાંપ્રધાન કહી ચુક્યા છે કે વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ કોઇને ભુખ્યા રહેવા દેવામાં આવાનાર નથી. હાલમાં ૮૦ કરોડ લાભાર્થીને દર મહિને પાંચ કિલો ઘઉ અને ચોખા મફતમાં મળે છે. આગામી ત્રણ મહિના સુધી તમામને વધારાના પાંચ કિલો ઘઉ પ્રતિ વ્યક્તિ મળનાર છે. પ્રતિ પરિવાર એક કિલો દાળ પણ આપવામાં આવી રહી છે. .



ટીવી પર ફરી આવશે 'શક્તિમાન' અને 'ચાણક્ય'

મુંબઇ

ભારતીય ટેલિવિઝનના ઇતિહાસની સોથી લોકપ્રિય સીરિયલોમાંથી એક રહેલી 'શક્તિમાન' ટીવી પર પરત પરી રહી છે. 'શક્તિમાન' સિવાય ફેમસ સીરિયલ 'ચાણક્ય' અને 'ઉપનિષદ ગંગા' પણ દૂરદર્શન પર પરત ફરી રહી છે. કોરોના વાયરસને કારણે દેશભરમાં લાગુ કરવામાં આવેલા લોકડાઉન દરમિયાન દર્શકો માટે જૂના શો શરૂ કરવામાં આવ્યા છે જેમાં મહાભારત અને રામાયણ પણ સામલે છે.

આ સીરિયલો સિવિયા શાહરૂખ ખાનની સર્કસ અને રંજીત કપૂરની ફેમસ સીરિયલ 'બ્યોમકેશ બક્શી' પણ દૂરદર્શન પર પ્રકાશિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. મુકેશ ખન્નાએ ટ્વિટર પર રવિવારે 'શક્તિમાન'ને ફરીથી પ્રકાશિત કરવાની જાણકારી આપી હતી. 'શક્તિમાન'નું પ્રસારણ ૧ એપ્રિલ ૨૦૨૦ના રોજથી દરરોજ ૧ વાગ્યે ડીડી નેશનલ પર થશે. જ્યારે 'ચાણક્ય' અને 'ઉપનિષદ ગંગા'નું પ્રસારણ ડીડી ભારતી પર કરવામાં આવશે.

'શક્તિમાન'નું પ્રસારણ દૂરદર્શન પર ૧૯૯૭થી ૨૦૦૫ની વચ્ચે થયું હતું. ત્યારબાદ ૨૦૧૧માં 'શક્તિમાન : ધ એનિમેટેડ સીરિઝ' અને ૨૦૧૩માં ટેલીવિધન ફિલ્મ 'હમારા હિરો શક્તિમાન'પણ રિલીઝ થઈ હતી. એવા એહવાલ પ્રાપ્ત થયા છે કે મુકેશ ખન્ના 'શક્તિમાન'ની સીક્વલ પણ લઈને આવશે અને જેના પર લોકડાઉન બાદ કામ શરૂ કરવામાં આવશે.

યુવરાજે આફ્રિદીની સંસ્થાને ટેકો જાહેર કરતાં ચાહકો નારાજ

કોરોના સામે લડવા ભારત-પાકિસ્તાનના ક્રિકેટરો સંગઠિત થયા



મુંબઇ

કોરોના વાઈરસ રોગચાળો ફેલાતા આખું વિશ્વ હાલ સ્થગિત થઈ ગયું છે ત્યારે આ કપરાં સમયમાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા માટે રમતવીરો આગળ આવ્યાં છે અને એમનાથી બનતું દાન આપી રહ્યા છે. ભારતના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહે જરૂરિયાતમંદોને મદદરૂપ થવા માટે પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ આફરિદી સાથે હાથ મિલાવ્યા છે.

યુવરાજ સિંહે આફરિદી અને એની બિનસરકારી સંસ્થા આફરિદી ફાઉન્ડેશનને ટેકો જાહેર કર્યો છે. યુવરાજે ટ્વીટ કરીને લખ્યું છે કે, હાલના કટોકટીભર્યા સમયમાં કમનસીબ લોકોને મદદરૂપ થવા માટે ભેગા થવાની જરૂર છે. ચાલો આપણે પણ થોડીક મદદ કરીએ. હું શાહિદ આફરિદી અને એની સંસ્થા શાહિદ આફરિદી ફાઉન્ડેશને કોવિડ-૧૯ સામેની લડાઈમાં આદરેલી ઉમદા પહેલને મારો ટેકો જાહેર કરું છું. પ્લીઝ ર્ંહ્વકૅીાકૅહિકૅ.ર્ઙ્ઘ પર દાન આપજો.

આ જ રીતે ભૂતપૂર્વ ઓફ્ફ સ્પિનર હરભજન સિંહે પણ આફરિદીની પહેલની પ્રશંસા કરી છે. એણે ટ્વીટ કરીને લખ્યું છે કે માનવતા માટે શાહિદ આફરિદીનું આ મહાન કાર્ય છે. ભગવાનના આપણા સૌની ઉપર આશીર્વાદ રહે, વિશ્વનું કલ્યાણ થાય એવી પ્રાર્થના કરું છું.

શાહિદ આફરિદીએ પણ પોતાને ટેકો આપવા બદલ યુવરાજ સિંહ અને હરભજન સિંહનો આભાર માન્યો છે. આફરિદીની સંસ્થા પાકિસ્તાનમાં આ રોગચાળાને કારણે સૌથી ખરાબ અસરગ્રસ્ત વિસ્તારોમાં ખોરાક, જંતુનાશક દવાઓ તથા અન્ય આવશ્યક ચીજવસ્તુઓ પૂરા પાડી રહી છે.

યુવરાજ સિંહે એક વિડિયો સોશિયલ મિડિયા પર રિલીઝ કરીને જણાવ્યું છે કે આ સમયમાં સાથે રહેવું બહુ જ મહત્ત્વનું છે.

શાહિદ આફરિદીને ટેકો આપવા બદલ જોકે યુવરાજ અને હરભજન ઉપર ભારતમાં અનેક લોકો નારાજ થયા છે. ઘણા નેટયુઝર્સે સોશિયલ મિડિયા પર આ બંને ક્રિકેટરની ટીકા કરતા સંદેશા પોસ્ટ કર્યા છે.

લોકડાઉનમાં ભગવાન જ બિગ બોસ છે: અક્ષય કુમાર



મુંબઇ

કોરોના વાઈરસને કારણે દેશમાં ૨૧ દિવસનું એટલે કે ૧૪ એપ્રિલ સુધી લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આ સમય દરમિયાન લોકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી છે. બોલિવૂડ સેલેબ્સ પણ પોતાની રીતે ચાહકોને જાગૃત કરવાનો શક્ય તેટલો પ્રયાસ કરી રહ્યાં છે. અક્ષય કુમાર સોશિયલ મીડિયાની મદદથી સતત ચાહકો સાથે વાત કરે છે. હાલમાં જ અક્ષય કુમારે એક ઈન્ટરવ્યૂમાં લૉકડાઉનને લઈ વાત કરી હતી. આ સાથે જ લોકડાઉનને કારણે તેણે કઈ રીતે પોતાની વર્કિંગ પેટર્ન ચેન્જ કરી તે વાત પણ કહી હતી.

અક્ષય કુમારે રેડિયો નશા નામના હોમ ટોકિઝ સેગમેન્ટને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું, આ બહુ જ જરૂરી છે કે આપણે બધા જ ઘરે રહીએ. હું થોડાં-થોડાં સમય પર નાના નાના વીડિયો બનાવીને ટાઈમ પાસ કરું છું. તમારો ફોન આવ્યો તે પહેલાં એક વીડિયો કોલ ચાલતો હતો, જેમાં ડિરેક્ટર, રાઈટર તથા હું વાત કરતાં હતાં. અમે વીડિયો કોલ પર જ આખી સ્ક્રિપ્ટ વાંચી હતી. કોઈને ઘરે બોલાવતા નથી, કારણે કે ક્યાંય જઈ શકતા નથી અને ક્યાંય બહાર જવું પણ જોઈએ નહીં.

વધુમાં અક્ષયે કહ્યું હતું, અંગત રીતે મળીને જે વાત થાય છે, તે વીડિયો કોલ પર થતી નથી પરંતુ ટેકનોલોજીનો ફાયદો ઉઠાવવો જોઈએ. તમે સલમાન ખાનનો જે શો આવે છે, તે જોયો છે ને? મારા મતે ભગવાન જ બિગ બોસ છે અને તેમણે જ આપણને ઘરમાં રહેવાનું કહ્યું છે. બિગ બોસ ઈચ્છે તો આપણે ઘરમાં જ રહેવું પડે છે, જે ઘરમાં રહે છે, તે વિનર બને છે.

રામાયણના પ્રસારણ બાદ સ્વરા ભાસ્કરની લોકોએ કરી મંથરા સાથે સરખામણી

મુંબઇ

કોરોના વાયરસથી જંગ જીતવા માટે સરકાર તરફથી દેશમાં ૨૧ દિવસના લોકડાઉનની ઘોષણા કરવામાં આવી છે. લોકોનો કંટાળો દૂર કરવા માટે ૮૦ના દશકમાં પ્રખ્યાત સીરિયલ રામાયણને પુનઃ પ્રસારિત કરવાનો નિર્ણય લીધો. જ્યાં તેનાથી ઘણા લોકોને પહેલાની યાદો તાજા થઈ ગઈ છે. તો ઘણા લોકો તેની મજા પણ લઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પર આ પ્રખ્યાત કાર્યક્રમ બનાવ્યા બાદ મીમ્સ બનાવવાનો સીલસીલો જારી રહ્યો. સવારથી ટ્વિટર પર રામાયણના બે પ્રખ્યાત મહિલા પાત્ર રાની કૈકેયી અને તેમની નોકરાની મંથરા ટ્રેન્ડ કરી રહી હતી.

એક યુઝરે લખ્યું, આજ રામાયણના એપિસોડથી મેં શીખ્યું તે કંઈક આ પ્રકારે છે. જેમ કે કુટનીતી કરનાર લોકોથી દૂર રહો નહીં તો તમે તમારી જાતને વનવાસ આપશો. જ્યારે અન્યએ લખ્યું મેં હંમેશા હનુમાન અને લક્ષ્મણ જેવો સત્ય મિત્ર જોઈતો હતો પરંતુ મને મંથરા અને વિભિષણ મળ્યા. ઘણા લોકોએ તો અભિનેત્રી સ્વરા ભાસ્કરની તુલના મંથરાથી કરતા આજના સમયની મંથરા કહેવાનું શરૂ કરી દીધું.

રામાયણ અને મહાભારતથી શીખ લેતા એક દર્શકે ટ્વીટ કરતા લખ્યું, ૩૧ માર્ચસવારે નવ અને બપોરે ૧૨ વાગ્યે નકારાત્મક લોકો શબ્દ વિચાર દૂર રાખવા જોઈએ મંથરા જેવા, અન્યથા કૈકેયીની જેમ તમે તમારા પરિવારને તબાહ કરી દેશો. કિસ્મત લખેલી હોય છે. પરંતુ વ્યક્તિને મહેનતની જરૂરત પણ છે. જ્યારે ૩૩ વર્ષ પહેલા રામાયણ ટીવી પર આવતી હતી ત્યારે કોઈ વડાપ્રધાને ટીવ પર આવીને એવું ન્હોતું કહ્યું કે ઘરમાં રહો, પરંતુ આખો દેશ ટીવીની સામે બેસી રહેતો હતો. આજકાલના બાળકો ભલે જાણતા ન હોય જ્યારે તમે રામાયણ જોતા હતા. તે શું સમય હતો, એવો માહોલ હતો કે રવિવારની સવારે રસ્તા પર કર્ફ્યુ જેવો માહોલ થઈ જતો હતો.

સૂર્યવંશી અને ફિલ્મ ૮૩એ સૌથી વધુ નુકસાન ભોગવવું પડશે


મુંબઇ

કોરોના વાયરસને લઈ આખી દુનિયા સહિત બોલિવૂડને પણ મોટું નુકસાન થયું છે. રોજ થતું શૂટિંગ બંધ છે અને કેટલીય ફિલ્મોની રીલિઝ તારીખ પણ ટાળી દેવામાં આવી છે. પરંતુ એ વચ્ચે અક્ષય કુમારની સુર્યવંશી અને રણવીર સિંહની ૮૩ ફિલ્મને સૌથી મોટું નુકસાન ભોગવવું પડશે. કહેવામાં આવી રહ્યું છે કે, આ ફિલ્મનું ઈન્શોરેન્સ નથી થયું.

રોહિત શેટ્ટીની સુર્યવંશી ૨૪ માર્ચે રીલિઝ થવાની હતી. પરંતુ કોરોના વાયરસને કારણે અને લોકડાઉનના કારણે પહેલાથી જ ફિલ્મની રીલિઝ અટકાવી દેવામાં આવી છે. આ ફિલ્મોને એટલું તગડું નુકસાન ભોગવવું પડશે, કારણ કે તે હજુ રીલિઝ નથી થઈ. એક ખબર પ્રમાણે વાત કરીએ તો, ઈંશ્યોરેન્સ પોલીસીમાં કહેવામાં આવ્યું છે કે જે ફિલ્મ રીલિઝ નથી થઈ અથવા થિયેટરમાં લગાવવામાં નથી આવી, કોરોના વાયરસને લઈ લોકડાઉનમાં એનુ નુકસાન ભરપાઈ થઈ શકે એમ નથી.

અલાઈન્સ ઈંશ્યોરેન્સનું કહેવું છે કે, નુકસાન તો કવર નહીં થાય, પરંતુ એના ક્લાઈન્ટસ વેડર્સ સાથે વાતચીત કરીને અમુક વસ્તુઓને મેનેજ કરવામાં લાગ્યા છે. શૂટને રિશેડ્યુલ કરવું એક સામાન્ય વાત છે, પરંતુ ફિલ્મની રીલિઝ ડેટ ટાળવી એ એક કોમર્શિયલ કોલ છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસને લઈ સુર્યવંસી અને ૮૩ સિવાય કેટલીય ફિલ્મો પર અસર પડશે.

અમેરિકન સિંગર કૈલી શોર કોરોના વાયરસની ચપેટમાં



લોંસ એંજલ્સ

આખી દુનિયામાં કોરોના વાયરસ ખુબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. લોકો નવી નવી રીતે આ વાયરસના ભરડામાં આવી રહ્યા છે. પાછળના કેટલાક દિવસોમાં અમેરિકામાં આ વાયરસે પોતાનો ગઢ બનાવી લીધો છે અને કેટલીય મોટી મોટી હસતીઓને ભરડામાં લીધી છે. હવે અમેરિકન સિંગર કૈલી શોર પણ કોરોનાના ભરડામાં આવી ગઈ છે અને તેણે સોશિયલ મીડિયા પર દુનિયાને કહ્યું કે તેને કોરોના પોઝિટીવ છે.

કૈલી શોરે પોતાના ટ્વીટર પર લખ્યું કે, હું છેલ્લા ૩ અઠવાડિયાથી ક્વોરંટાઈનમાં હતી અને બસ કરિયાણાનો સામાન લેવા માટે બહાર નીકળી હતી. ત્યારબાદ મને કોરોના પોઝિટીવ આવ્યો અને હું વાયરસની ઝપટમાં આવી ગઈ.

આગળ વાત કરતાં કહ્યું કે, હાલમાં પહેલા કરતાં સારુ અનુભવી રહી છું. પરંતુ એ સાબિત થઈ ચૂક્યું છે કે આ વાયરસ કેટલો ખતરનાક છે. એ જોવું ખરેખર પરેશાન કરી દે છે કે, લોકો આ વાયરસને ગંભીરતાથી કેમ નથી લઈ રહ્યા.

અમેરિકન સિંગરે એક બીજી ટ્વીટમાં લખ્યું કે, પહેલા કેટલાક દિવસ મારા માટે અઘરા હતા. પહેલા મે આવું ક્યારેય મહેસુસ નહોતું કર્યું. મારુ આખુ શરીર તાવમાં હતું અને દુખી રહ્યું હતું. હું પુરી રીતે સ્વાદ વિહીન અને સુગંદ વિહીન થઈ ગઈ છું.

હોલિવૂડના સ્ટાર એન્ડ્રયૂ જેકનું કોરોના વાયરસથી મોત

વોશિંગ્ટન

સ્ટાર વોર્સના અભિનેતા એન્ડ્રયૂ જેકનું મંગળવારે કોવિડ -૧૯ના કારણે તબિયત લથડવાથી મોત થયું છે. ૭૬ વર્ષીય અભિનેતાના એજન્ટ જિલ મેકકુલૂના જણાવ્યા મુજબ, "ચર્ત્સીની એક હોસ્પિટલમાં તેનું મોત થયું હતું. એન્ડ્રયૂ થેમ્સ સૌથી વૃદ્ધ કામ કરતા હાઉસબોટ પર રહેતો હતો, તે મુક્ત હતો પણ તે પત્નીની પ્રેમમાં પાગલ હતો. એક ઉત્તમ બોલી કોચ (કાર્યકારી કોચ) પણ હતા. જેકની પત્ની ગેબ્રિયલ રોજેર્સ તેના પતિના નિધન પર દુઃખ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, "અમે આજે એક માણસ ગુમાવ્યો. એન્ડ્રયુ જેકને કોરોના વાઈરસનું નિદાન ૨ દિવસ પહેલા થયું હતું. તેને કોઈ પીડા ન હતી."

હંગેરીની સ્વિમર બોગ્લાર્કા અને બ્રાઝીલની સ્પોર્ટ્સ ક્લબના અધ્યક્ષ સંક્રમિત

લેંકશાયર ક્રિકેટ ક્લબના અધ્યક્ષ ડેવિડ હોજકિસનું કોરોના વાયરસથી મોત

મેલબર્ન

પાકિસ્તાનના સ્કવોશ પ્લેયર આઝમ ખાન પછી કોરોનાવાઈરસના કારણે રમત જગતમાં બીજું નિધન થયું છે. આ બંને ઘટના ઈંગ્લેન્ડમાં થઈ છે. આ વખતે લેંકશાયર ક્રિકેટ ક્લબના અધ્યક્ષ ડેવિડ હોજકિસે પોતાના જીવ ગુમાવ્યો છે. જોકે લેંકશાયરે પોતાના નિવેદનમાં તેમના મૃત્યુનું કારણ જાહેર કર્યું નથી. જોકે ક્લબના પ્રવક્તાએ કહ્યું કે કોરોનાવાઈરસના કારણે તેમણે જીવ ગુમાવ્યો છે. હંગેરીની સ્વિમર બોગ્લાર્કા કપાસ અને બ્રાઝીલના ક્રુજ્રો સ્પોર્ટ્સ કલબના અધ્યક્ષ જોસ દલાઈ રોચા કોરોના સંક્રમિત છે.

લેંકશાયરના મુખ્યકારી અધિકારી ડેનિયલ ગિડે કહ્યું કે, દોસ્ત ડેવિડ હોજકિસને ગુમાવીને પૂરી રીતે તૂટી ગયો છું. ક્રિકઈન્ફોના રિપોર્ટ મુજબ, હોજકિસ છેલ્લા ૨૨ વર્ષથી ઓલ્ડ ટ્રેફોર્ડમાં સેવા આપી રહ્યા હતા. તે ૧૯૯૮માં લેંકશાયર સાથે જોડાયા હતા અને એપ્રિલ ૨૦૧૭થી ચેરમેન પદ પર કાર્યરત હતા. તેઓ આ પહેલા ઉપ-ચેરમેન પણ રહ્યા હતા.

ઈંગ્લેન્ડ બેટ્સમેન જોસ બટલર વર્લ્ડકપ ફાઇનલની ટી-શર્ટની હરાજી કરશે

લંડન


કોરોના વાયરસ આખી દુનિયામાં કહેર વર્તાવી રહ્યો છે. એવામાં તમામ લોકો આ મહામારી વિરુદ્ધની લડાઈમાં યોગદાન આપી રહ્યા છે. ઈંગ્લેન્ડના બેટ્સમેન અને વિકેટકીપર જોસ બટલરે પણ મદદ કરવાનો નિર્ણય લીધો છે. બટલર આ લડાઈમાં પોતાની કિંમતી ચીજની હરાજી કરી રહ્યો છે. બટલર આઈસીસી વર્લ્ડકપ ૨૦૧૯ની ફાઈનલમાં પહેરેલી પોતાની ટી-શર્ટની હરાજી કરવાનો નિર્ણય લીધો છે.

લોર્ડ્સમાં રમાયેલી વર્લ્ડકપની ફાઈનલમાં ન્યૂઝિલેન્ડને સુપર ઓવરમાં હરાવીને ઈંગ્લેન્ડે પ્રથમવાર વર્લ્ડકપ જીત્યો હતો. બટલરે જ સુપર ઓવરમાં ન્યૂઝિલેન્ડના બેટ્સમેનનને રન આઉટ કરી ટીમને જીત અપાવી હતી. આ ટી-શર્ટની હરાજી ઈબે પર કરવામાં આવશે. હરાજીમાં મળનારી રકમ રોયલ બ્રોમ્પટન અને હૈરીફિલ્ડ હોસ્પિટલને દાન આપવામાં આવશે. આ બંન્ને હોસ્પિટલમાં કોરોના વાયરસના દર્દીઓની સારવાર થઈ રહી છે.

વિરાટ કોહલી સાથે ભાવુક થઈ અનુષ્કા શર્મા, સોશિયલ મીડિયામાં આપ્યો મેસેજ

મુંબઇ

કોરોના વાયરસના કારણે ભારત માં લોકો લોકડાઉનમાં રહી પોતાની જાતને અને પોતાના પરિવારને સુરક્ષિત રાખી રહ્યા છે. જો કે આ પરિવાર સાથે સારો સમય વ્યતિત કરવાનો એક સારો સમય છે. ત્યાં જ બીજી તરફ આ કપરી સ્થિત કેટલાક લોકો માટે જીવતા રહેવું એક સંઘર્ષ બની ગયું છે. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલી અને તેમની પત્ની અને બોલિવૂડ એક્ટ્રેસ અનુષ્કા શર્મા હાલમાં જ તેમના ફેન્સ માટે એક તસવીર શેર કરી છે. અને સાથે જ એક ભાવુક મેસેજ પણ આપ્યો છે.



અનુષ્કા શર્માએ જે તસવીર શેર કરી છે તેમાં તે વિરાટ કોહલી અને તેમના પાળતૂ શ્વાસ સાથે મસ્તી કરી રહ્યા છે. અને બંને ખુબ જ ખુશ દેખાઈ રહ્યા છે. આ તસવીરના કેપ્શનમાં અનુષ્કાએ લખ્યું છે કે "દરેક મુશ્કેલ સમયમાં કંઈકને કંઈ સારું થાય છે. આ સમયે જ્યાં કોરોના વાયરસના કારમે બધુ નિરાશાજનક લાગી રહ્યું છે ત્યારે તેવો પણ કેટલોક સમય છે જેમાં કંઈ સારું થઈ રહ્યું છે. આ સમયે આપણે મજબૂર કર્યા છે કે આપણે વિચારીએ કે ખરેખરમાં આપણા માટે મહત્વનું શું છે. મારા માટે હાલ ખાવું, પીવું, માથે છત અને પરિવારનો સ્વાસ્થય મહત્વનો છે. આ સિવાય જે મળે છે તે બોનસ છે. જેનો હું આભાર વ્યક્ત કરું છું. પણ મને જે મળી રહ્યું છે તેવું પણ કેટલાક પાસે નથી અને આવા લોકો માટે હું પ્રાર્થના કરું છું."

અનુષ્કાએ આગળ કહ્યું કે આ સમયે આપણે ખૂબ જ સારું શીખવ્યું છે. ઘર રહીને અમને તે વાત સમજાય છે કે આપણે કામ અને પોતાની વ્યક્તિગત જીવનથી તાળમેલ બનાવવો જોઈએ. તેવી વસ્તુઓને વધુ મહત્વ આપવું જોઈએ જે આપણા માટે જરૂરી હોય. હું ઈચ્છું છું કે હું વધુને વધુ લોકોની મદદ કરું.

ગાંગુલીએ જેવો મને સપોર્ટ કર્યો તેવો ધોની અને કોહલીએ ન કર્યોઃ યુવરાજસિંહ

ચંડીગઢ

ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર ખેલાડી યુવરાજ સિંહે પોતાના ૧૭ વર્ષના ઈન્ટરનેશનલ ક્રિકેટ કરિયરમાં કેટલાક કેપ્ટનની આગેવાની હેઠળ ક્રિકેટ રમી. ત્યારે હવે યુવરાજ સિંહે જણાવ્યું કે તેના પ્રમાણે સર્વશ્રેષ્ઠ કેપ્ટન કોણ છે. ૩૮ વર્ષના આ પૂર્વ ખેલાડીએ જણાવ્યું કે તે ઘણી વખત સૌરવ ગાંગુલીની કેપ્ટનશીપ હેઠળ રમેલા મેચ અને એ સમયને યાદ કરે છે. આપણે જણાવી દઈએ કે મહેન્દ્ર સિંહ ધોનીની આગેવાની હેઠળ ટીમ ઈન્ડિયાએ ૨૦૧૧માં વર્લ્ડ કપ જીત્યો હતો. જેમાં યુવીએ મહત્વની ભૂમિકા ભજવી હતી. તે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ રહ્યો હતો. મીડિયા રિપોર્ટ મુજબ યુવીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે,મે સૌરવ ગાંગુલીની કેપ્ટન્સી હેઠળ ક્રિકેટ રમી અને તેમણે મને ઘણો સપોર્ટ કર્યો. મને તેમની કેપ્ટન્સી એટલે યાદ છે કારણ કે તેમણે મને ઘણો સપોર્ટ કર્યો. જ્યારે ધોની અને કોહલીએ મને એ પ્રમાણે સપોર્ટ ન કર્યો. નોંધનીય છે કે યુવીએ ભારત માટે ૩૦૪ વન ડે ઈન્ટરનેશનલ મેચ રમ્યા જેમાં ૮,૭૦૧ રન બનાવ્યા. વન ડે કરિયરમાં યુવીએ ૧૪ સદી ફટકારી. ઈન્ટરનેશન ક્રિકેટમાં યુવીના નામે ૬ બોલમાં ૬ છગ્ગા ફટકારવાનો અનોખો રેકોર્ડ પણ છે.

દિલ્હીના ડીસીપી સંજીવ કુમારનું મોટું નિવેદન

આઈએસના આતંકીઓ લોકડાઉન દરમ્યાન પોલીસને નિશાન બનાવી શકે છે

ન્યુ દિલ્હી

આઈએસઆઈએસના આતંકી કોરોના લોકડાઉન દરમિયાન પોલીસને નિશાન બનાવી શકે છે. દિલ્હીના ડીસીપી (સ્પેશ્યલ સેલ)સંજીવ કુમાર યાદવે બુધવારે આ જાણકારી આપી છે. તેમણે કહ્યું કે, આ અંગે હું ઝડપથી શહેરમાં તહેનાત પોલીસકર્મીઓને એલર્ટ કરીશ. કોરોનાના કારણે કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે પોલીસને વિવિધ સ્થળો પર તહેનાત કરવામાં આવી છે.

૨૧ દિવસોના લોકડાઉનની જાહેરાત બાદ દિલ્હીમાં સુરક્ષા વધારી દેવાઈ છે. ઘણા સ્થળો પર પોલીસ બેરિકેડિંગ કરીને લોકડાઉનનું ઉલ્લંઘન કરનારાઓને રોકી રહી છે. આ લોકડાઉન દરમિયાન લોકોને પડી રહેલી મુશ્કેલીને દૂર કરવામાં લાગી ગઈ છે. દિલ્હી પોલીસે ૮ માર્ચે ઈસ્લામિક સ્ટેટ ખુરાસાન પ્રોવિંસ મોડ્યુલ સાથે જોડાયેલા કાશ્મીરી દંપતીની ધરપકડ કરી લીધી હતી. જામિયા નગરથી જહાંજેબ સામી અને હીના બશીર બેગની ધરપકડ કરી લેવાઈ છે. આ શ્રીનગરના રહેવાસી હતા. બન્ને સીએએ વિરુદ્ધ દેખાવનો ઉપયોગ મુસ્લિમ યુવાનોને ભડકાવીને આતંકી હુમલા માટે કરવા માંગતા હતા. પોલીસને આ લોકો પાસેથી ઈલેક્ટ્રોનિક ગેજેટ અને જેહાદી દસ્તાવેજ પણ મળ્યા હતા. આ લોકો અફઘાનિસ્તાનમાં આઈએસકેપીના ટોપ લીડર્સના સંપર્કમાં હતા.

વર્ષ ૨૦૧૯-૨૦માં રોકાણકારોના ૩. ૪૧ લાખ કરોડ સ્વાહા

ન્યુ દિલ્હી

રોકાણકારો નાણાકીય વર્ષ ૨૦૧૯૦-ને યાદ રાખવા નહીં માગે, કેમ કે વીતેલા નાણાકીય વર્ષમાં શેરબજારોમાં ભાગે ઊથલપાથલ જોવા મળી હતી. વીતેલા નાણાકીય વર્ષમાં આ વર્ષે રોકાણકારોને અમેરિકા અને ચીન વચ્ચેનું ટ્રેડ વોર, પીએમસી અને યસ બેંકની ફાઇનાન્શિયલ ક્રાઇસિસ, વૈશ્વિક સ્લોડાઉનને લીધે નબળું પડેલું અર્થતંત્ર અને વર્ષના અંતે કોરોના વાઇરસને લીધે બજારોની અવદશા જોવા મળી હતી. જેથી રોકાણકારોના વીતેલા વર્ષમાં ૪૧ લાખ કરોડ રૂપિયા સ્વાહા થઈ ગયા છે.

જાન્યુઆરી મહિનામાં સેન્સેક્સ અને નિફ્ટી રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા હતા. પણ મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સમાં સતત ઘટાડો નોંધાયો હતો. કોરોના વાઇરસને કારણે વર્ષના અંતે સેન્સેક્સ ૯૦૦૦ પોઇન્ટ અથવા ૨૫ ટકા ઘટ્યો હતો. જ્યારે વર્ષ ૨૦૧૯-૨૦માં નિફ્ટી ૩૦૦૦ પોઇન્ટ અથવા ૨૬ ટકા ઘટ્યો હતો.

સેન્સેક્સમાં સમાવિષ્ટ ૧૦ શેરોએ વર્ષના અંત સુધીમાં સરેરાશ ૧૦.૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ શેરોએ સેન્સેક્સ કરતાં સારું પ્રદર્શન કર્યું હતું. આ બધા શેરોનું માર્કેટ કેપ બે લાખ કરોડથી વધુનું છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં આ શેરો ૩૦ ટકા અને વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૦ ટકા વધ્યા હતા.

આ વર્ષે બીએસઈ મિડકેપ ઇન્ડેક્સ ૩૨ ટકા ઘટ્યો હતો, જે વર્ષ ૨૦૦૮-૦૯માં આવેલી આર્થિક કટોકટી પછી સૌથી મોટો ઘટાડો છે. એ વર્ષે ઇન્ડેક્સ ૫૪ ટકા તૂટ્યો હતો. એ જ રીતે સ્મોલકેપ ઇન્ડેક્સ ૩૭ ટકા ઘટ્યો હતો. આર્થિક મંદીના વર્ષમાં ઇન્ડેક્સનું મૂલ્ય ૫૮ ટકા ઘટી ગયું છે.

મરકજની બેદરકારી વિરુદ્ધ પોલીસ સખ્ત: આયોજકો વિરુદ્ધ મહામારી ફેલાવાનો કેસ દાખલ

ન્યુ દિલ્હી

દિલ્હીના નિઝામુદ્દીન સ્થિત તબલીગી જમાતના મરકજમા થયેલા ધાર્મિક સંમેલનમાં આવેલા લોકોનું ૧૯ રાજ્યોમાં કનેક્શન છે. જમાતમાં સામેલ લોકો જે પરત ગયા તે ૧૯ રાજ્યોમાં ફેલાયેલા છે. તેમાં કોરોનાના લક્ષણો હોઈ શકે છે. એવામાં સરકારે આયોજકો વિરુદ્ધ મહામારી ફેલાવાનો ગુનો લાગુ પાડ્યો છે.

દિલ્હીના નિઝામુદ્દીન સ્થિત તબલિગી જમાતના મરકજ મામલામા ક્રાઈમ બ્રાંચે કાર્યવાહીની તૈયારીઓ કરી છે અને આયોજકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. દિલ્લીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલે મંગળવારે પોલીસને કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.

આ પહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ આયોજકો વિરુદ્ધ કેસ નોધાવા માગ કરી હતી. દિલ્હી પોલીસના ક્રાઈમબ્રાંચે મોલાના સાદ અને અન્ય તબલીગી જમાતના લોકો પર સરકારી નિર્દેશોના ઉલ્લંઘન તેમજ મહામારી રોગ અધિનિયમ ૧૮૯૭ હેઠળ ઈન્ડિયન પિલન કોડ ૨૬૯,૨૭૦ અને ૧૨૦ બી મુજબ કેસ દાખલ કર્યો છે.

ઈન્ડિયન પિનલ કોડ મુજબ ધારા ૨૬૯ મુજબ જીવન સંકટમાં નાખવા, ૨૭૦ મુબ એવું બિન જરૂરી કામથી લોકોનું જીવન સંકટમાં આવે અને ધારા ૨૭૧ મુજબ સરકારે બનાવેલા નિયમોનો જાણી જોઈને અવમાનના કરવા તેજ ૧૨૦ બી મુજબ અપરાધિક મામલો ઘડવાનો પ્લાન કરવાનો ગુનો નોંધાયો છે. આ સિવાય સરકારી નિયમોની ઘોર અવહેલના કરવાથી લઈને મહામારી રોગ અધિનિયમ ૧૮૯૭ મુજબ પણ કેસ દાખલ કર્યો છે.

કોરોનાઃ પીએમ કેર્સ ફંડમાં દાન આપવા પર ૧૦૦ ટકા ટેક્સમાંથી છૂટ

ન્યુ દિલ્હી

સરકારે કોરોના વાઇરસના સંકટ સામે લડવા માટે પીએમ-કેયર ફંડમાં દાનની રકમમાં ૧૦૦ ટકા ઘટાડાની જાહેરાત માટે વટહુકમ બહાર પાડ્યો છે. આ સંકટ દરમિયાન કરદાતાઓ અને ઉદ્યોગપતિઓને આવકવેરા, જીએસટી, કસ્ટમ્સ અને એક્સાઇઝ ટેક્સ રીટર્ન ભરવા આવકવેરામાંથી છૂટ મેળવવા માટે વિવિધ રોકાણો અને ચૂકવણીઓમાં રાહત આપાવવા જેવા તમામ ઉપાયો કાયદાકિય રીતે અમલીકરણ કરવા માટે સરકારે વટહુકમ કર્યો છે.

રાષ્ટ્રપતિએ કરવેરા અને અન્ય કાયદાકિય (વિવિધ જોગવાઈઓમાં રાહત) વટહુકમ ૨૦૨૦ને મંગળવારે મહોર મારી દીધી છે. આ વટહુકમના માધ્યમથી પીએમ-કેયર ફંડમાં આપવામાં આવેલા દાનની એ જ પ્રકારે ૧૦૦ ટકા છૂટ આપવાની જોગવાઈ કરવામાં આવી છે, જે છૂટ પ્રધાનમંત્રીના રાષ્ટ્રીય રાહત ભંડાળમાં મળે છે.

એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ અર્થમાં, પીએમ કેયર્સ ફંડમાં આપવામાં આવેલા દાન પર આવકવેરા કાયદાની કલમ ૮૦જી હેઠળ ૧૦૦ ટકા ટેક્સમાં છૂટ આપવામાં આવશે.

અજિત દોવાલ રાતે બે વાગ્યે મરકાઝ ખાલી કરાવવા પહોંચ્યા

ન્યુ દિલ્હી

કોરોનાના જોખમના કારણે દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં આવેલા તબલીગી જમાતના મરકઝને ખાલી કરાવતા પોલીસને આંખે પાણી આવી ગયા હતા.

આયોજકો કોઈ પણ સંજોગોમાં મરકઝ ખાલી કરાવવા માટે તૈયાર નહોતા. મસ્જિદના મૌલના સાદ દિલ્હી પોલીસ અને બીજી સુરક્ષા એજન્સીઓના આગ્રહને ગણકારી નહોતા રહ્યા ત્યારે ખુદ નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજીત દોવાલને મધરાતે ત્યાં પહોંચવુ પડ્યુ હતુ.

મીડિયા રિપોર્ટ પ્રમાણે ખુદ અજીત દોવાલે મધરાતે બે વાગ્યે નિઝામુદ્દીન પહોંચીને મૌલના સાદને મનાવ્યા હતા ત્યારે મરકઝ ખાલી કરવા માટે તેઓ તૈયાર થયા હતા.

જમાતનો તાલિબાની ગુનો માફીને લાયક નથીઃ મુખ્તાર અબ્બાસ નકવી

ન્યુ દિલ્હી

તબલીગી જમાતના નિઝામુદ્દીન મરકજની ગતિવિધિઓમાં સામેલ થયેલા ઘણા લોકોને કોરોના વાયરસના ચેપનો શિકાર બન્યા છે. જેને લઈને કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ આકરી પ્રતિક્રિયા આપી છે. તબલીગી જમાત પર આરોપ લાગી રહ્યો છે કે તેની બેદરકારીથી હજારો લોકોમાં કોરોના વાયરસના ચેપનો ખતરો ઊભો થયો છે. નકવીએ તબલીગી જમાતની આકરી ટીકા કરતા કહ્યું છે કે તેમણે તાલીબાની ગુનો કર્યો છે અને તેમનું પાપ માફીને લાયક નથી.

નકવીએ ટિટ કયુ છે, તબલીગી જમાતાનો તાલીબાની ગુનો.. આ બેદરકારી નથી, ગંભીર ગુનાહીત હરકત છે. યારે સમગ્ર દેશ એકજૂટ થઈને કોરોનાથી લડી રહ્યો છે તેવામાં આવા ગંભીર ગુનાને માફ કરી શકાય નહીં.

નકવીએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટસ પર મુસ્લિમ ધાર્મિક નેતાઓના સંદેશ પણ પોસ્ટ કર્યા છે. આ સંદેશમાં ધાર્મિક નેતા લોકોથી અપીલ કરી રહ્યા છે કે વાયરસને કાબૂમાં કરવા માટે લોકડાઉન અને બીજા આદેશોનું કડકાઈથી પાલન કરે.

લૉકડાઉનમાં ગૃહિણીઓને રાહતઃ એલપીજી સિલિન્ડરમાં ૬૧ રૂપિયાનો ઘટાડો

ન્યુ દિલ્હી

લૉકડાઉનની વચ્ચે ગૃહિણીઓને મોટી રાહત મળી છે, એલપીજી સિલીન્ડરના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ઈન્ડેનની વેબસાઇટ પર આપવામાં આવેલી માહિતી અનુસાર દિલ્હીમાં ૧૪.૨ કિલો નૉન સબ્સિડીની કિંમત હવે ૭૪૪ રૂપિયા થઈ ગઈ છે.

પહેલા દિલ્હીમાં આ સિલીન્ડર ૮૦૫.૫૦ રૂપિયાના ભાવમાં મળી રહ્યો હતો, આ પ્રમાણે દિલ્હીમાં નૉન સબ્સિડી સિલીન્ડર ૬૧.૫૦ રૂપિયા સસ્તો થયો છે.

આ પ્રમાણે હવે નૉન સબ્સિડી સિલીન્ડરની કિંમત કોલકત્તામાં ૭૭૪.૫૦ રૂપિયા, મુંબઈમાં ૭૧૪.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૭૬૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે. જે ક્રમશઃ ૮૩૯.૫૦ રૂપિયા, ૭૭૬.૫૦ રૂપિયા અને ૮૨૬ રૂપિયા હતો.

આ સતત બીજો મહિનો છે, જ્યારે એલપીજીની કિંમતો ઘટી છે, છેલ્લે ફેબ્રુઆરીમાં એલપીજીના ભાવ વધ્યા હતા. ત્યારે દેશની રાજધાની દિલ્હીમાં ૧૪ કિલોગ્રામના ગેસ સિલીન્ડરના ભાવ ૧૪૪.૫૦ રૂપિયા વધી ગયો હતો. કોલકત્તામાં ૧૪૯ રૂપિયા, મુંબઈમાં ૧૪૫ રૂપિયા અને ચેન્નાઈમાં ૧૪૬ રૂપિયાનો વધારો થયો હતો.

ભારતીય મૂળની વાઈરોલોજિસ્ટ ગીતા રામજીનું દ.આફ્રિકામાં કોરોનાથી મોત

જોહાનિસબર્ગ

દક્ષિણ આફ્રિકામાં રહેતા ભારતીય મૂળના જાણિતા વાઈરોલોજિસ્ટ ગીતા રામજીનું કોરોના વાઈરસથી સંક્રમણ થવાથી મોત થયું છે. ગીતા કેટલાક દિવસ પહેલા લંડનથી પરત આવી હતી. દક્ષિણ આફ્રિકા મેડિકલ રિસર્ચ કાઉન્સિલના અધ્યક્ષ ગીતા કોરોનાથી સંક્રમિત હતા તેવો દાવો કરવામાં આવે છે. જોકે, હજુ તેમનો મેડિકલ રિપોર્ટ આવ્યો નથી. દક્ષિણ આફ્રિકામાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસને લીધે ૫ વ્યક્તિના મોત થયા છે.

આફ્રિકાના ક્વાજુલુ નતાલમાં રહેતી ૬૪ વર્ષિય ગીતા દક્ષિણ આફ્રિકન મેડિકલ રિસર્ચ કાઉન્સિલમાં એચઆઈવી પ્રિવેન્શન રિસર્ચ યુનિટની ડાયરેક્ટર હતી. વેક્સિન સાયન્ટીસ્ટ ગીતાને ૨૦૧૮માં યુરોપિયન ડેવલપમેન્ટ ક્લિનિકલ ટ્રાયલ્સ પાર્ટનરશિપ્સ તરફથી આઉટસ્ટેન્ડિંગ ફિમેલ સાયન્ટીસ્ટનો એવોર્ડ મળ્યો હતો.

રિસર્ચ કાઉન્સિલની પ્રેસિડેન્ટ અને સીઈઓ ગ્લેન્ડા ગ્રેએ કહ્યું છે કે પ્રોફેસર ગીતા રામજીનું મોત મહામારીને લીધે થયું છે. તેમના અવસાનના સમાચાર સાંભળીને ખૂબ જ દુખ થયું છે. આફ્રિકામાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૩૫૦ થઈ છે.સંક્રમણને અટકાવવા માટે સરકારે ઘરે-ઘરે જઈ લોકોની તપાસ કરી રહી છે અને આ માટેની ટીમની સંખ્યા વધારીને ૧૦ હજાર કરી દીધી છે.

કોરોના વિરુદ્ધ જંગઃ કર્ણાટકના મુખ્યમંત્રીએ એક વર્ષનો પગાર દાનમાં આપ્યો

બેંગ્લુરુ

કર્ણાટકના મુખ્યપ્રધાન બી એસ યેદીયુરપ્પાએ બુધવારે જાહેરાત કરી હતી કે, તેઓ મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી કોવિડ-૧૯ સામે ઝઝૂમી રહેલા લોકોની મદદ માટે દાન એક વર્ષનો પગાર દાન કરશે. તેમણે મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો, અધિકારીઓ અને નાગરિકોને પણ અપીલ કરી હતી કે, તેઓ રાજ્ય પણ સરકારને કોરોના વાઈરસરૂપી જોખમ સામે લડવામાં મદદરૂપ બને.

આ ઉપરાંત ટ્વીટ કરતાં તેમણ કહ્યું હતું કે, "આ ખૂબ જ મુશ્કેલ સમયમાંથી આપણે બધા જ પસાર થઈ રહ્યા છીએ.

નિફ્ટી ૪ ટકા ગબડીને ૮૨૫૩ નજીક સેટલ

શેરબજારમાં કડાકોઃ સેન્સેક્સ ૧૨૦૦ અંક તૂટી ૨૮૨૬૫ની સપાટીએ

મુંબઈ

મંગળવારે વેચવાલીને પગલે દિવસભરની વધઘટ બાદ અંતિમ સેશનમાં ભારતીય શેર માર્કેટ ગગડીને સેટલ થયા છે. બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧,૨૦૩ પોઈન્ટ અથવા ૪.૦૮ ટકા પટકાઈને ૨૮,૨૬૫ નજીક સેટલ થયો છે. જ્યારે નિફ્ટી ૫૦ આંક પણ ૩૪૩ પોઈન્ટ અથવા ૪ ટકા ગગડીને ૮,૨૫૩ નજીક સેટલ થયો છે.

ઉપરાંત, બેંક નિફ્ટની વાત કરીએ તો ઈન્ડેક્સ અંતિમ સેશનમાં ૯૩૫ પોઈન્ટ પટકાઈને ૧૮,૨૦૮ નજીક બંધ આવ્યો છે. જ્યારે બીએસઈ પર મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૨.૧૮ ટકા અને ૧.૦૬ ટકા ઘટીને સેટલ થયા છે. બીએસઈ પર લગભગ તમામ સેક્ટર્સમાં આજે મંદ વલણ જોવા મળ્યું છે. આ સાથે નવા નાણાકીય વર્ષના પહેલા જ દિવસે માર્કેટ પર કોરોનાની કાળી છાયા દેખાઈ છે.

ગ્લોબલ માર્કેટની વાત કરીએ તો એશિયન માર્કેટમાં પણ અંતિમ સેશનમાં કડાકો જોવા મળ્યો. જાપાન નિક્કી ૪.૫ ટકા ગગડીને સેટલ થયો. જ્યારે સિંગાપોર શેર માર્કેટ અને હોંગકોંગનો હેંગસેંગ ૨-૨ ટકાથી વધુ જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી ૩ ટકાથી વધુના કડાકા સાથે સેટલ થયા. ચીનનો શંઘાઈ કંપોઝિટ અને ઈન્ડોનેશિયાના જકાર્તા શેર માર્કેટમાં મંદ વલણ જોવા મળ્યું.

મંગળવારે અમેરિકાના બજારોની સાથે વિશ્વભરના ઘણા બજારોમાં ઘટાડો જોવા મળ્યો. ડાઉ જોન્સ ૧.૮૪ ટકા ઘટાડાની સાથે ૪૧૦.૩૨ અંક ઘટીને ૨૧૯૧૭.૨૦ પર બંધ થયો હતો. જ્યારે અમેરિકાના બીજા બજાર નેસ્ડેક ૦.૯૫ ટકા ઘટાડાની સાથે ૭૪.૦૫ અંક નીચે ૭,૭૦૦.૧૦ પર બંધ થયો હતો. બીજી તરફ એસએન્ડપી ૧.૫૦ ટકા ઘટાડાની સાથે ૪૨.૦૬ અંક ઘટીને ૨૫૮૪.૫૯ પર બંધ થયો હતો. જોકે ફ્રાન્સની ઝછઝ ૪૦૦.૪૦ ટકા વધારાની સાથે ૪,૩૯૬.૧૨ અંક પર બંધ થયો હતો. જ્યારે ચીનનો શંઘાઈ કમ્પોઝિટ ૧૯.૭૪ અંકની તેજીની સાથે ૨,૭૭૦.૦૪ અંક પર બંધ થયું હતું.

૨ વર્ષ સુધી કોરોના દર્દીઓને બાકી લોકોથી અલગ રાખવાના

એપ્રિલ સુધીમાં આવી શકે છે વાયરસની બીજી લહેરઃ ચીની વૈજ્ઞાનિકોની ચેતવણી

બેઈજિંગ

ચીનમાં કોરોના વાયરસની અસર ઓછી થતી જોવા મળી રહી છે. ચીન પોતાના શહેરોમાં લોકડાઉન પણ હટવી રહ્યુ છે. કારણ કે, છેલ્લા ઘણા સમયથી લોકો પોતાના ઘરની બહાર પણ નીકળી શક્યા નથી, જેથી હવે તેઓ બહારની હવામાં શ્વાસ લઈ શકે. લગભગ ૬૦ દિવસ બાદ ચીનમાં આ બધા જ પ્રતિબંધ હટતા જોવા મળી રહ્યા છે, પરંતુ હજુ પણ વૈજ્ઞાનિકોની સામે એક મોટો પડકાર છે કે, ક્યાંક ચીનમાં કોરોના વાયરસ બીજી વખત હુમલો ન કરી દે.

સાયન્સ મેગેજીન નેચરના હોંગકોંગ યૂનિવર્સિટીના મહામારી વિશેષજ્ઞ વેલ કાઉલિંગનું કહેવુ છે કે, આ સમય લોકડાઉનમાંથી મુક્તિ અને થોડો આરામ કરવાનો છે, પરંતુ એ વાત પાક્કી છે કે, કોરોના વાયરસની બીજી લહેર જરૂર આવશે. કારણ કે, શંકા છે કે, કોરોનાની લહર એપ્રિલના અંત સુધીમાં એક વખત ફરી ચીનને પોતાની ઝપેટમાં લઈ લેશે.

બેન કાઉલિંગે જણાવ્યુ કે, કોરોના વાયરસ હુબેઈ પ્રાંતના વુહાન શહેરમાંથી નિકળીને સમગ્ર ચીન અને બાદમાં યૂરોપીય અને અમેરિકા જેવા દેશ સુધી ફેલાઈ ગયો છે. સમગ્ર દુનિયામાં પરિવહન પર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. વધુમાં તેમનું કહેવુ છે કે, યૂરોપની સારવારની પદ્ધતિ જોઈને લાગી રહ્યુ છે કે, તેમને લગભગ ૨ વર્ષ સુધી કોરોના દર્દીઓને બાકી દેશના લોકોથી અલગ રાખવા પડશે. ત્યારે જ આ દેશ પોતાના લોકોને બચાવી શકશે.

બેને જણાવ્યુ કે, હવે ચીનને બધા જ પ્રાંતમાં ફરીથી ટેસ્ટિંગ કરવી જોઈએ. જેથી તે જાણ થઈ શકે કે, હજુ પણ કેટલા લોકો કોરોના વાયરસની જકડમાં છે? કેટલા લોકો આ વાયરસથી સાજા થઈ ગયા છે? કેટલા લોકોમાં હલ્કા-ફુલ્કા લક્ષણો છે જેથી તેઓ ફરીથી બીમાર થઈ શકે. આ તૈયારી બીજી લહરથી બચાવશે.

અમદાવાદ કોરોનાનું પહેલા પાનાનું ચાલું

છે અને ૬ દર્દીઓ સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે. જો કે રાહતરૂપ એ બાબત છે કે રાજયમાં કોરોનાથી મરનારાઓની સંખ્યા ૬ પર જ સ્થિર છે. સરકાર માટે તે એક સંતોષજનક બાબત પણ કહી શકાય.

રાજ્યના આરોગ્ય સચિવે લેટેસ્ટ આંકડા વિશે માહિતી આપતા જણાવ્યું કે, ગુજરાત રાજયમાં ૧ એપ્રિલના રોજ નવા ૮ પોઝિટિવ કેસ સામે આવ્યા અને બધા જ અમદાવાદના છે. જેમાં એક ૫૨ વર્ષના પુરુષ તેમની આંતર રાજય પ્રવાસ કર્યો હતો. બીજા એક ૧૮ વર્ષના યુવાન છે, જેઓએ આંતર રાજય પ્રવાસ કર્યો હતો. એક ૪૫ વર્ષના મહિલા છે, જેઓએ પણ આંતર રાજય પ્રવાસ કર્યો હતો. ચોથા દર્દી ૬૫ વર્ષની મહિલા છે, જેઓએ લોકલ ટ્રાન્સપોર્ટ કર્યો હતો. ૬૧ વર્ષના એક દર્દીએ આંતરરાજય પ્રવાલસ કર્યો હતો. તો અન્ય એક ૬૪ વર્ષના પુરુષે વિદેશ પ્રવાસ કર્યો છે. આ તમામનો કેસ પોઝિટિવ આવ્યો છે. આમ, ગુજરાતમાં કુલ પોઝિટિવ કેસ ૮૨ થયા છે.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કુલ મૃતકોનો આંકડો વધ્યો નથી. મૃતકોની સંખ્યા ૬ છે. કોઈને પણ કોરોના જેવા લક્ષણ હોય તો ૧૦૪ નંબર ઉપર ફોન કરવા અપીલ કરવામાં આવી છે. વિદેશ ટ્રાવેલ કરીને આવ્યા હોય એમના કોન્ટેક્ટમાં હોય તો પણ આ હેલ્પ લાઈન નંબર ઉપર માહિતી આપવા અપીલ છે. હાલ વેન્ટિલેટર ટ્રેનિંગ પ્રોગ્રામ શરુ કરવાની રાજ્યના આરોગ્ય વિભાગને ફરજ પડી છે. મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફને ટ્રેનિંગ આપવામાં આવશે.

અમદાવાદ, રાજકોટ સહિત આ ટ્રેનિંગ પ્રોગ્રામ ચાલશે. વેન્ટિલેટર માટે ૩૦૦૦ ઓપરેટર જોઈએ છે. હેલ્પ લાઈન નંબર ૧૧૦૦ પર ૩૬૬ જેટલા કોલ આવ્યા હતા. મોટાભાગના કોલ મેન્ટલ હેલ્થ સાથે જોડાયેલા પ્રશ્નના આવ્યા છે. ૧૭૩ કોલ શારીરિક તકલીફ સંદર્ભે આવ્યા છે. રાજ્ય માટે દ્વલ્પ માસ્ક સહિત ૭૫ લાખ માસ્કનો ઓર્ડર આપવામાં આવ્યો છે. હાલ રાજ્યમાં દવાનો જથ્થો પણ પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે.

કોરોનાને કારણે કટેલા લોકો આઈસોલેટ થયાં છે કે પોતાને અલગ કર્યા છે તેની માહિતી પર નજર નાંખીએ તો, રાજ્યમાં ક્વૉરન્ટીનની સંખ્યા ૧૯૨૦૬ છે. જેમાંથી ૧૮૪૮૭ હોમ ક્વૉરન્ટીનમાં છે. ૭૪૩ સરકારી ક્વૉરન્ટીન અને ૨૫૩ ખાનગી સુવિધામાં ક્વૉરન્ટીન છે. રાજ્યમાં કુલ ૧૫૮૬ લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૮૨ પોઝિટિવ, ૧૫૦૧ નેગેટિવ આવ્યા છે. જ્યારે ૩ ટેસ્ટ પેન્ડિંગ છે.

કોરોનાથી વિશ્વમાં પહેલા પાનાનું ચાલું

અહીં ૧૨ હજારથી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ પાંચ હજાર ૭૯૨ થઈ ગઈ છે. અહીં ૧૫૭૨૯ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે.

કોરોના વાઈરસની મહામારીમાં યુરોપનો બીજો સૌથી વધારે પ્રભાવિત દેશ સ્પેન છે. અહીં પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ પહોંચવા આવી છે. હાલ કેસ ૯૫૯૨૩ છે. અહીં મૃતૃઆંક ૮૪૬૪ થયો છે.

ખેડા જીલ્લાના મહેમદાવાદ શહેરમાં જુદી જુદી સેવાભાવી સંસ્થાઓ તરફથી જમવાનું મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરાઈ



હાલ દુનીયાના મોટા ભાગના દેશો કોરોના વાયરસની ચમેટમાં આવી ગયા છે.આવા ભયંકર વાયરસને સંપૂર્ણ પણે અંકુશમાં લેવા માટે ભારત દેશના માનનીય વડા પ્રધાન નરેન્દ્રમોદી દ્વારા ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરવામાંમા આવેલ છે. આવી પરીસ્થિતી માં રોજ બરોજ મહેનત કરી પોતાના પરીવારનું ગુજરાન કરતા લોકોની હાલત નાજુક થયેલ છે. સરકાર તરફથી કલમ ૧૪૪ અને કલમ ૧૮૮ લાગુ કરવામાં આવેલ હોવાથી મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગની આવક સંપૂર્ણપણે બંધ થઈ ગયેલ હોવાથી પોતાના પરીવારનું ગુજરાન ચલાવવું મોટી મુશ્કેલી ઉભી થઈ છે. ત્યારે આવી પરીસ્થિતીમાં ખેડા જીલ્લાના મહેમદાવાદ શહેરમાં જુદી જુદી સેવાભાવી સંસ્થાઓ તરફથી બે ટાઈમ જમવાનું મળી રહે તેવી ડોર ડીલીવરીની વ્યવસ્થા કરેલ છે.

સમગ્ર ભારત દેશમાં લોકડાઉનની પરીસ્થીતી તેમજ સરકાર તરફથી કલમ ૧૪૪ અને કલમ ૧૮૮ લાણું કરેલ કાયદાને ધ્યાનમાં રાખીને ખેડા જીલ્લા ના મહેમદાવાદ શહેરમાં વહોરા સોસાયટીના તમામ મુસ્લીમ સમાજની એકતા અને સાથ સહકારથી સાથે કે.જી.એન.ગ્રુપ તરફથી ૨૧ દિવસના લોકડાઉન રહે ત્યાં સુધી સાંજનું જમવાનું ગરીબો સુધી પહોચતું કરવાનું કામ શરૂ કર્યું છે. જેમાં કોઈપણ જાતના ભેદભાવ વગર તમામ જાતીના લોકોને એક ટાઈમનુ જમવાનું મળે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. અને દરરોજ-૫૦૦ થી ૭૦૦ વ્યક્તી ઓને ડોર ડીલીવરી કરી ભોજન પહોચાડવાની કામગીરી કરવામાં આવે છે. આ પરીસ્થીતીમાં ખેડા જીલ્લાના જંગે ગુજરાતના બ્યુરો ચીફ ઈરફાન વહોરા સાથે કે.જી.એન. ગુપ અને વહોરા સોસાયટીમાં રહેતા મુસ્લીમ સમાજની રૂબરૂ મુલાકાત લીધી હતી જેમાં તેઓનું કહેવું કે આવી નાજુક પરીસ્થીતીમાં મેંમદાવાદ શહેર મામલતદાર અને પોલીસનો પુરે પુરો સાથ સહકાર મળી રહેલ છે.

રાજ્ય સરકાર દ્વારા વીજ બીલ ભરવાની તારીખ ૧૫ મેં સુધી લંબાવાઈ

ગાંધીનગર

રાજયના ઉર્જા મંત્રી સૌરભ પટેલે વીજ યુનિટને લઈને BPL કાર્ડધારકોના કુટંબના પરિવાર માટે મોટી જાહેરાત કરી છે. જેમાં સૌરભ પટેલે જાહેરાત કરતાં કહ્યું કે માસિક ૫૦ યુનિટ દીઠ સુદી ૧.૫૦ પૈસાનો ભાવ લેવાશે. જે અગાઉ ૩૦ યુનિટ પર ૧.૫૦ પૈસા વસુલવામાં આવતાં હતા. આમ હવે BPL કાર્ડધારકોના કુટંબના પરિવારને પહેલા જે ૩૦ યુનિટ માટે આપવા પડતાં હતા તે હવે માસિક ૫૦ યુનિટ દીઠ ચુકવવા પડેશે. ઉર્જા મંત્રી સૌરભ પટેલે આ સાથે ખેતીવાડીમાં લિફ્ટ ઓરિગેસનામાં યુનિટ દીઠ ઘટાડો કર્યો હોવાનું જણાવ્યું.

આ સાથે ઉર્જા મંત્રીએ રાત્રે ઉદ્યોગોમાં વપરાતી વિજળીમાં પણ લાભ અંગે અપાશે તેમ જણાવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના વીજ વપરાશકારોને રાહત આપતો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા વીજ બીલ ભરવાની તારીખ લંબાવવામાં આવી છે. રાજ્યમાં જેમને ઈમ્એટલે કે ગુજરાત ઈલેકટ્રીક સિટી બોર્ડના વીજ બિલ ભરવાના થાય છે.

તેમની માર્ચ અને એપ્રિલ મહિનાના બીલ ભરવાની મુદત તા. ૧૫મી મે સુધી કરવામાં આવી છે. તેમજ જો બીલ નિયમિત ન ભરાય તો પેનલ્ટી કે કનેકશન કાપી નાખવાની બાબત પણ મોકૂફ રાખવામાં આવી છે. આ ઉપરાંત વેપાર ઉદ્યોગો અને નાના દુકાનધારકો જેમને ઈમ્ના બીલ ભરવાના થાય છે તેમને એપ્રિલ મહિનાના બીલમાં ફીકસ ચાર્જ લેવામાં આવશે નહિ,માત્ર વપરાશનું બીલ જ તેમણે ભરવાનું રહેશે.

કોરોના સામે જંગ

મોરબીના સિરામિક ઉદ્યોગકારોએ ૪.૫ કરોડ રૂ.ની સહાયની જાહેરાત કરી

મોરબી

કપરી પરિસ્થિતિમાં સહાયમાં મોરબી શહેર હંમેશા આગળ હોય છે. પછી તે વાવાઝોડું હોય કે અન્ય કોઈ વિકટ પરિસ્થિતિ. હાલ કોરોનાએ વિશ્વને ભરડો લીધો છે ત્યારે આ મહામારી સામે લડવા માટે મોરબી સિરામિક એસોસિએશન આગળ આવ્યું છે. જેમાં મોરબી સિરામિક ઉદ્યોગકારો કોરોના સામેની લડતમાં અવિરતપણે સહાયનો ધોધ વરસાવી રહ્યા છે. અત્યાર સુધીમાં ઉદ્યોગકારોએ આશરે ૪.૫ કરોડ રૂપિયાની સરકારને સહાય કરી છે. હજુ પણ આ સહાયનો ધોધ વહી રહ્યો છે. સરકારે શરૂ કરેલી લડતમાં મહત્વપૂર્ણ યોગદાન આપીને ઉદ્યોગકારોએ પોતાની ઉદારતા અને સંવેદનશીલતાનો પરચો આપ્યો છે. વડાપ્રધાન અને મુખ્યમંત્રીએ કોરોના સામેની લડતમાં આરોગ્ય સેવાને વધુ મજબૂત બનાવવા માટે દાતાઓને સહાય આપવાની હાંકલ કરી હતી. જેને ઝીલી લઈને મોરબીના સિરામિક ઉદ્યોગકારોએ અનુદાનની સરવાણી વહાવી દીધી છે. અગાઉ પણ દેશ ઉપર આવેલી આફતો સમયે મોરબીના સિરામિક ઉદ્યોગકારોએ પોતાની દરિયાદીલીનો સમગ્ર દેશને પરચો આપ્યો છે. અત્યાર સુધીમાં ઉદ્યોગકારોએ સીએમ રાહત ફંડમાં ૨,૪૧,૩૯,૫૨૭ અને પીએમ રાહત ફંડમાં ૨,૦૮,૪૧,૫૫૨ એમ કુલ મળી ૪,૪૯,૮૧,૦૭૯ કરોડની સહાયની જાહેરાત કરી છે.



કાવ્ય અભિવ્યક્તિ

સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247

આ અપાર અજવાળા થી જીવ અકળાય છે,
ત્યાં પરમ જ્યોતિ નો પ્રકાશ કેવો છલકાય છે.
કેમ કરીને સમજાવું હું મારી આ અનુભૂતિ સૌને
જીવ આવી અસમંજસતા માં આજે મુકાય છે.
શક્તિ સાથે પરમ શક્તિ નું અદભુત આલિંગન.
ધ્યાનની ધરા એ સતત એજ દ્રશ્ય અફળાય છે.
શુભ ચિન્હો ના મંડરાવા થી બનતું અભેદ કવચ,
અધ્યાત્મ ઓચિંતું આજ આસપાસ દેખાય છે.
સ્નેહના ઈંધણે વધે પ્રકાશની પવિત્રતા નિરંતર,
આ વ્યક્તિત્વ થકી સુંદર અસ્તિત્વ પરખાય છે.
એકાકાર ના સમયે થાય જીવને દિવ્ય અનુભૂતિ.
એ અજવાળામાં જાત મારી આમતેમ અથડાય છે.
ચૈત્રીના મંગલ દિવસો માં ધન્ય થાય છે જાતડી .
અહોભાગ્ય છે કે સદગુરુ આશિષ વરતાય છે.

- ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

•

ચૈત્રીની નવલી પ્રભાતે મા તારું ધ્યાન ધરતા જ,
અવનવા દ્રશ્યોની તમે હારમાળા સર્જાવી દીધી.
સ્મરણનો આત્મલીગે અભિષેક થતાં અચાનક,
તમે જીવ માં શિવ તત્વની હાજરી કરાવી દીધી
સેવા સમર્પણમાં છે જીવનની મહત્તા તેં સમજાવી,
ભાલે સત્ય પ્રેમને કરુણા ની ટીલડી,આલેખી દીધી.
આંખોની મમતામાં કર્યા સમતાના અંજન તમે,
ને દિવ્યદ્રષ્ટિની ભૂતળે પરમ જયોત જલાવી દીધી.
મારું તારું ના આગ્રહરૂપી તૂટ્યા છે હવે ચક્રવ્યુહ,
હદયમાં સંવેદના જગાડી નિર્મળ ગંગા વહાવી દીધી.
આ કાયાનાં કામણ બહુ ને અજબ છે તેના લટકા,
શણગારને છોડાવી તમે તો જોગણ બનાવી દીધી.
આચરણના ઘુઘરા બાંધી ભક્તિ ને નચાવી તમે,
આ જીવન સરિતા ને લોક મંગલ તરફ ધકેલી દીધી.

- ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

•

હૈયાની વાત જોને મારે હોઠે આવે,
પણ, કોને કહું?? કોને કહું ??
હરિ મને એ જ તો સમજાય ના!!
વન વૃંદાવને વેણું વગાડતો આવે
વિકલ વિરહની વેદના કોને કહું??
હરિ મને એ જ તો સમજાય ના!!
જીવણ તારા ગુણગાન ગાતો આવે
ભક્તિ ભજનનો ભાવ કોને કહું??
હરિ મનેએ જ તો સમજાય ના!!
લખ ચોર્યાસી ફરતો ફરતો આવે
જન્મ-મરણ નું બંધન કોને કહું!!
હરિ મને એ જ તો સમજાય ના!!
છાનું છપનું જોને કંઈક કરતો આવે,
પાપ પુન્ય નો ભાર કોને કહું??
હરિ મને એ જ તો સમજાય ના!!
ગુણ અને અવગુણ આચરતો આવે,
ગર્વ અભિમાન નો ભેદ કોને કહું??
હરિ મને એ જ તો સમજાય ના!!
અંત સમયે થાકી હારી ને પાછો આવે,
આશા નિરાશાના ચક્રવ્યુહ કોને કહું??
હરિ મને એ જ સમજાય ના!!

- ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

•

નમણી નાર ની પ્રશંસા તો હમેશ કરવાની.
કરી છે કોશિશ ક્યારેય પુરુષની સમજની?
કોમળ હૈયા પર ધારણ કરી છે જવાબદારી,
વજ્ર સમાન છાતી માં સંઘરી અનેક લાગણી.
એમની લાગણી કહેવી, સમજવી છે અઘરી,
દંભ નહિ આ પુરુષ નો એ તો એમની પ્રકૃતિ.
સ્ત્રી ને ચાહવી એ માત્ર પુરુષ ની જવાબદારી.
ખરું કર્તવ્ય છે સ્ત્રી નું પુરુષ પ્રકૃતિ સમજવી.
દરેક સ્ત્રી બને છે પતિ ના હદય ની રાણી,
ક્યારેક તો સંભાળજો એમના હદય ની વાણી.
વિકસવજો એમના મન સાથે મૈત્રી,
સાંભળી શકશો અનેક વાતો વણ કહી

- કૃપા ચરાડવા (પોરબંદર)

•

સંબંધોને મોબાઈલમાં કેદ રહેવાની આદત તો શું થઈ ગઈ !
લાગણીઓને જાણે ઓન ઓફ થવાની આદત થઈ ગઈ છે.
મનની ઈચ્છાઓ પ્રમાણે માણસે માણસે વર્તન બદલાયું છે,
માણસાઈ ને પણ જાણે ભરતી ઓટની આદત થઈ ગઈ છે.
બધે બાદબાકી કરતા કરતા હાથ ખાલી આંસુ વધ્યા છે હવે,
તોય પોતીકા ભુલાવી વર્ચ્યુઅલ જીવવાની આદત થઈ ગઈ છે.
દયા માયા તો હવે બસ જરૂરત પ્રમાણે વહેચાય છે સૌ માટે !
સંબંધો અવગણવા પણ હમમ કહેવાની આદત થઈ ગઈ છે.
વાતો ના થાય જો પ્રિય થી તો ગુસ્સો અવિરત વહેતો રહે છે,
વ્યસ્ત હોવાની કેસેટમાં હવે શક કરવાની આદત થઈ ગઈ છે.

- મિલન લાડ. " મન " વલસાડ

•

પરી સમ વારતા મારું જીવન, સુંદર બનાવી દો.
અબુધ બાળક સમુ ન્યારું જીવન, સુંદર બનાવી દો.
સરી જાતો સમય ના હાથ આવે એટલે એની,
વહીને સંગમાં સારું જીવન સુંદર બનાવી દો.
ફરજને મોખરે રાખીને પ્રકૃતિ કરે નિજ કર્મ,
વણી કુદરત મને તારું જીવન સુંદર બનાવી દો.
બધાને ન્યાયથી તોલો, શું તારું ને ય શું મારું?
કરો સૌનું ય સહિયારું જીવન સુંદર બનાવી દો.
ભરાયા ડૂસકાં, ડૂમાં, રુદન, પીડા આ જીવનમાં,
છે અલ્પાનું ય અંધારું જીવન, સુંદર બનાવી દો.

- 'કાવ્યાલ્પ' અલ્પા વસા

રેશનિંગ દુકાનદારોએ કોરોના ફેલાવવાનો પ્રયાસ તો કર્યો નથી ને...?

• કાર્ડધારકોના હિતમાં સેનેટાઈઝર ખરીદવાનની સુચના, કેટલી દુકાનોમાં સેનેટાઈઝરની બોટલ જોવા મળી...?

• સરકાર દુકાનદારોને સેનેટાઈઝરની ખરીદી પેટે ૫૦૦ અને ૧૦૦૦ હજાર રૂપિયા આપશે, બિલ રજૂ કર્યા વગર જ...!

ગાંધીનગર

કોરોના મહામારીને લીધે ગુજરાતમાં પણ લોકડાઉનની સ્થિતિએ અંદાજે સવાઉ કરોડની જનસંખ્યાને ગુજરાત સરકાર દ્વારા વિના મૂલ્યે અનાજ વગેરે.નો જથ્થો આપવાની કામગીરી આજે પહેલી એપ્રિલથી હાથ ધરાતાં પહેલા જ દિવસે સમગ્ર વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી અને દુકાનદારો તથા કાર્ડધારકોની વચ્ચે ઘર્ષણના બનાવોની વચ્ચે કેટલીક જગ્યાએ સરકારની મનાઈ છતાં બાયો મેટ્રીક-હાથના અંગૂઠાનું નિશાન લેવાના કિસ્સા બહાર આવ્યાં હતા. જો કે આ અંગે સંબંધિત મામલતદારનો સંપ્રક કરાતં તેમણે સરકારની સુચના હોવાનું કહીને ઉડાઉ જવાબ આપ્યો હતો. બાયોમેટ્રીકથી કોરોનાનો ચેપ ફેલાવાની



શક્યતાને ધ્યાનમાં રાખીને જ સરકારે અંગૂઠાનું નિશાન નહીં લેવાની સુચના આપી છે. પરંતુ ક્યાંક ક્યાંક તેનું પાલન થયું નહોતુ.

સૂત્રોએ આ અંગે પુરવઠા વિભાગના ૭ પેજના પરિપત્રને ટાંકીને કહ્યું કે આ ૧૦ બાબતોના પરિપત્રમાં ક્યાંક પણ બાયોમેટ્રીક નિશાનનો ઉલ્લેખ નથી. તેમ છતાં કેટલાક દુકાનદારો દ્વારા કોરોના મહામારી છતાં કાર્ડધારકોના અંગૂઠાનું નિશાન લઈને કોઈને કોરાના થયું હોય પણ લક્ષણો જણાતા ન હોય તેવા કોઈ કાર્ડધારકના અગૂઠાના નિશાન પછી બીજા કાર્ડધારકે એના ઉપર જ પોતાનો અંગૂઠો મૂક્યો હોય ત તેને પણ ચેપ લાગી શકે. આટલી ગંભીર બાબત છતાં અને બાયો મેટ્રીક અંગે સરકારની કોઈ સુચના ન હોવા છતાં કેટલાક દુકાનદારોએ કોરોના ફેલાવવાનું કામ નહીં કર્યું હોય તેની શી ખાતરી, એવા સવાલો પણ થયા હતા.

સૂત્રોએ કહ્યું કે ૭ પેજના પરિપત્રમાં દુકાનદારોને જો ૫૦૦ કાર્ડધારકો હોય તો ૫૦૦ રૂપિયા અને તેના કરતાં વધારે હોય તો એક હજાર રૂપિયા સેનેટાઈઝર ખરીદીને કાર્ડધારકોના હેન્ડ વોશ માટે ઉપયોગમાં લેવા કહ્યું છે. આ ૫૦૦ અને એક હજાર રૂપિયા જે તે દુકાનદારોના ચલણમાં સરભર કરાશે. જો કે ગુજરાતમાં અંદાજે ૧૭ હજાર દુકાનદારો પૈકી કેટલાએ સેનેટાઈઝરની ખરીદી કરી કે કાર્ડધારકને હાથ ધોવા માટે આપ્યા તે એક તપાસનો વિષય છે. ગેરરીતિને પ્રોત્સાહન મળે તેમ આ પરિપત્રમાં ક્યાંય પણ એવો ઉલ્લેખ કરાયો નથી કે પ્રત્યેક દુકાનકારે સેનેટાઈઝરની ખરીદીના બિલ ચલણની સાથે બિડવા પડશે...! આવી સુચનાના અભાવે તેમાં ૫૦૦ અને એક હજાર રૂપિયા પેટેકેટલા નાણાં ચવાઈ જશે તેની તપાસ પણ થવી જોઈએ. સરકારે ખરીદીના બિલ રજૂ કરવાની બાબતનો કેમ ઉલ્લેખ ના કર્યો તે પણ નવાઈ પમાડે તેમ છે.

દિલ્હીમાં તબલીગી જમાતમાં ગયેલા ગુજરાતીઓ પર થશે કાર્યવાહીઃ સીએમ રૂપાણી

ગાંધીનગર

૨૧ દિવસના લોકડાઉનના કારણે પરિસ્થિતિ કાબુમાં આવી જશે. જે પોઝિટિવ કેસ આવ્યા છે તેમની સારી રીકે સાર સંભાળ થઈ રહી છે. વીડિઓ કોન્ફરન્સથી કેબિનેટ મીટીંગ કરવામા આવી છે. દિલ્હીમાં તબલીગી જમાતમાં ગયેલા નિઝામુદ્દીન મરકજમાં ધાર્મિક કાર્યક્રમનો મામલે સીએમ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, સુરત, ભાવનગર, વડોદરા સહિત જે પણ લોકો દિલ્હી આ મકરજમાં ભાગ લઈને પરત આવ્યા છે. તેમને શોધીને ક્વોરોન્ટાઈન કરાશે. એટલુ જ નહીં પરંતુ તેમના ઉપર આ મામલાને છુપાવવા મામલે અને કાનૂનનો ભંગ કરવા મામલે કાર્યવાહી પણ કરવામાં આવશે.નિજામુદ્દીનની મરકજ બિલ્ડિંગ કોરોનાવાઈરસનું કેન્દ્ર છે. અહીંથી બુધવારે સવાર સુધીમાં ૨૦૦૦થી વધુ જમાતિયોને બહાર નીકળવામાં આવ્યા છે. અહીંથી નીકળેલા લોકોની શોધમાં ૨૦થી વધુ રાજ્યોમાં અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેમાંથી ઘણા લોકોને ટ્રેસ કરી લેવામાં આવ્યા છે.

લૉકડાઉનઃ ગોમતીપુરમાં પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણઃ પથ્થરમારો

અમદાવાદ

લોકડાઉન વચ્ચે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ સાથે સતત લોકો ઘર્ષણમાં ઉતરી રહ્યાં છે. આવામાં લોકડાઉન વચ્ચે અમદાવાદમા પોલીસ પર પથ્થરમારાનો બનાવ બન્યો છે. પોલીસની ટીમ ગોમતીપુરમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે આ ઘટના બની છે. હાલ રાજ્યભરની ટીમ સીસીટીવી કેમેરા અને ડ્રોન દ્વારા સતત મોનિટરીંગ કરી રહી છે કે, કોઈ લોકડાઉનનું ભંગ તો નથી કરી રહ્યું છે. આવામાં ગોમતીપુર વિસ્તારમા સીસીટીવી સર્વેલન્સમા ખ્યાલ આવ્યો કે લોકોના ટોળા ભેગા થયા છે. આવો મેસેજ ગોમતીપુર પોલીસને મળ્યો હતો. જેના આધારે ગોમતીપુર પોલીસની એક ટીમ ટોળા વિખેરવા ત્યાં પહોંચી હતી. ત્યારે પોલીસ દ્વારા ૪ લોકોની અટકાયત કરતા લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો.

પશ્ચિમ રેલવેએ અમદાવાદથી પ્રથમ પાર્સલ ટ્રેન જીવનજરૂરિયાતની વસ્તુઓ લઈ રવાના કરી

અમદાવાદ

લૉકડાઉનમાં રેલવે જીવન જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવામાં સક્ષ્મ છે. પશ્ચિમ રેલવે દ્વારા ટાઈમ ટેબલ પાર્સલ ટ્રેન શરૂ કરી છે. આ પાર્સલ ટ્રેનમાં જીવન જરૂરી ચીજવસ્તુઓની સપ્લાય કરવામાં આવી રહી છે.

આ અંગે ડી.આર.એમ દીપકકુમાર ઝાએ જણાવ્યું હતું કે, પ્રથમ ટ્રેન અમદાવાદ મંડળના કાંકરિયા ગુડ્ઝ શેડથી પશ્ચિમ બંગાળના સંકરેલ સ્ટેશન સુધી લોડ કરવામાં આવી છે. આ ટ્રેનમાં દવાઓ, તબીબી ઉપકરણો, બિસ્કીટ, મિલ્કફૂડ, ખાદ્યતેલ, મસાલા અને કરિયાણા લોડ કરવામાં આવ્યા છે. કાંકરિયાથી તેમાં અમૂલ પ્રોડક્ટ લોડ કરવામાં આવી છે. રૂટ સ્ટેશનો પરથી પાર્સલ લોડિંગની સુવિધા આપવામાં આવી છે.

આ ટ્રેન બંને દિશામાં આણંદ, વડોદરા, સુરત, પાલડી, જલગાંવ, ભુસાવાલ, નાગપુર, રાયપુર, બિલાસપુર, ઝારસુગુડા, ટાટાનગર, અને ખડગપુર સ્ટેશનો પર રોકાશે. આ દરમિયાન તે ૨૦૭૩ કિ.મી.નું અંતર કાપશે. બીજી પાર્સલ ટ્રેન ૧, ૩, ૬, ૮, ૧૧ અને ૧૩ એપ્રિલ, ૨૦૨૦નાં રોજ સાંજે ૮ વાગ્યે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે અને ત્રીજા દિવસે સવારે ૧૧.૩૦ વાગ્યે લુધિયાણા પહોંચશે.આ સમય દરમિયાન આ ટ્રેન ૧૭૦૫ કિમીનું અંતર કાપશે. આ ટ્રેન વાપી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ, અજમેર, જયપુર, દિલ્હી અને અંબાલા સ્ટેશનો પર રોકાશે. કાંકરિયાથી કોલકાતાના સંકરેલ માટે અમૂલ દૂધ પ્રોડક્ટથી ભરેલ ૧૬ ડબ્બા અને ૦૩ ડબ્બા રાયપુર માટે લોડ કરવામાં આવ્યા છે. જેમાં કુલ ૩૯૬ ટન દૂધની પ્રોડક્ટનું લોડીંગ કરવામાં આવ્યું છે. ૧૫ માર્ચથી અત્યાર સુધીમાં ૮ માલગાડીઓમાં પાલનપુરથી પલવલ માટે દૂધ મોકલવામાં આવ્યું છે.

લોકડાઉન દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગનું ઉલ્લંઘન, લોકોના ટોળા એકઠા થયા

કોરોનાના લોકડાઉનઃ મફત અનાજ લેવા ઠેર ઠેર લાઈનો લાગી, દુકાનો પર તકરાર થઈ

અમદાવાદ

આજે ૧લી એપ્રિલથી રાજ્યના ૮૦ લાખ ગરીબ પરિવારોને સરકારે મફત ઘઉં, ચોખા, દાળ, તેલ તેમજ મીઠું આપવાની જાહેરાત કરી છે. કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકડાઉનની જાહેરાત કરતા તેનું કડક પાલન થાય તે માટે અપીલ કરી હતી જ્યારે આજથી રાજ્યમાં મફત અનાજ વિતરણ શરૂ થતા સવારથી લોકોના ટોળે ટોળા મફત અનાજનો જથ્થો લેવા પહોંચ્યા હતા. કોરોના વાયરસના સંક્રમણ સામેના જંગમાં લોકોને ઘરમાં રહેવાની અપીલ કરાઈ છે પરંતુ અનાજ વિતરણ વ્યવસ્થામાં જોવા મળેલા છીંડાથી કોરોના મહામારી વધુ ફેલાઈ તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. રાજ્ય સરકારે ગરીબોને આજથી મફત અનાજનું વિતરણ કરવાની જાહેરાત કરી હતી. સરકારની જાહેરાતને પગલે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના શહેરો અને રાજ્યના તાલુકા મથકો તેમજ ગામડાઓમાં વહેલી સવારથી મોટાપાયે જરૂરિયાતમંદો અનાજ લેવા માટે એકત્ર થયા હતા. એકતરફ કોરોના વાયરસમાં સરકાર લોકોને મોટી સંખ્યામાં એકત્ર નહીં થવા અપીલ કરી રહી છે ત્યારે બીજીતરફ સરકારી રાહતનો લાભ લેવા લોકો મોટાપાયે ટોળામાં દુકાનો બહાર એકત્ર થતા લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગના લીરે લીરાં ઉડતા જોવા મળ્યા હતા.

અમદાવાદના નિકોલ-બાપુનગર, ભૂલાભાઈ પાર્ક, ચાંદલોડિયા, સરસપુર, નરોડા સહિત પૂર્વના વિસ્તારો તેમજ પશ્ચિમમાં પણ જરૂરિયાતમંદ લોકો સવારના છ વાગ્યાથી જાહેર અનાજ વિતરણની દુકાનો બહાર લાઈનો લગાવીને ઉભા હતા. જો કે સસ્તા અનાજની દુકાનોના માલિકોને પણ સરકારની જાહેરાત અંગે સ્પષ્ટતા નહીં હોવાથી અવઢવમાં મુકાયા હતા.

અંત્યોદય કાર્ડ ધારકો તેમજ પીએચએચ કાર્ડ ધારકોને અનાજનો પુરવઠો આપવામાં આવી રહ્યો હતો જ્યારે બીપીએલ કાર્ડધારકોને અનાજ આપવાનો ઈનકાર કરાતા કેટલાક સ્થળો પર ઘર્ષણની સ્થિતિ જોવા મળી હતી. કેટલાક સ્થળો ઉપર તો પુરતા પ્રમાણમાં અનાજનો પુરવઠો નહીં હોવાથી લોકોને જે ઉપલબ્ધ હોય તે જ અનાજ આપીને રવાના કરવામાં આવી રહ્યા હતા.

સરકારની જાહેરાત છતા પુરતો અનાજનો જથ્થો નહીં હોવાની બૂમો પડવાથી કેટલાક સ્થળો પર ઉગ્ર ઘર્ષણ પણ થયું હતું. સરકારે ૩.૨૦ કરોડ ગરીબોને કોરોના વાયરસના લોકડાઉનમાં મદદરૂપ થવા ઘઉં-ચોખા, દાળ, તેલ તેમજ મીઠાનું વિતરણ કરવા જાહેરાત કરી હતી જો કે સરકારની જાહેરાતની અસ્પષ્ટતાને લઈને પીડીએસ વિતરકો પણ મુંઝવણમાં મુકાયા હતા. આ ઉપરાંત કાર્ડ વગરના ગરીબોને પણ અનાજ આપવાની સરકારે જાહેરાત કરી હતી. આ ઉપરાંત કેટલાક સ્થળે લોકોએ કાર્ડ વગર અનાજ આપવા જણાવ્યું હતું પરંતુ પીડીએસ શોપ ધારકોએ કાર્ડ વગરનાને અનાજ ૪થી એપ્રિલ પછી આપવાનું કહીને પાછા જતા રહેવા જણાવ્યું હતું જેને પગલે લોકોના ટોળા વળી ગયા હતા. પોલીસને પણ સંયમથી કામગીરી કરવાના આદેશ હોવાથી તેમણે લોકોને લાઈનોમાં એકબીજાથી સલામત અંતર રાખવા વારંવાર અપીલ કરવી પડતી હતી.

સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં પીડીએસ દુકાનો પર લોકો કુંડાળા કરીને સવારથી ઊભા રહી ગયા હતા. મફતમાં અનાજ વિતરણ સામે સરકારની જાહેરાત સામે પણ લોકોએ સવાલ ઉઠાવ્યા હતા. પુરતો જથ્થો પુરવઠા વિભાગે પહોંચાડ્યો નથી તેવી બૂમો પણ વિતરકો પાડી રહ્યા છે. શહેરોમાં અનેક દુકાનધારકો ફિંગર પ્રિન્ટ પર રાશન આપતા હોવાની પણ ફરિયાદ સામે આવી હતી. નોંધનીય છે કે સરકારે જાહેરાત કરી છે કે બીપીએલ કાર્ડ ધારકો, પી એચ એટ કાર્ડ ધારકોને ફિંગર પ્રિન્ટ વગર સસ્તા અનાજની દુકાનમાં અનાજ આપવાનું છે. પરંતુ કેટલીક દુકાન પર ફિંગર પ્રિન્ટ લઈ અનાજ અપાતા કાર્ડ ધારકોમા રોષ જોવા મળ્યો હતો.

મરકઝમાં હાજરી આપનારા ૨૯ ધર્મ પ્રચારકો અમદાવાદમાંથી મળ્યા

કેન્દ્ર સરકારે નિઝામુદ્દીન મરકજથી ગુજરાતમાં ૧૫૦૦ લોકો પ્રવેશ્યા હોવાની યાદી મોકલી

તમામ જિલ્લા કલેક્ટરોને યાદીના આધારે ગેરકાયદે પ્રવેશેલા લોકોને શોધવા આદેશ,એટીએસ તપાસ કરશે

અમદાવાદ

દિલ્હીમાં તબલિગી જમાતના નિઝામુદ્દિન મરકઝ નામના ધાર્મિક પ્રસંગે ભારત સહિત વિવિધ ૧૫ દેશના હજારો લોકો ભેગા થયા હતાં. જેમાંથી ૧૦૩૩ લોકો વતન પહોંચી ચૂક્યા છે. જેમાંના ૨૪થી વધુ કોરોના સંક્રમણનો ભોગ બન્યાં છે અને ૯નાં મોત થઈ ગયા છે. આ ધાર્મિક પ્રસંગમાં ગુજરાતના અનેક લોકો ગયા હોવાની જાણ થતા હાહાકાર મચ્યો છે. હાલ કેન્દ્ર સરકારે નિઝામુદ્દીન મરકજમાં ગયેલા લોકોમાંથી ૧૫૦૦ લોકો ગુજરાતમાં પ્રવેશ્યા હોવાનો ઘટસ્ફોટ થતા અફડાતફરીનો માહોલ સર્જાયો છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, કોરોનાના કહેર વચ્ચે દિલ્હીમાં નિઝામુદ્દીન મરકજ નામના ધાર્મિક પ્રસંગમાંથી ગુજરાતમાં ૧૫૦૦ લોકો કોઈને ખબર પણ પડે નહીં તે રીતે ઘૂસ્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે. સમગ્ર માહિતી સામે આવ્યા બાદ કેન્દ્ર સરકારે ગુજરાત સરકારને એક યાદી મોકલી છે જેમાં ગુજરાતમાં પ્રવેશેલા ૧૫૦૦ લોકોના નામ હોઈ શકે છે. કેન્દ્ર સરકારે આ માહિતીનો ઘટસ્ફોટ કરતા રાજ્ય સરકાર હરકતમાં આવી ગઈ હતી અને તેમને તાબડતોડ નિર્ણય લેતા તમામ જિલ્લા કલેક્ટરોને યાદીના આધારે ગેરકાયદેસર પ્રવેશેલા લોકોને શોધવા માટે આદેશ આપી દીધા છે.

રાજ્ય સરકારે જે પણ જમાતમાં ગયા છે તેવા લોકોને શોધીને તમામના મેડિકલ ચેકઅપ ફરજિયાત કરવાનો આદેશ પણ આપી દેવામાં આવ્યો છે. આ સિવાય તેમના સંપર્કમાં આવેલા તમામનું સ્ક્રિનિંગ પણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ તો અમદાવાદના ૩૦૦, સુરતના ૭૬, ભાવનગરના ૧૩ લોકો અંગે તપાસ ચાલું છે, આ સિવાય બોટાદના ૪, રાજકોટના ૧૨, મોરબીના ૩, વલસાડના ૫૦ અને જૂનાગઢમાં ૫ લોકોની શોધખોળ ચાલુ કરી દેવામાં આવી છે.

રાજ્ય સરકારે નિઝામુદ્દિન મરકઝ નામના ધાર્મિક પ્રસંગમાં ગયેલા લોકોની શોધખોળ કરવા માટે રાજ્ય સરકારે ગુજરાત એટીએસ, અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને એસઓજીની ટીમો કાર્યરત કરીને તેમને શોધવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ કાર્યમાં હવે આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર પણ કામગીરીમાં જોતરાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં તબ્લિક જમાતના પ્રોગ્રામમાં અમદાવાદના ૨૯ લોકો ગયા હતા. તમામ લોકોની પોલીસે ઓળખ કરી લીધી છે અને તેમને હોમ ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત ભાવનગરના ૧૩ અને બોટાદ જિલ્લાના ૪ એમ આ બે જિલ્લાના ૧૭ લોકો પણ તબ્લિક જમાતના પ્રોગ્રામમાં હાજર રહ્યા હતા. મોડી રાતે દરિયાપુર વિસ્તારમાં દરિયાપુર પોલીસ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, ગુજરાત એટીએસ અને જીંની ટીમે તપાસ હાથ ધરી હતી. ૨૯ જેટલા લોકો મળી આવતા તેમની પૂછપરછ પણ હાથ ધરવામાં આવી છે. આ લોકો ક્યાં ક્યાં ગયા હતા? અમદાવાદ આવીને કોને મળ્યા હતા? તેમજ કઈ રીતે આવ્યા તેની તપાસ શરૂ કરી છે. આજે તેઓના સેમ્પલ લેવામાં આવ્યા છે. તમામના રિપોર્ટ પેન્ડિગ રાખવામાં આવ્યા છે.

લોકડાઉનમાં નકલી પોલીસ બની રાહદારીઓને ફટકાર્યાઃ અંતે ઝડપાયા

અમદાવાદ

કોરોના વાયરસ ના કહેર સામે સમગ્ર દેશ માં લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદમાં પણ લોક ડાઉન ની કડક અમલ થાય એ માટે પોલીસ સતત ખડે પગે છે. ત્યારે નરોડા વિસ્તાર માં બનાવટી પોલીસ બની ને રૌફ જમાવતા એક આરોપી ને પોલીસ એ ઝડપી પાડ્યો છે.

નરોડાના હરિદર્શન ચાર રસ્તા પાસે રહેતા શિવરાજસિંહ નરૂકા બાઇક લઈને પોલીસની લાકડી સાથે રાખી વિસ્તારમાં નીકળતો અને જ્યાં રસ્તા પર એકલા વ્યક્તિને પસાર થતાં જુએ તો તેને પોતે નરોડા પોલીસમાં ડી સ્ટાફમાં હોવાની ઓળખ આપીને લોક ડાઉનમાં બહાર કેમ નીકળ્યા છો કહી ને માર મારતો હતો.

આરોપીએ નરોડા વિસ્તારમાં અનેક લોકોને આ રીતે બનાવટી પોલીસ બનીને માર માર્યા હોવાની જાણ પોલીસને થતાં જ પોલીસે સી.સી.ટી.વી ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી હતી, અને બાતમીના આધારે પોલીસે તેની ધરપકડ કરી છે.

આરોપી એ આ રીતે અનેક લોકોને માર માર્યા હોવાનુ સામે આવ્યું છે. આરોપી ખાનગી ફાર્મા સ્યુટિકલ કંપનીમાં કામ કરતો હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. જ્યારે તેને આ પ્રકારનો ગુનો શા માટે આચાર્યો છે તે અંગે પોલીસે વધુ પુછપરછ શરૂ કરી છે. જ્યારે પોલીસની ઓળખ આપી તેને અન્ય કોઈ ગુના આચર્યા છે કે કેમ તે અંગે પણ પોલીસ એ વધુ તપાસ શરૂ કરી છે.

દિલ્હીથી મોરબી આવેલા ત્રણ વ્યક્તિઓને આઈસોલેશનમાં રખાયા

મોરબી

જિલ્લાના ત્રણ વ્યક્તિ નિઝામુદિન દિલ્હી ખાતે ગયેલા હોવાની માહિતી સામે આવતાની સાથે જ આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું હતું અને ત્રણેય વ્યક્તિઓને સિવિલ હોસ્પિટલ લાવીને ચેકઅપ કરીને સેમ્પલ લઈ ટેસ્ટ માટે મોકવામાં આવ્યા છે.

દિલ્હીના નિઝામુદિનમાં ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના વિવિધ રાજ્યો તેમજ વિદેશમાંથી બે હજાર જેટલા લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના કારણે ૨૦૦થી વધુ લોકો કોરોનાથી સંક્રમિત થયા હોવાનું અને દશેકના મોત થયા હોવાનું સામે આવ્યું હતું, તો જે સ્થળે કાર્યક્રમ હતો ત્યાં મોરબીના ત્રણ મોબાઈલ એક્ટીવ હતા. તે ત્રણેય વ્યક્તિને શોધીને આરોગ્ય ટીમ દ્વારા મેડીકલ ચેકઅપ કરાવવામાં આવ્યું હતું અને સાવચેતીના ભાગરૂપે ત્રણેય વ્યક્તિઓના સેમ્પલ લઈ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે.

વધુમાં આ ત્રણેય વ્યક્તિ હિન્દુ હોવાનું સામે આવેલું છે. આટલુ જ નહીં ત્રણેયને હાલમાં સિવિલના આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવેલા છે. હાલમાં કુલ ૪ વ્યક્તિઓને આઈસોલેટ કરાયા છે.

લોકોએ ખરીદી માટે દોટ મૂકી

અમદાવાદમાં ફરી ડી-માર્ટ, સ્ટાર બજાર સહિતના મોલ ખુલ્યા

અમદાવાદ

કોરોના કહેર વચ્ચે હાલ શહેરીજનોને એક મોટા સમાચાર મળી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાનો નિર્ણય બદલીને ફરીથી શહેરમાં મોટો મોલ ખોલવાની મજંરી આપી દીધી છે. એટલે કે હવે અમદાવાદમાં ડીમાર્ટ, સ્ટાર બજાર સહિતના મોટા મોલ જાહેર જનતા માટે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ માટે ખોલી નાંખવામાં આવ્યા છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, શહેરમાં આજથી તમામ મોલ જાહેર જનતા માટે ખોલી નાંખવામાં આવ્યા છે. અમદાવાદીઓ માટે જીવન જરૂરી ચીજવસ્તુ માટે મોલ ખુલ્લા રાખવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે. જે મોલ ખોલવાની પરમિશન આપી છે તેમાંથી લોકો કરિયાણું તેમજ જીવન જરૂરી વસ્તુઓની ખરીદી કરી શકાશે.

પરંતુ એક મોટી વાત એવી છે કે અમદાવાદના મોલ રાત્રે ૮ વાગ્યા સુધી ટોકન સિસ્ટમ આપીને ચાલું રાખવામાં આવશે અને ટોકનવાળાને જ મોલમાં પ્રવેશ આપવામાં આવશે. બીજી શરત એવી છે કે, મોલમાં એક સાથે તમામ લોકોને પ્રવેશ આપવામાં આવશે. માત્ર ૪થી ૫ લોકોને જ પ્રવેશ આપવામાં આવશે.

ફિંગર પ્રિન્ટ આપવાની જરૂર નહીં પડે

૧ લાખ કરતા વધુ આવક ધરાવતા લોકોને રાશન નહીં મળેઃ જયેશ રાદડિયા

રાજકોટ

રાજ્યના કેબિનેટ મંત્રી જયેશ રાદડિયા દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વિનામૂલ્યે રાશન આપવાનો નિર્ણય કર્યો છે તેમાં ૩ લાખ લોકો લાભ લઈ ચૂક્યા છે. શ્રમિકો પાસે રેશનકાર્ડ નહીં હોયો તેમને અન્નબ્રહ્મ યોજના હેઠળ રાશન વિતરણ કરાશે. ૪ કે ૫ એપ્રિલથી આ યોજના શરૂ થશે. રેગ્યુલર લેતા ગ્રાહકોને આ યોજનાનો લાભ મળે છે. ૧.૨૦ રાશનકાર્ડ છે. ૬૫.૪૦ લાખ પરિવારને લાભ મળશે. દર મહિને જે લોકો રાશન લેતા હોય તેને જ લાભ મળશે. તેમજ ૧ લાખ કરતા વધુ આવક ધરાવતા લોકોને રાશન નહીં મળે.

જેઓની પાસે રાશનકાર્ડ નથી. પરંતુ તેઓને પણ અત્યારે રાશન આપવામાં નહીં આવે. આવા વ્યક્તિઓનો સર્વે કરાવવા અને લાભ આપવા માટે કલેકટરને પાવર આપવામાં આવ્યા છે. આગામી ચારથી પાંચ તારીખ બાદ આવા તમામ લોકોને પણ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા મફતમાં અનાજ અને કરિયાણું આપવામાં આવશે. જેથી કોઈ પણ પરપ્રાંતીય લોકો કે જેઓની પાસે રાશનકાર્ડ ન હોય જેના કારણે તેઓ આ યોજનાથી વંચિત ન રહે. તો સાથે જ આ મહિનાનો તમામ અનાજ અને કરિયાણું ઓફલાઈન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોઈ પણ રાશનકાર્ડધારક એ પોતાનું ફિંગર પ્રિન્ટ આપવાની જરૂર નહીં પડે માત્ર સસ્તા અનાજના દુકાનદારો જ રજીસ્ટર મેઈન્ટેન કરવાનું રહેશે.

સસ્તા અનાજની દુકાનો ઉપર પડાપડી, પોલીસે લોકોને હટાવવા પડ્યા

દિલ્હીમાં તબ્લિકી જમાતના કાર્યક્રમમાં ગયેલા ૫ લોકોને હોમ ક્વોરન્ટાઈન કરાયા

વડોદરા

વડોદરા શહેરમાં છેલ્લા ૪ દિવસથી કોરોના વાઈરસનો એકપણ પોઝિટિવ કેસ નોંધાયો નથી. વડોદરામાં શનિવારે એક પુરૂષનો કોરાના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ તમામ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. વડોદરામાં અત્યાર સુધી ૧૦૮ સેમ્પલ લેવાયા છે. જે પૈકી ૯૭ દર્દીના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે અને ૯ દર્દીના કોરોના વાઈરસના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જોકે તે પૈકી એક દર્દી કોરોના મુક્ત થતાં તેને મંગળવારે રજા આપી દેવાઈ છે અને ૨ નમૂના રિજેક્ટ કરવામાં આવ્યા છે.

લોકડાઉનને પગલે રાજ્યભરમાં આજથી સવા ત્રણ કરોડ લોકોને મફત અનાજનું વિતરણ શરૂ કરવામાં આવી રહ્યું છે. જેથી આજે સવારથી જ વડોદરા શહેરમાં સસ્તા અનાજની દુકાનો ઉપર ભીડ લાગી ગઈ હતી. વડોદરામાં સસ્તા અનાજની દુકાનો ઉપર લોકોએ પડાપડી કરી હતી અને પોલીસે લોકોને હટાવવાની ફરજ પડી હતી. બીજી તરફ પીએલ કાર્ડધારકોને અનાજ ન આપવામાં આવતા લોકોએ હોબાળો મચાવ્યો હતો. વડોદરા ઉપરાંત જિલ્લાના તમામ તાલુકા મથકો ઉપર પણ અનાજ લેવા માટે લોકની ભીડ જોવા મળી રહી છે.

દિલ્હીના તબ્લિકી જમાતના નિઝામુદ્દિન કેન્દ્રમાં મરકઝ નામના ધાર્મિક પ્રસંગમાં ભારત સહિત ૧૫ દેશના અંદાજે ૧૭૦૦ લોકો ભેગા થયાં હતાં. જેમાંથી ૨૪થી વધુ કોરોના સંક્રમણનો ભોગ બન્યાં છે અને ૯ લોકોના મોત થઈ ગયા છે. તબ્લિકી જમાતના આ કાર્યક્રમમાં ગુજરાતના પણ અનેક લોકો ભાગ લેવા ગયા હોવાની જાણ થતા રાજ્ય સરકાર દોડતી થઈ ગઈ છે.

એમ્બ્યુલન્સના ડ્રાઈવરને માર મારવાના કેસમાં ઈન્ચાર્જ પીએસઆઈ સસ્પેન્ડ

રાજકોટ

મંગળવારે અમદાવાદ અને રાજકોટ જિલ્લામાંથી ખાખીને લાંછન લગાડતા બે બનાવો સામે આવ્યા. અમદાવાદ ખાતે એક પીઆઈએ દંડા પછાડીને રસ્તા પર ઉભા રહેલી ફૂટ અને શાકભાજીની લારીઓ ઊંધી વાળી દીધી હતી. બીજી તરફ રાજકોટના ગોંડલ ખાતે એક બનાવમાં મૃતદેહને લઈને જતી એમ્બ્યુલન્સના ડ્રાઈવરને બે પોલીસ કર્મીઓએ માર માર્યો હતો. અમદાવાદ બાદ રાજકોટના કેસમાં પણ જવાબદારી અધિકારીને સસ્પેન્ડ કરી દેવાયા છે. ગોંડલના કેસમાં રાજકોટના પોલીસ કમિશનરે ગોંડલ રોડ પર આવેલી ચેકપોસ્ટના ઈન્ચાર્જ પીએસઆઈને સસ્પેન્ડ કરી દીધા છે.

ગોંડલથી એમ્બ્યુલન્સમાં મૃતદેહ લઈને રાજકોટ આવી રહેલા ગોંડલ માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ પ્રફુલ રાજ્યગુરુને માર મારવાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. જે બાદ રોષે ભરાયેલા સેવાભાવીઓએ સેવા બંધ કરવાની ચીમકી ઉચ્ચારી છે. તે સાથે ગોંડલની એમ્બ્લયુલન્સો અને સબ વાહિનીઓને ગોંડલ સીટી પોલીસ મથક ખાતે ખડકલો કરી દેવામાં આવ્યો છે. જોકે, સામાજિક કાર્યકરને માર મારવાના કેસમાં કમિશનર મનોજ અગ્રવાલે જવાબદાર પીએસઆઈને સસ્પેન્ડ કરતા આ મામલો હવે શાંત પડી જશે તેવું લાગી રહ્યું છે.

કચ્છમાં રશિયાથી આવેલા ૧૨ વિદ્યાર્થીઓ ક્વોરેન્ટાઈન હેઠળ

કચ્છ

કચ્છમાં વિદેશથી પરત ફરેલા સૌથી વધુ એનઆરઆઈ ભુજના માધાપરમાં આવ્યા છે. જેને લઈને આરોગ્ય વિભાગ દ્વાર ખાસ તકેદારીના પગલાં રૂપે તમામ લોકોને ક્વોરેન્ટાઈન કરી સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. દરરોજમાં રહેલા લોકોની આરોગ્ય વિભાગ દ્વારા ચકાસણી પણ કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છમાં કોરોના પોઝિટિવ કેસ આવતા જિલ્લામાં લોકડાઉનની સ્થિતિ લાગુ કરી દેવાઈ છે. તેવામાં વિદેશથી આવતા ભારતીયો માટે માધાપરના યક્ષ મંદિરમાં ક્વોરેન્ટાઈનની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. જણાવી દઈએ કે, કચ્છમાં રશિયાથી તબીબી અભ્યાસના ૧૨ વિદ્યાર્થીઓ આવ્યા છે. જેમને હાલ ભુજ તાલુકાના માધાપરમાં આવેલા યક્ષ મંદિરના ગેસ્ટરૂમમાં ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા છે. આ વિદ્યાર્થીઓની ૧૪ દિવસ સુધી દરરોજ બે વખત આરોગ્ય તપાસ પણ કરવામાં આવી રહી છે.

રેશનકાર્ડની દુકાનોમાં અનાજ લેવા લોકો ઉમટી પડયા

સવાર પડતાજ ઠેર ઠેર સસ્તા અનાજની દુકાનો પાસે લોકોની ભીડઃ સોશિયલ ડીસટન્સ નહીં જળવાતા પોલીસની મદદઃ દુકાનદારો અને કાર્ડ ધારકો વચ્ચે ઘર્ષની સ્થિતિ

સુરત

અનાજથી કાર્ડ ધારકોને વિના મુલ્યે રાશન આપવાનું શરૂ કરાતા સુરત શહેરમાં ઠેર ઠેર રાશનની દુકાનો ઉપર સોશિયલ ડિસ્ટન્સિંગની ધજ્જિયાં ઉડવા પામી હતી.



દેશભરમાં લોક ડાઉનની પરિસ્થિતિમાં ગરીબ લોકોને રાશન મળી રહે એ માટે રેશન કાર્ડ ધારકો દિન દયાળ ઉપાધ્યાય સરકારી સસ્તા અનાજની દુકાનો ઉપરથી વિના મુલ્યે અનાજ મળવાનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

સુરત પુરવઠા અધિકારીના જણાવ્યા મુજબ ૧૦૦૦થી વધુ રાશનની દુકાન ઉપર અનાજ વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સુરત ગ્રામ્ય વિસ્તારમાં સસ્તા અનાજની દુકાન ઉપર એક શિક્ષક, એક તળાટી , એક પોલીસ અને સરપંચની હાજરી સાથે અનાજ વિતરણ કરવામાં આવશે. ત્યારે સુરત જાહેરમાં એક શિક્ષક, એક પોલીસ અને એનજીઓનો એક માણસની ઉપસ્થિતિમાં અનાજ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

વધુમાં પુરવઠા અધિકારીએ જણાવ્યું હતું કે તમામ દુકાનદારો અને ફરજ પર હાજર રહેનારાને સ્પષ્ટ સુચના આપવામાં આવી છે કે આ અનાજ વિતરણની વ્યવસ્થા દરમિયાન સોશ્યલ ડિસ્ટન્સિંગને અનુસરવાનું રહેશે. વધુમાં તેઓએ જણાવ્યું હતુ કે એનએફસીએ હેઠળ નહીં નોંધાયેલા લોકોને તા. ૪ અપ્રેલિથી અલગ વ્યવસ્થા ગોઠવીને અનાજ વિતરણ કરવામાં આવશે. પરંતુ આજે માત્ર મળવાપાત્ર રેશનકાર્ડ ધારકોને જ અનાજ વિતરણ કરવામાં આવ્યુ છે. પરંતુ જેને મળવાપાત્ર નથી, તેઓ પણ દુકાન ઉપર ધસી ગયા છે, જેને કારણે કેટલીક દુગાનો ઉપર સોસિયલ ડિસ્ટન્સિંગ જાળવી ફરજ પરના કર્મીઓને ભારે મુશ્કેલી થઈ રહી છે.

કોરોના વાઈરસ સામે સમગ્ર દેશે લોકડાઉન સાથે લડત શરૂ કરી છે ત્યારે અનાજ અને શાકભાજીની જરૂરિયાત માટે સરકાર દ્વારા રેશન કાર્ડની દુકાનોમાં આજથી અનાજ વિતરણ કરવાની જાહેરાત કરતા આજે સવારથીજ સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં રેશનનની દુકાનોમાં અનાજ લેવા મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરુષો ઉમટી પડતા ટેર ઠેર અરાજકતાનો માહોલ સર્જાયો હતો. કેટલાક સ્થળે પોલીસ બોલાવવાની નોબત આવી હતી. અને ઠેર ઠેર અનાજ લેવા નિકળી પડેલા લોકો રસ્તાઓમાં પણ મોટી સંખ્યામાં નજરે પડયા હતા.

વ્યારાથી ઓલપાડી મહોલ્લામાં ગયેલી

બે મહિનાની દિકરી સાથે શિક્ષિકાને રાત્રે લોકોએ ઘરની બહાર કાઢી મુકી

સ્થાનિક લોકોની માનસિકતા કોરોના વાઈરસ કરતા પણ વધુ ઘાતક બની

સુરત

સુરતના અઠવાલાઈન્સના ઓલપાડી મહોલ્લાના કેટલાક રહીશોએ કોરોના કરતાં પણ ઘાતક માનસિકતા દર્શાવીને બે માસની પુત્રી સાથે ફરજ બજાવવા આવેલી શિક્ષણ સમિતિની શિક્ષિકાને ઘર બહાર કાઢી મુકી છે.

પોલીસની દરમિયાનગીરી અને અન્ય લોકોની સમજાવટ છતાં પણ કેટલાક લોકોની માનસિકતાના કારણે સુરતમાં કપરા સમયમાં ફરજ બજાવવા આવેલી મહિલાની હાલત કફોડી બની ગઈ છે. બહારની વ્યક્તિને પ્રવેશ નહી તેમ કહીને કાઢી મુકાતા શિક્ષિકાએ બે માસની દિકરી સાથે સમિતિની સ્કુલના પગી રૂમમાં રહેવાની ફરજ પડી છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કુલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી વ્યારાની મહિલાને અઠવાલાઈન્સ ઓલપાડી મહોલ્લાના કેટલાક લોકોનો કોરોના કરતાં પણ કડવો અનુભવ થયો છે. પ્રસુતિની રજા માટે આ શિક્ષિકા હતી ત્યાર બાદ હાલ સુરતમાં કોરોનાની ગંભીર સ્થિતિ જોતાં તે સુરત આવી હતી. શિક્ષણ સમિતિના શિક્ષકો પોતાનો જીવ જોખમમાં મુકીને કામગીરી કરી રહ્યાં છે તેમની સાથેના દુર્વ્યવહારનો બનાવ બની ગયો છે.

અઠવાલાઈન્સ ઓલપાડી મહોલ્લામાં આ શિક્ષિકા વ્યારાથી આવી હોવાનું જાણતાં કેટલાક લોકોનું ટોળું ભેગું થયું હતુ. અમારા વિસ્તારમાં બહારની વ્યક્તિ નહી જોઈએ તેવી જીદ પકડીને લોકો બેઠા હતા. આ વિસ્તારના કેટલાક સમજુ લોકો વિરોધ કરનારાને સમજાવતાં હતા પરંતુ વિરોધ કરનારાઓની માનસિકતા કટ્ટર હોવાથી તેઓ સમાજવા તૈયાર જ ન હતા.

આ શિક્ષિકાને બે માસની પુત્રી હોવાથી બીજી વ્યવસ્થા કરી જતી રહેશે તેમ કહેવામાં આવ્યું હતું પરંતુ લોકોએ રાતો રાત જ મહિલાને ઘર ખાલી કરાવવા માટે જણાવ્યું હતું. દરમિયાન શિક્ષણ સમિતિના કેટલાક હોદ્દેદાર-અધિકારીઓ ગયાં હતા અને પોલીસને જાણ કરી હતી.

પોલીસની દરમિયાનગીરી છતાં પણ ટોળું સમજવા તૈયાર ન હોવાથી જેના કારણે ઓલપાડી મહોલ્લામાં આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સ્કુલમાં પગી રૂમમાં શિક્ષિકાને મોકલવામાં આવી છે.

મકાન માલિકો ભાડુ વસુલ કરવા ભાડુઆત પર દબાણ કરવું નહીં

કામદારોને લોકડાઉન દરમિયાન કપાત વગર મહેનતાણું ચુકવવાનું રહેશે

નવસારી

નોવેલ કોરોના વાયરસ કોવિડ-૨૦૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસ કોવિડ-૨૦૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ વાયરસના સંક્રમણને અટકાવવા ભારત સરકાર દ્વારા ૨૧ દિવસ સુધી લોકડાઉનનો હુકમ કરાયો છે. લોકડાઉન દરમિયાન કેટલીક વિશેષ માર્ગદર્શક જોગવાઈઓ અમલ કરવામાં આવી છે.

નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડને મળેલી સત્તાની રૂએ કેટલાંક પ્રતિબંધો ફરમાવ્યા છે. જેમાં કામદારો/શ્રમિકો/સ્થળાંતર થતા લોકો સહિત કે જે ભાડેથી રહે છે તેમના રહેઠાણ/મકાન માલિકોએ એક માહિના સુધી ભાડુ માંગી શકાશે નહિ. જો કોઈ મકાન માલિક તેમના મકાનમાંથી ભાડે રહેતા શ્રમિકો અને વિદ્યાર્થીઓને તેમની માલિકીની જગ્યા છોડવાનું કહેશે તો ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઈ અનુસાર પગલાં લેવામાં આવશે. કોઈપણ ઉદ્યોગો, કારખાનાઓ, મિલો, વ્યાપારિક/વાણિજયક સંસ્થા દુકાનો, કોન્ટ્રાકટરો, તેમના શ્રમિકોને બળજબરીપૂર્વક કામના રહેઠાણા સ્થળને છોડવાનું કહી શકશે નહિ. તમામ પ્રકારનો રોજગાર પુરો પાડતા ઉદ્યોગો, કારખાનાઓ, મિલો, વ્યાપારીક/વાણિજયક સંસ્થા-દુકાનો, કોન્ટ્રાકટરોએ તેમના તમામ કામદારોને લોકડાઉનના સમય દરમિયાન તેમના ઉદ્યોગો, કારાખાનાઓ, મિલો બંધ રહેલ હોય તો પણ કામના સ્થળે નિયત થયેલા મહેનતાણું, નિયત તારીખે જ કોઈપણ પ્રકારના કપાત વગર પૂરેપુરું ચૂકવવાનું રહેશે. નવસારી જિલ્લાના વિસ્તારોમાં કોરાના વાયરસનું સંક્રમણ ન ફેલાય તે સારું કોઈપણ વ્યકિતએ બિનજરૂરી રીતે ઘરની બહાર નિકળવું નહિ કે અવર-જવર કે જિલ્લાની હદ ક્રોસ કરવી નહી. દરેક લોકડાઉનની ચુસ્તપણે અમલ કરવા જાહેરનામા દ્વારા જણાવાયું છે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી આગામી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

લોક દ્રષ્ટી ટ્રસ્ટ અને રેડ ક્રોસ દ્વારા બે હજાર માસ્કનું વિતરણ

ફુલપાડા વિસ્તારમાં નિઃશુલ્ક માસ્ક અપાયા

સુરત

વિશ્વના મોટાભાગના દેશોમાં કોરોના વાયરસનો વ્યાપ વધ્યો છે ત્યારે સૂરતની અનેક સેવાભાવી સંસ્થાઓ ભોજન, અનાજ કિટ્સથી માંડીને માસ્કનું વિનામૂલ્યે વિતરણ કરીને સેવાકીય કાર્ય કરી રહી છે. ત્યારે સુરતની લોકદ્રષ્ટિ ટ્રસ્ટની ઈલ્વિડયન રેડક્રોસ સોસાયટીની ચોર્યાસી બ્રાંચ તથા શાંતિ ઉત્કર્ષ મહિલા મંડળ દ્વારા એ.કે.રોડ પર ફુલપાડા વિસ્તારમાં ૨૦૦૦ જેટલા માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ ડો.પ્રફુલભાઈ શિરોયાએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસથી બચવા માટે લોકોને સાવચેતીરૂપે સેનટાઈઝરથી હાથને વારંવાર ૨૦ સેકન્ડ સુધી બરાબર સાફ કરવા. શરીદી ખાંસી હોય તો માસ્ક પહેરો અને નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક સાધવાનો અનુરોધ કર્યો હતો. આ સેવાકીય કાર્યમાં ડો.કોમલ દેસાઈ, ડો.હરિકૃષ્ણ શિરોયા, વિશાલ આહીર, હિરેનભાઈ ગજેરા, રાજેશભાઈ મેર, રાજકિશોર બહેરો, કિશોર પટેલ, ઓશકા બાડત્યા, ઈશ્વર બહેરા, જતિન્દ્રનાથ લેકાએ સાથ સહકાર આપ્યો હતો.

સેવા કાર્ય માટે નિરંકારી ભક્તો પણ મેદાનમાંઃ ભોજનનું વિતરણ

તા.૧૪મી સુધી સેવા યજ્ઞ કાર્યરત રહેશે

સુરત

નિરંકરી ભક્તો પણ કોરોના જેવી મહામારી ના સંકટમાં માનવતાનો પરિચય આપી રહ્યા છે. સદગુરુ માતા સુદિક્ષા જી મહારાજના માનવતા અને ભાઈચારાના સંદેશથી પ્રેરિત થઈ સંત નિરંકારી મંડળની સુરત બ્રાન્ચ દ્વારા ગરીબ અને અસહાય લોકોને ભોજન સામગ્રીનું વિવિધ વિસ્તાર માં વિતરણ કરવામાં આવી આવ્યું.

સુરતના ઝોનલ ઈન્ચાર્જ ઓનકાર સિંહ અને નિરંકારી સેવાદળ શિક્ષક જીવનસિંહના નેતૃત્વમાં નિરંકારી સેવાદળ-ભક્તોએ સુરતના પાંડેસરા સ્થિત જી.એચ.બી, પંચવતી સોસાયટીમાં રહેતા આદિવાસી-મજૂરોને પાંચ કિલો લોટ, બે કિલો ચોખા, બે કિલો ખાંડ, એક લિટર તેલ , એક કિલો દાળ અને સૂકી ચા, મીઠું, હળદર અને બિસ્કિટ વગરેના પેકેટ, ખોરાક વગેરે સામગ્રી ઉપલબ્ધ કરાય.

સુરતના ઝોનલ ઈન્ચાર્જ ઓનકાર સિંહે જણાવ્યું હતું કે સદગુરુ માતા સુદિક્ષા જી મહારાજ ઈચ્છે છે કે કોરોના વાયરસના સંક્રમણ ને રોકવા માટે દરેકને લોકડાઉન દરમિયાન તેમના ઘરે રહેવું જોઈએ, પરંતુ કોરોના મહામારીને લીધે કોઈને કોઈ તકલીફ નહિ પડે એ માટે માનવતા ના ધર્મ ને પણ નહિ ભૂલીએ. કોઈ નું ભૂખ્યું પેટ નહિ રહે, આ હેતુ હેઠળ, આદિવાસી-મજૂરો અને ગરીબ-લાચાર લોકોને ભોજનની સામગ્રી વહેંચવામાં આવી રહી છે. સહાયનો આ સિલસિલો ચાલુ રહેશે.

તેમણે કહ્યું કે સહાય દરમિયાન ભારત સરકારના માર્ગદર્શિકાનું પાલન કરીને પરસ્પર અંતરની સંભાળ લેવામાં આવી હતી. તેમણે વધુમાં માહિતી આપતા જણાવ્યું કે ૧૪ માર્ચથી સંત નિરંકારી મિશનના તમામ સત્સંગને બંધ કરી દેવામાં આવ્યા છે, નિરંકારી ભક્તો તેમના ઘરે રોજ સત્સંગ કરે છે.

બીએપીએસ સ્વામીનારાયણ મંદિર દ્વારા ભોજનનું વિતરણ

સુરત

બી.એ.પી.એ.સ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા અનેકવિધ માનવસેવાનાં કાર્યોની અવિરત હારમાળા ચાલતી રહી છે. સમાજમાં જ્યારે પણ કોઈ પ્રાકૃતિક આપત્તિઓ આવી છે ત્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી માહારાજની પ્રેરણાથી, બી.એ.પી.એસ. સંસ્થા વિરાટ સ્તરે સમાજની સાથે ખભેખભો મિલાવી હંમેશા ઉભી રહી છે.

તાજેતરમાં કોરોના વાઈરસ COVID-૧૯ના કારણે વિશ્વભરમાં મહામારી સર્જાયેલી છે ત્યારે, આ ગંભીર કટોકટીના સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજની કરુણા-પ્રેરણાથી, દેશ-વિદેશના અનેક સેન્ટરોમાં સેવા પ્રવૃત્તિ ચાલી રહી છે ત્યારે, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર અડાજણ-સુરત દ્વારા પણ જરૂરિયાતમંદ માટે ફૂડ-પેકેટ્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે. સ્વાસ્થ્યની સંપૂર્ણ કાળજી રાખીને બનાવવામાં આવેલા દાળ-ભાત, શાક-રોટલી સાથેના આ ફૂડ પેકેટ્સ, સુરત શહેરમાં વસતા જરૂરિયાતમંદ લોકો કે જેમને ખૂબ હાલાકી પડી રહી છે તેમને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના સહકારથી પહોંચાડવામાં આવી રહ્યા છે. અત્રે ઉલેખનિય છે કે સમગ્ર શહેર સરકારશ્રીના આદેશથી લૉકડાઉન છે, ત્યારે સંતો અને સ્વયંસેવકો દ્વારા તૈયાર થયેલા આ ભોજન-પ્રસાદથી જરૂરિયાત મંદોને શાતા મળશે. આ વૈશ્વિક મહામારી જલ્દીથી દૂર થાય અને સર્વને સુખ-શાંતિ પ્રાપ્ત થાય તે માટે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ તથા સર્વે સંતો ભગવાન સ્વામિનારાયણ તથા સર્વ અવતારોને નિયમિત પ્રાર્થના કરે છે.

શ્રમિકોને ભોજન માટે ચેમ્બર દ્વારા જથ્થા બંધ અનાજ સહાય કરાઈ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઈ જણાવે છે કે, કલેકટરશ્રી ડો. ધવલ પટેલ, કોરોનાની પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા ખાસ ડેપ્યુટ કરાયેલા શ્રી મહેન્દ્ર પટેલ અને મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધી પાની સાથે મિટીંગ મળી હતી. જેમાં કોર્પોરેશન દ્વારા અક્ષયપાત્ર ફાઉન્ડેશન સંસ્થાના નેજા હેઠળ લેબર વર્ગ તથા તેમના પરિવારજનોને તૈયાર ભોજન પહોંચાડવાની સગવડ ઉભી કરવામાં આવી છે તેમ જણાવવામાં આવ્યુ હતુ. આ સંસ્થા રસોઈ બનાવીને શહેરભરમાં ઝોન વાઈઝ લેબર વર્ગને તૈયાર ભોજન પહોંચાડશે. જેથી તંત્રએ ચેમ્બરને અનાજની સહાય કરવા માટે અપીલ કરી હતી. જેના ભાગરૂપે ચેમ્બર દ્વારા આજરોજ અક્ષયપાત્ર ફાઉન્ડેશનને ૨૫૦૦ કિલો ચોખા, ૨૫૦૦ કિલો દાળ, બે હજાર કિલો ઘઉનો લોટ અને એક હજાર લીટર તેલ જેવી સાધનસામગ્રી પહોંચાડવામાં આવી હતી. ભવિષ્યમાં પણ જરૂર પડે તો સાધનસામગ્રીની સહાય કરવાની ખાતરી ચેમ્બરે તંત્રને આપી હતી. કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવેલા માનવતાના આ ઉમદા કાર્યમાં જોડાવવા માટે શહેરની તમામ સ્વૈચ્છીક સંસ્થાઓ અને શહેરીજનોને ચેમ્બર દ્વારા વિનંતિ પણ કરવામાં આવે છે.

જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમને રોજના હજાર ફોન કોલ્સ

વધારે પડતા સુરત બહાર જવા માટે વ્યવસ્થા કરવા માટેના ફોનો મળી રહ્યા છે

સુરત

સુરત જિલ્લા કલેક્ટર દ્વારા કાર્યરત કંટ્રોલ રૂમના હેલ્પલાઈન ૧૦૭૭ ઉપર રોજના ૭૦૦ થી ૧૦૦૦ જેટલા ફોન કોલ્સ લોકોના આવી રહ્યાં હોવાનું જાણવા મળે છે. જેમાં વિશેષ કરીને સુરત બહાર જવાની મદદ માટે કે કંઈ વ્યવસ્થા કરી દેવા માટેના ફોન કોલ્સનો રાફડો ફાડ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલના કોરોના વાયરસની મહામારીને ધ્યાને લઈને સમગ્ર દેશમાં વડાપ્રધાન દ્વારા લોકડાઉન લાગુ કરાયા બાદ કોઈપણ વ્યક્તિને પોતાના ઘરમાંથી બહાર નિકળવા ઉપર કડક પાબંધી લગાવી દેવામાં આવી છે. આવી સ્થિતિમાં સુરતમાં લોકોની મદદ માટે જિલ્લા કલેક્ટર દ્વારા પોતાના તાબાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ મારફત ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ શરુ કરવામાં આવ્યો છે.જેના માધ્યમથી ૧૦૭૭, ૧૦૭૦ તથા ૧૦૪ હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યાં છે. આ નંબરો પૈકી ૧૦૭૭ જનરલ સેવાઓ માટે છે. ૧૦૭૦ ટ્રાન્સપોર્ટેશન સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે છે. જ્યારે ૧૦૪ લોકોને મેડિકલ સહાય ઉપલબ્ધ કરવા માટે કાર્યરત છે. આ ત્રણ નંબરો પૈકી ૧૦૭૦ ની સેવા સીધી ગાંધીનગર સ્ટેટ કંટ્રોલ રૂમના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે. જ્યારે ૧૦૪ની મેડિકલ સંબંધિત જે કંઈ સેવા છે. તેના માટે શહેરી વિસ્તાર હોય તો કોર્પોરેશનની મદદ મેળવવામાં આવે છે જ્યારે ગ્રામ્ય વિસ્તાર હોય તો જે તે તાલુકાના મામલતદારો કે તલાટીઓના નંબરો આપી આ સહાયની સુવિધા જરુરીયાતમંદોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

જ્યારે ૧૦૭૭ જે જનરલ નંબર છે તેના ઉપર વિવિધ પ્રકારની જરુરીયાત માટે લોકોના જે ફોનો આવે છે, તેમને ડીઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમ દ્વારા શક્ય હોય તેટલી થઈ શક્તિ મદદ કરવામાં આવી રહી છે. પરંતુ આ નંબરો ઉપર વિશેષ કરીને લોકોને સુરત બહાર જવા માટેની વ્યવસ્થા સંબંધિત કોલ્સ વધારે આવી રહ્યાં છે. જેના ઉપરથી એવુ પ્રતિત થાય છે કે સુરત બહાર લોકો જવા માટે અધીરા બન્યાં છે. ત્યારબાદ ઘણા બધા સ્લિમ એરિયામાંથી જમવાની વ્યવસ્થા માટેની પણ ફોન કોલ્સ આવી રહ્યાં છે. આવા વ્યક્તિઓની એન.જી.ઓ. મારફત મદદ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

માલાભાઈ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ૫ હજાર અનાજ કિટનું વિતરણ

માલાભાઈ સારાભાઈ એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઈ ભરવાડે ભટારના ઠાકરધણી ગ્રુપના યુવાનોને સાંકળી કોરોનાની કટોકટી દરમિયાન જરૂરિયાતમંદ લોકો માટે ૫ હજાર અનાજ કિટનું વિતરણ કર્યુ છે. જેમાં દરેક કિટમાં ૨૦ કિલો ઘઙ્ગ ૩ કિલો ચોખા, ૧કિલો ખાંડ, ૧ કિલો દાળ તેમજ કિલો સિંગતેલ સહિત અઢીસો અઢીસો ગ્રામ મસાલાનો સમાવેશ કરાયો છે.

બે સર્ગભા મહિલાઓને પલસાણા ખાતે સુરક્ષિત આશરો અપાયો

સુરત

કોરોનાનો કહેર અને લોક ડાઉનની સ્થિતિ છે. ત્યારે પૈસાની તંગીના કારણે મજુરોનું ટોળુ પલસાણા હાઈવે પરથી પસાર થઈ રહ્યું હતું. જેમાં બે મજુર મહિલા ગર્ભ અવસ્થામાં ચાલતી ચાલતી જતી હોવાનું જણાઈ આવતા સ્થાનિક આરોગ્ય ખાતું પણ દોડતું થઈ ગયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થઆન તથા મધય પ્રદેશ થી કેટલાક મજુરો પલસાણાના વિસ્તારમાં રોજી રોટી માટે દસ દિવસ પહેલા આવેલા હતા હાલ કોરોનાએ કાળો કેહેર વતાવ્યો છે ત્યારે સમગ્ર વિસ્તારમાં લોક ડાઉનની પરિસ્થિતિ ઉભી છે જેથી રોજગાર ધંધા બંધ રહેતા મજુરો આર્થિક તંગીમાં આવી ગયા છે ત્યારે ગત રોજ મજુરોનું ટોળું વતન જવા માટે પલસાણા હાઈવે પરથી પદયાત્રા કરી રહ્યા હતા ત્યારે તેમાંથી મધ્ય પ્રદેશની બે મજુર મહિલા પેટમાં ૮ થી ૯ માસના ગર્ભ સાથે હાથમાં છોકરુ લઈ ચાલતા જતા હતા આ અંગે જાણ થતા પલસાણા મામલતદાર સ્થળ ઉપર આવી ગયા હતા. અને ગર્ભવતિ મહિલાઓને આશરો આપી પ્રાથમિક સારવાર અર્થે તેઓ પલસાણાની સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

લોકોની રક્ષા કરતી નર્મદા પોલીસના રહેણાંક મકાનો અને પો.સ્ટે.નોને સેનેટાઈઝ કરાયા



નર્મદા પોલીસ દ્વારા તમામ પોલીસ લાઈન તેમજ પોલીસ સ્ટેશન સેનેટાઈઝ કરાયા

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

કોરોના વાઈરસ(coid 19)ને નાથવા માટે સમગ્ર ભારત દેશ તકેદારીના પગલાં લઈ રહ્યું છે ત્યારે ગૃહ વિભાગ દ્વારા તકેદારીનાં તમામ પગલા લેવા માટે મળેલ દિશા-નિર્દેશ અને વડોદરા રેંજના પોલીસ મહાનિરિક્ષક અભય ચુડાસમાંની સૂચનાથી અને પોલીસ અધિક્ષક હિમકર સિંહનાં માર્ગદર્શનમાં નાયબ પોલીસ અધિક્ષક મુખ્ય મથક સુ.શ્રી.ચેતનાબેન એન ચૌધરીની આગેવાનીમાં બુધવારે નર્મદા પોલીસ દ્વારા તમામ પોલીસ લાઈન અને તમામ પોલીસ સ્ટેશનને સેનેટાઈઝ કરવામાં આવ્યા હતા.

કોરોના વાઈરસ (covid 19) ને WHO દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરવામાં આવી છે અને ભારત સરકાર તરફથી તકેદારીનાં તમામ પગલા લેવા માટે નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે જેથી વડી કચેરી તરફથી સોડિયમ હાઈપોકલોરાઈડ સોલ્યુશનની ફાળવણી નર્મદા પોલીસને કરવામાં આવી હતી, જેથી તમામ પોલીસ લાઈન તેમજ પોલીસ સ્ટેશનને સેનેટાઈઝ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

આ અંગે જિલ્લા પોલીસ વડા હિમકર સિંહે જણાવ્યું કે સમગ્ર ભારત આજે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી મળેલ નિર્દેશો મુજબ કોરોના વાઈરસ (covid 19) સામે રક્ષણ મેળવવા માટે તકેદારીના પગલાં લઈ રહ્યું છે જેથી નર્મદા પોલીસની તમામ પોલીસ લાઈન અને તમામ કચેરીઓને આજે સોડિયમ હાઈપોકલોરાઈડ સોલ્યુશન દ્વારા સેનેટાઈઝ કરવામાં આવી હતી.

આ વૈશ્વિક મહામારીમાં જ્યારે નર્મદા પોલીસ ખડે પગે બંદોબસ્તમાં વ્યસ્ત છે ત્યારે રેંજના વડા અને જીલ્લા પોલીસ વડાનું આ કદમ પોલીસ પરીવાર માટે એક ઉમદા કદમ કહી શકાય.

કોરોના વાઈરસને લીધે તણાવ વધતા એન્ગઝાઈટીના રોગ માટે મનોચિકિત્સા હેલ્પલાઈન

હેલ્પ લાઈન ૩૧મી માર્ચથી ૧૪મી એપ્રિલ સુધી કાર્યરત રહેશે: નિ:શુલ્ક સેવા અપાશે

સુરત

કોરોનાવાયરસને કારણે સુરતમાં લોકડાઉન દરમિયાન ઘરમાં કેદ લોકોમાં તણાવ અને એન્ગઝાઈટીના રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. જેના પગલે ઈન્ડીયન મેડીકલ એસોસિએશન સુરત દ્વારા સોય તથા સનસાઈન હોસ્પિટલ સાથે વિનામૂલ્યે મનોચિકિત્સા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જેમાં સવારે ૮ થી સાંજે ૮ સુધી સુરતના જાણીતા મનોચિકિત્સક ડોક્ટરની ટીમ દ્વારા નિ: શુલ્ક સેવા આપવામાં આવશે. આ હેલ્પલાઈન ૩૧મી માર્ચથી ૧૪ એપ્રિલ સુધી કાર્યરત રહેશે.

સુરતમાં કોરોના વાઈરસ સામેની લડત માટે ૨૧ દિવસના લોક ડાઉનના દિવસો દરમિયાન ઘરમાં રહીને કંટાળેલા લોકોમાં માનસિક તણાવ તથા ચિંતામાં વધારો થયો છે જેને કારણે ધંધા , રોજગાર બંધ હોવાના કારણે ફરીથી આર્થિક મંદીના દોરમાંથી પસાર થવા સહિત અનેક કારણોને લીધે લોકોના માનસિક તણાવમાં વધારો થયો છે. કોરોના વાઈરસના લીધે લોકોએ સોશિયલ ડિસટન્સ જાળવવાનો સંભવત આ સૌથી પહેલો પ્રસંગ છે. લોકો કોરોના વાઈરસની ભયાનકતાને લગતા સમાચારો તથા સોશિયલ મીડિયામાં ફેલાતી અફવાઓ તથા ફેક ન્યુઝથી દોરવાઈને ગંભીર માનસિક તણાવ અનુભવી રહ્યા છે. જેના પગલે કોરોના વાઈરસના કારણે લોકોની માનસિકતા સંબંધિત અનેક પ્રશ્નોના મુદ્દે વિનામૂલ્યે મનોચિકિત્સા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે.

વધુ આઠ શંકાસ્પદ કોરોન્ટાઈન ૧૦૮ લોકોનો રિપોર્ટ નેગેટિવ

અઢી વર્ષનું બાળકનું બાળ સ્મીમેરમાં કોરોન્ટાઈન હેઠળ

સુરત

કોરોના વાઈરસના આજ દિન સુધી ૧૨૦ શંકાસ્પદ કેસો નોંધાયા છે. પોઝીટીવ ૯ કેસ છે, જ્યારે ૧૦૫ વ્યક્તિના નેગેટિવ રિપોર્ટ આવ્યા છે. ૬ દર્દીના કેસ પેન્ડિંગ છે. આજે આઠ નવા દર્દીઓને કોરના વાઈરસના શંકાસ્પદ દર્દી તરીકે સરકારી કોરોન્ટાઈમાં રખાયા છે. જેમાં ઘોડ દોડ રોડના ૭૬ વર્ષીય યુએઈ ટ્રાવેલ ધરાવતા પુરુષ ને નવી સિવિલ હોસ્પિટલમાં રખાયા છે. જ્યારે રાંદેરના ૮૧ વર્ષીય વ્યક્તિને લાઈફ લાઈન હોસ્પિટલમાં , કતારગામના ૩૪ વર્ષીય પુરૂષને સ્મીમેર હોસ્પિટલમાં, ચૌટા બજારના ૩૭ વર્ષીય પુરૂષને જે આફ્રિકાની હિસ્ટ્રી ધરાવે છે તેઓને નવી સિવિલ હોસ્પિટલમાં, સુમુલડેરી રોડના ૭૦ વર્ષીય વ્યક્તિનો ટ્રી સ્ટાર હોસ્પિટલમાં, ઉનના ૨.૮ વર્ષીય બાળકને સ્મીમેર હોસ્પિટલ, અમરોલીના ૬૫ વર્ષીય પુરુષ અને નવસારી બજારના ૩૮ વર્ષીય પુરુષને સ્મીમેર હોસ્પિટલ ખાતે કોરોન્ટાઈન હેઠળ રખાયા છે.

હોમ ક્વોરન્ટાઈનનો ભંગ: યુવકને ૨૫ હજારનો દંડ ફટકારાયો

સુરત

કોરોના વાઈરસ પ્રસરે નહીં તે માટે સરકાર દ્વારા કડક નિયમનો અમલ કરવામાં આવી રહ્યો છે. સુરતના યુવકને હોમ ક્વોરન્ટાઈના ભંગ બદલ રૂપિયા ૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. સુરતમાં રહેતા જયેશભાઈ હસમુખભાઈ શાહને કોરોના થયો હતો. તેઓને ૧૪ દિવસ માટે હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા પરંતુ આ નિયમનો ભંગ કરીને તેઓ ઘર બહાર નીકળી ગયા હતા. જે બદલની જાણ થતાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને તેમને રૂપિયા ૨૫ હજારનો દંડ કર્યો છે.

સ્મીમેરમાં મલ્ટીલેયર પાર્કિંગમાં આયશોલેશન વોર્ડ તૈયાર કરાયો

નવી વ્યવસ્થાનું મેયર તતા મ્યુનિ. કમિશનરે નિરીક્ષણ કર્યું

સુરત

સુરત મહાનગર પાલિકા દ્વારા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં આવેલ મલ્ટી લેયર પાર્કિંગ કોરોના વાઈરસના માટે શંકાસ્પદો કેસો માટે આયસોલેશન બોર્ડમાં ફેરવામાં આવ્યું છે આ મલ્ટી લેયર પાર્કિંગમાં તૈયાર કરાયેલા આયશોલેશન વોર્ડનું મનપા કમિશનર બચ્છાનિધી પાની એ મેયર ડો જગદીશ પટેલે નિરીક્ષણ કર્યું હતું.

કોરોના વાઈરસના શંકાસ્પદ વધતા કેસોને ધ્યાનમાં રાખીને વધુ એક અબાયદી વ્યવસ્થા સુરત મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવી છે. જે મુજબ સ્મીમેર ખાતે મલ્ટી લેયર પાર્કિંગને આયશોલેશન વોર્ડમાં તબદીલ કરવામાં આવ્યું છે. જયા તમામ પ્રકારની સુવિધા ઉભી કરવામાં આવી છે. રોજ રોજ કોરોના વાઈરસના શંકાસ્પદ કેસોમાં વધારો નોંધાતો જાય છે. સરકારી કોરોન્ટાઈન સમરસ હોસ્ટેલમાં શંકાસ્પદ દર્દીઓ માટેની વ્યવસ્થા છે. પરંતુ વધુ કેસ આવે એ માટે મનપા તંત્રો સ્મીમેર હોસ્પિટલમાં વધુ એક અલાયદી આ વ્યવસ્થા ગોઠવી દીધી છે.

કોરોના મહામારીના સમયગાળામાં થતા સાયબર ફ્રોડ સામે સુરક્ષા

વર્તમાન સમયગાળામાં સમગ્ર વિશ્વ કોરોના જેવા મહારોગ સામે ઝઝૂમી રહ્યુ છે અને આવા કપરા સમયે સમગ્ર ભારત દેશમાં સંપુર્ણ લોકડાઉનનો માહોલ છે.

દેશનાં તમામ નાગરિકો પોતાના ઘરે હોઈ અને ઘરમાં બેઠેલા વ્યક્તિઓ પોતાના મોબાઈલ ડિવાઈસમાં 'કોરોનાં લેટેસ્ટ અપડેટ' નાં આંકડાઓની માહિતી મેળવવા માટે સર્ચ કરતા હોઈ છે.

પરંતુ સોશિયલ મીડિયાના માધ્યમથી કે ટેક્સ્ટ સંદેશાના માધ્યમથી આવેલી 'કોરોનાં લેટેસ્ટ અપડેટ' નામની કોઈ પણ લિંક ઉપર ક્લિક કરવું જોઈએ નહી.

જો તમને કોઈ પણ વ્યક્તિએ આવી લિંક મોકલેલી હોઈ તે અંગે તમને ચોક્કસતા હોઈ તો જ તેમની ઉપર ક્લિક કરવું જોઈએ. જો આ સિવાયની કોઈ પણ અજાણી લિંક ઉપર ક્લિક કરવાથી આપણુ બેન્ક એકાઉન્ટ સાફ થવાની શક્યતા છે.

અત્યાર સમયમાં પ્રધાનમંત્રી રાહત ફંડ અથવા મુખ્યમંત્રી રાહત ફંડ માં દાન કરવાની લિંક જે આવે છે તે અંગે પણ અમુક ફ્રોડ લિંક હોઈ છે અને તે ફ્રોડ લિંક ઉપર ક્લિક કરવાથી એકાઉન્ટ પણ સાફ થઈ શકે છે અથવા જે કોઈ વ્યક્તિ દાન કરે તે તમામ દાન ફ્રોડ એકાઉન્ટ માં જમા થતુ હોઈ છે.

આથી આપણે સતર્ક રહેવું એજ સલામતી અને સુરક્ષા છે.. જો આવુ સાયબર ફ્રોડ થાય તો તમારાં શહેરનાં સાયબર સેલ અને નજીકના પોલીસ સ્ટેશન નો સંપર્ક કરી શકો છો... કોરોના વાયરસ અંગે નિવેદન, અફવા અથવા ખોટો અહેવાલ બનાવે છે, પ્રકાશિત કરે છે અથવા પ્રસારિત કરે તો IPC (ભારતીય ફોજદારી ધારા) તેમજ IT Act (ઈન્ફોંરમેશન ટેક્નોલોજી એક્ટ) મુજબ ગુનો બને છે..

૩૯માંથી ૧૫ લોકોનો સંપર્ક થયો

મરકઝ કાર્યક્રમ: વલસાડના ૩૯ લોકો ગયા હોવાનો ખુલાસો

વાપી

દિલ્હીના નિઝામુદ્દીન ખાતે તાજેતરમાં ધાર્મિક સ્થળ પર મરકઝના યોજાયેલા કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના ૩૯થી વધુ લોકો ગયા હોવાનું બહાર આવ્યું છે. જેને પગલે વહીવટી તંત્રનું ટેન્શન વધી રહ્યું છે. જિલ્લા આરોગ્ય વિભાગે આ લોકોને શોધવા કવાયત આદરી છે. ૩૯માંથી ૧૫ લોકોનો સંપર્ક થઈ શકયો છે.

બીજી તરફ આ ધાર્મિક કાર્યક્રમમાં વલસાડ જિલ્લામાંથી ૩૯થી વધુ લોકો ગયા હતા અને તમામ લોકો પર આવ્યા હોવાની માહિતી બહાર આવતા જિલ્લા વહીવટીની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે. પોલીસની મદદથી જિલ્લા આરોગ્ય વિભાગે કાર્યક્રમમાં ગયેલા લોકોને શોધવાની કામગીરી શરૂ કરી દીધી હતી. વલસાડ જિલ્લાના ૫૦થી વધુ લોકોએ મરકઝના કાર્યક્રમમાં હાજરી આપી હોવાનું ખુલતા ભારે ખળભળાટ મચી ગયો છે.

નિજામુદ્દીન ગયેલા ૩૯માંથી ૨૪ લોકો પરત આવ્યા હતા. વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ અને પોલીસે આ લોકોને શોધવા હાથ ધરેલી તપાસમાં ૧૦ લોકોનો સંપર્ક થઈ શક્યો છે. જ્યારે ૧૫ લોકો હજી પરત આવ્યા નથી. તો અન્ય ૧૪ લોકોનો સંપર્ક થઈ શક્યો નથી. સંપર્ક કરાયેલા ૧૫ લોકોનું મેડિકલ પરિક્ષણ કરાયા બાદ જ કોરોના વાયરસના લક્ષણો છે કે નહી તે બહાર આવી શકશે. આ ઉપરાંત દા.ન.હવેલીમાંથી છ અને દમણથી ત્રણ લોકો નિઝામુદ્દીન ગયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

સસ્તા અનાજની દુકાનો પર લોકોને રાશન આપવાની શરૂઆત

શંકાસ્પદ લક્ષણોથી વૃદ્ધનું મોત: કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા હાશકારો

સુરત

શહેરમાં કોરોના વાઈરસનો પોઝિટિવ કેસનો આંકડો ૧૦ પર પહોંચ્યો છે. જેમાં એક વૃદ્ધનું મોત અને એક મહિલા રિકવર થઈ છે. હાલ સુરતમાં લોકલ ટ્રાન્સમિશનનના કેસમાં વધારો ન થાય તે માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. દરમિયાન ગત રોજ શંકાસ્પદ લક્ષણો જણાતા એક વૃદ્ધને દાખલ કરવામાં આવ્યા હતા અને સેમ્પલ લેવામાં આવ્યા હતા. રિપાર્ટ આવે તે પહેલા જ તેનું થયું હતું. જોકે, ત્યારબાદ તેનો રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ રાહત અનુભવી હતી. આજથી રાશ કાર્ડધારકોને સસ્તા અનાજની દુકાન પર રાશન આપવાની શરૂઆત કરવામાં આવી છે. સવારથી લોકો રાશન લેવા ઉમટી પડ્યા છે.

ભટાર વિસ્તારમાં રહેતા ૮૩ વર્ષીય વૃદ્ધને શંકાસ્પદ લક્ષણો જણાતા ગત રોજ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી તેમના સેમ્પલ લેવામાં આવ્યા હતા. દરમિયાન વૃદ્ધનો રિપોર્ટ આવે તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું. જોકે, ત્યારબાદ તેમનો રિપોર્ટ નેગેટીવ આવતા આરોગ્ય વિભાગે રાહત અનુભવી હતી. સિંગણપોરમાં રહેતો ૨૯ વર્ષીય યુવક હીરાના વ્યવસાય સાથે સંકળાયેલો છે. ૨૯ ફેબ્રુઆરીએ તે દુબઈથી આવ્યો હતો. ૧૫, ૧૬ અને ૧૭ માર્ચે ઘોડદોડ રોડ રહેતા પોઝિટિવ દર્દીના સંપર્કમાં રહ્યો હતો. સોમવારે તેને શંકાસ્પદ લક્ષણો જણાતા સ્મીમેરમાં દાખલ કરાયો હતો. આ યુવકનો મંગળવારે રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સાથે મંગળવારે કુલ ૧૯ શંકાસ્પદ દર્દીઓ પણ સામે આવ્યા હતા. જ્યારે ગઈકાલના પેન્ડિંગ ૪ સહિત કુલ ૨૩ માંથી ૧૭નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. હાલ ૬ વ્યકિતના રિપોર્ટ પેન્ડિંગ છે.

અમરોલી છાપરાભાઠા સ્થિત મથુરા નગરી સોસાયટીમા રેડ ક્રોસ બ્લડ બેન્ક દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન





સુરત પાસેના અમરોલી છાપરાભાઠા સ્થિત મથુરા નગરી સોસાયટીમા રેડ ક્રોસ બ્લડ બેન્ક દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું.આ બ્લડ ડોનેશન કેમ્પ રાખવાનો મુખ્ય હેતુ ખોડલધામ ગ્રુપના યાજ્ઞિકભાઈ અકબરી અને મેહુલભાઈ અકબરી ના ૨૬ અને ૨૪ માં જન્મદિવસ નિમિત્તે તેમજ કોરોના વાયરસની મહામારી ના લીધે દરેક બ્લડ બેંકોમાં અમુક બ્લડ ગૃપ ની અછત વર્તાઈ રહી હતી એ સમાચાર સાંભળી આ બંને યુવાનોના ગ્રુપ દ્વારા એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ બ્લડ ડોનેશન કેમ્પમાં જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ અને રેડ ક્રોસ બ્લડ બેંકના ચેરમેન ડોક્ટર પ્રફુલભાઈ શિરોયા,સુરત શહેર ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના પ્રમુખ મહેન્દ્રભાઈ દેસાઈ, વોડ ૧ ના પ્ર. મુકેસ દેસાઈ,ડો ભાવિન ઉપસ્થીત રહ્યા હતા.ખોડલધામ અમરોલીના કન્વીનર યાજ્ઞિકભાઈ અકબરી,આયોજક તરીકે ખોડલ ધામ સુરતના કારોબારી સભ્ય વિજયભાઈ સાંગાણી, દીપકભાઈ અકબરી, કલ્પેશભાઈ વરસાણી, રવિભાઈ વાઘાણી તેમજ મથુરા નગરી સોસાયટીના દરેક સભ્યોએ આ બ્લડ ડોનેશન કેમ્પમાં સાથ સહકાર આપ્યો હતો.આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૧ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું જે રેડક્રોસ બ્લડ બેન્ક ને સમર્પિત કરવામાં આવ્યું હતું.

યાજ્ઞિકભાઈ એ જન્મદિવસના આ શુભ અવસર પર દરેક દેશવાસીઓને પોતાના જન્મદિવસ નિમિત્તે દેશ માટે કંઈક ને કંઈક કરવા માટે હાકલ કરી હતી.

વિવિધ વિસ્તારોમાં સેનેટાઈજેસન માટે દવા અને પંપનું વિતરણ

સુરત

ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરિયા, શ્રી કિશોરભાઈ બિંદલ અને શ્રી દામજીભાઈ માવાણી એક અખબારી નિવેદનમાં જણાવે છે કે, હાલની મહામારી કોરોના વાયરસ કોવિદ ૧૯ની પરિસ્થિથિમાં ભારતીય જનતા પાર્ટી- સુરત મહાનગર દ્વારા શહેરના તમામ વોર્ડમાં સોસાયટી, એપાર્ટમેન્ટ, શેરી, મહો◌ા, વસાહત જેવા વિવિધ વિસ્તારને સેનેટાઈઝેશન કરવા માટે વોર્ડ દીઠ (ચાર) તથા સાંસદ શ્રીઓ ધારાસભ્યશ્રીઓ, મુખ્ય પદાધિકારીશ્રીઓને દવા છાંટવાના પંપ તથા સાથે દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. હાલની મહામારી કોરોના વાયરસની પરિસ્થિથિમાં શહેરના વિવિધ વિસ્તારોને રોગમુક્ત તથા સ્વચ્છ રાખવા માટે કાર્યકર્તાઓ તથા શહેરીજનોને નર વિનંતી છે.

ઉપરોક્ત દવા છાંટવાના પંપ તથા દવા વિતરણ કાર્યક્રમમાં શહેરના વિવિધ વિસ્તારોને સેનેટાઈઝેશન કરવા માટે પંપ દીઠ ફક્ત ૨ કે ૩ કાર્યકર્તાઓ સાથે રહીને પોતાની તથા અન્યનીતકેદારી રાખીને રોજ રોજ સેનેટાઈજેશનનો કાર્યક્રમ કરાશે. જેથી આપણું શહેર સ્વચ્છ તથા શહેરીજનો નિરોગી રહે.

કોરોનાના હાઉ માટે સરકાર સજાગ પરંતુ કચરા બાબતે રાજપીપળા માં તંત્રની લાલીયાવાડી..?!



રાજપીપળાના વોર્ડ નં.૫ માં ડોર ટુ ડોર કચરો લેવા આવતી બહેનો ૧૫ દિવસ થી ન ફરકતા રોગચાળાની દહેશત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નગર પાલિકા દ્વારા આમ તો શહેરમાં સ્વચ્છતા બાબતે કાળજી લેવાય છે પરંતુ કેટલાક વિસ્તારો માં નિયમિત અને યોગ્ય સફાઈ ન થતા કે કચરો ઉઘરાવવા બાબતે ની પણ બુમ ઉઠતાં હાલ કોરોના જેવી મહામારી ટાણે રોગચાળો વકરે તેવી દહેશત લોકોમાં ફેલાઈ છે.

રાજપીપળા વોર્ડ નં.૫ માં માલીવડ,પારેખ ખડકી સહિતની કેટલીક ગલીઓમાં સફાઈ કામદારો અનિયમિત આવતા હોય અથવા આવે તો સફાઈ બાદ કચરો ગટરો માં જ જવા દેતા હોવાની બુમ સંભળાઈ રહી છે.સાથે સાથે ડોર ટુ ડોર કચરો ઉઘરાવવા આવતી બહેનો લોકડાઉન જાહેર થયું ત્યારે થી આ વોર્ડ માં એક પણ દિવસ આવી ન હોય લોકોના ઘરોના ડસ્ટબીન કચરા થી ઉભરાઈ ગયા જ્યારે કેટલાક લોકોના ડસ્ટબીન માં ઈયળો પણ પડી ગઈ હોવાની માહિતી મળી હોય કોરોના ના હાઉ વચ્ચે નવો કોઈ રોગચાળો ફાટે તેવા ભય થી આ વોર્ડના લોકો ફફડી રહ્યા છે.જોકે કેટલાક સ્થાનિકો એ મૌખિક,લેખિત જાણ કરવા છતાં આ વોર્ડ માં તકલીફ દૂર ન થતા તંત્રની કામગીરી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.

આ બાબતે આ વિસ્તારના સફાઈ સુપરવાઈઝર ને પૂછતા એકનું કહેવું છે કે બધી બહેનો હાજરી પુરવા તો આવે છે આ વોર્ડમાં કેમ નથી આવતી હું કાલે ચેક કરું,જ્યારે અન્ય આ તરફના બીજા સુપરવાઈઝરે બે દિવસ પહેલા વિઝિટ કરી ત્યારે એમ જણાવ્યું કે કોરોના ના ડર ના કારણે કેટલીક બહેનો રજા પર જતી રહી છે...સાચું કોણ..?

મારા ડસ્ટબીનમાં ઈયળો પડી જતા મેં અરજી આપી ત્યારે એક દિવસ બહેનો આવી : પ્રજ્ઞેશ રામી

વોર્ડ નં.૫ માં રહેતા સામાજિક કાર્યકર પ્રગનેસ રામી એ જણાવ્યું કે મારા વિસ્તારમાં ૧૫ દિવસ થી કચરો લેવા બહેનો ન આવતા મારા ઘરના ડસ્ટબીન માં ઈયળો પડી ગઈ મેં અરજી આપી ત્યારે આજે બહેનો આવી પરંતુ કેટલા દિવસ આવશે એ કહી ના શકાય.આવી મહામારી ના સમયે પાલીકા એ દરેક વોર્ડ માં સાફ સફાઈ,કચરા બાબતે ખાસ કાળજી રાખવી જોઈએ.નહિ તો રોગચાળો ફાટશે તો જવાબદાર કોણ..?

પ્રજાના સાચા સેવક : રાજપીપળા શહેરમાં નાંદોદ ધારાસભ્ય એ ૨૫૦ જેટલા લોકોને માસ્ક વિતરણ કર્યા



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના મહામારી માં લોકો ડર અનુભવી રહ્યા છે ત્યારે મોઢા પર માસ્ક ખૂબ જરૂરી બન્યું હોય પરંતુ અચાનક આ મહામારી આવી પડતા બજારમાં માસ્ક ઉપલબ્ધ મ હોય અને જેની પાસે હોય એવા કેટલાક લોકો માસ્ક ની બમણી કિંમત વસુલાતા હોવાથી ગરીબ વ્યક્તિઓ માટે એ ખરીદવા અસંભવ બન્યા હતા અને વગર માસકે જોખમરૂપ ફરતા હોય તેવા સમયે નાંદોદ ધારાસભ્ય પી.ડી.વસાવા દ્વારા આજે આવા વિના માસ્કે ફરતા ૨૫૦ જેટલા લોકોને વિના મૂલ્યે માસ્ક આપી કોરોના જેવા વાયરસ સામે રક્ષણ અપાયું હતું.અને એ પણ ધારાસભ્ય પી.ડી.વસાવા એ લોકોને જાતે બાંધી આપ્યા હતા.ત્યારે આવા રાજકીય નેતાને સાચા અર્થ માં પ્રજા ના સેવક કહીએ તો કોઈ અતિશયોક્તિ નથી.

લોકડાઉન અમલ : નર્મદા જીલ્લામાં જાહેરનામા ભંગ બદલ નેત્રમ કમાન્ડ કંટ્રોલ સેન્ટરના CCTV કેમેરાના સર્વેલન્સ દ્વારા ૪ પર કાર્યવાહી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હિમકર સિંહ (IPS), પોલીસ અધિક્ષક નર્મદાનાએ હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ અનુસંધાને દેશવ્યાપી લોકડાઉન બાબતે જાહેર જનતાની સુરક્ષા માટે જાહેરનામાં બહાર પાડેલ હોય જે જાહેરનામાં ભંગ બદલ તથા લોકોમાં જાગૃતતા લાવવા માટે જાહેર જનતા ઘરે રહી સુરક્ષિત રહે તે માટે વારંવાર અપીલ કરવામાં આવી હોવા છતા કેટલાક વ્યક્તિઓ પોતાની મનમાની કરતા તેમજ સરકાર દ્વારા આપવામાં આવતા લોકડાઉનની અવગણના કરતા હોય જેથી આવા વ્યક્તિઓ સામે જાહેરનામા ભંગ બદલના ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા જણાવતા નર્મદા પોલીસ દ્વારા તા.૦૧ એપ્રિલ ના રોજ નેત્રમ કમાન્ડ કંટ્રોલ સેન્ટર રાજપીપળા ના CCTV કેમેરા આધારે નવા ફળીયામાં સર્વેલન્સ દરમિયાન કેટલાક લોકો જાહેરનામાંનો ભંગ કરતા જણાતા રાજપીપળા પોલીસ સ્ટેશન મારફતે CCTV કેમેરામાં જણાઈ આવેલ વ્યક્તિઓ પૈકી (૧)સાજીદખાન મંસુરખાન મલેક (૨)કમલેશભાઈ મનુભાઈ માછી (૩)મહોબતખાન આલમખાન મલેક (૪)બાદશાહખાન ફિરોજખાન દાયમાની અટક કરી તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસ જાહેર જનતા માટે જ આ કડક કાયદાનું પાલન કરાવવા કટીબધ્ધ છે. તેમજ કોરોના વાયરસથી જાહેર જનતા સુરક્ષિત રહે અને સરકારના લોકડાઉનને સમર્થન મળી રહે તેના સંપૂર્ણ પ્રયાસ કરવા નર્મદા પોલીસ સતત તત્પર છે.

લોકડાઉન માં મફત અનાજ લેવા રાફડો ફાટ્યો

સર્વર સ્લો ચાલતા દુકાનદારો મુકાયા મુશ્કેલીમાં: સોસિયલ ડિસ્ટન્સના પણ ધજાગરા

રાજપીપળા સસ્તા અનાજની દુકાનોમાં અનાજનું વિતરણ : જોકે મોટાભાગની દુકાનોમાં સોસિયલ ડિસ્ટન્સનો અમલ ન જળવાયો



દરેક સસ્તા અનાજની દુકાન બહાર જીઆરડી જવાનો ઉભા છે,વર્તુળ દોરાયા છે છતાં ઉતાવળા બનેલા ગ્રાહકો સોસિયલ ડિસ્ટન્સ જાળવતા નથી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

લોકડાઉન સમયે ગરીબ લોકોને મજૂરી કે અન્ય કામ બંધ હોય સરકારે રેશનકાર્ડ પર મફત અનાજ ની જાહેરાત કરી અને આજ થી વિતરણ શરૂ થયું જોકે ઓનલાઈન કે ઓફલાઈન અનાજ આપવા સૂચના હતી તેવા સંજોગોમાં પહેલાજ દિવસે અનાજ વિતરણ સમયે ઓનલાઈન માટે સર્વર ધીમું ચલતા લાંબી કતારો ને કેમ પહોંચી વળવું એ સમસ્યા દુકાનદારો માટે ઉભી થઈ જ્યારે ઓફલાઈન અનાજ આપે તો મસમોટું ફોર્મ ભરવું પડતું હોય તેમાં પણ કલાકો નીકળી જાય તેમ છતાં દુકાનદારો એ સંયમ જાળવી અનાજ આપ્યું .

જોકે કોરોના ના ડર ના કારણે દુકાન બહાર લાગેલી લાંબી લાઈનો માં સોસિયલ ડિસ્ટન્સ જાળવવા સૂચના હોય દરેક દૂકનાદારો એ દુકાન બહાર વર્તુળ દોરી ગ્રાહકોને સૂચના આપી સાથે દરેક દુકાન પર એક પોલીસનો વ્યક્તિ જીઆરડી પણ ઉભો રખાયો છતાં મોટાભાગનું દુકાનો પર સોસિયલ ડિસ્ટન્સ ના ધજાગરા ઉડતા જોવા મળ્યા કેમ કે ગ્રાહકો અનાજ નહિ મળે ખલાસ થઈ જશે તેવી ઉતાવળ માં એક બીજા ને અડીનેજ ઉભેલા જોવા મળ્યા હતા.જોકે અમુક દુકાનો પર સોસિયલ ડિસ્ટન્સનું યોગ્ય પાલન થયું હતું.

નાંદોદ મામલતદારે સોસિયલ ડિસ્ટન્સ અને સર્વર ધીમું હોવાની વાત સ્વીકારી

નાંદોદ મામલતદાર ડી.કે પરમારને આ બાબતે પૂછતાં તેમને સ્વીકાર્યું કે સોસિયલ ડિસ્ટન્સ બાબતે મને ફરિયાદ મળી એ બાબતે મેં કાર્યવાહી કરી છે અને સર્વર પણ આજે ધીમું હોય ઓફલાઈન માં આખું ફોર્મ ભરતા વધુ સમય જતો હોય માટે મેં દુકાનદારો ને સૂચના આપી કે હાલ અમુક વિગત ભરી અનાજ આપો ગ્રાહકોની બહુ ભીડ ન કરો ફોર્મ માં બાકી રહેલી વિગતો પછી ભરજો.

નર્મદામાં દિલ્હીથી કેટલાક લોકો આવ્યાની વાતે ભારે કુતુહલ : જોકે આ વાત ને નકારતા એપેડમિક અધિકારી



દિલ્હીના નિઝામુદ્દીન સ્થિત તબલિગી જમાતના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય માંથી કેટલાક લોકો બહાર આવ્યા ની વાત બાદ નર્મદા જિલ્લામાં ભારે કુતુહલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ સમગ્ર વિશ્વ માં કોરોના નો હાઉ જોવા મળી રહ્યો છે કોઈ પણ વ્યક્તિ બહાર જાય તો તેને આવ્યા બાદ કોરોન્ટાઈન પર રખાય છે તેવામાં ઘણા જિલ્લાઓ માં અફવા જોર પકડતા લોકો માં આવી બાબતે ભારે કુતુહલ જોવા મળે છે ત્યારે આવીજ એક બાબતની અમે જવાબદાર અધિકારી પાસે પૂસ્ટતા કરતા આ બાબત ખોટી હોવાનું જાણવા મળ્યું હતું.

રાજપીપળા સહિત નર્મદા જિલ્લા માં હાલ આ ચર્ચા એ જોર પકડ્યું હતું જેમાં દિલ્હીના નિઝામુદ્દીન સ્થિત તબલિગી જમાતના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય માંથી કેટલાક લોકો બહાર આવ્યા ની વાત બહાર આવ્યા બાદ આમાંથી કેટલાક લોકો નર્મદા જિલ્લામાં પણ આવ્યા હોવાની વાત ફેલાતા લોકોમાં આ બાબત જાણવા ભારે કુતુહલ જાગ્યું હતું અને મીડિયા,આરોગ્ય કર્મીઓ ના ફોન પર આ બાબતે પૂછપરછ શરૂ થઈ હતી.જોકે અમે આ બાબત સાચી કે ખોટી એ બાબતે ખરાઈ માટે નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગના એપેડમિક અધિકારી ડો. કશ્યપ નો સંપર્ક કરતા તેમને સ્પષ્ટ જણાવ્યું કે એમાંથી કોઈ વ્યક્તિ કોરોન્ટાઈન માં આવ્યા નથી પરંતુ ગત તારીખ ૧૭ માર્ચે દિલ્હી થી પસાર થયેલા ૪ વ્યક્તિઓ હાલ કોરોન્ટાઈલ પર છે જે અન્ય પ્રવાસે ગયા હતા.માટે આ ચર્ચા એકદમ ખોટી હોવાની વાત કહી હતી. લોકો એ ખોટી અફવા થી ગભરાવું નહિ,અફવા ફેલાવવી પણ ગુનો છે જેમાં સજા પણ થઈ શકે છે માટે અફવા થી દુર રહી તેની ખાતરી કરવી જરૂરી છે.નર્મદા જિલ્લા માં અત્યાર સુધી એક પણ કોરોના નો પોઝિટિવ કેસ પણ નથી માટે કોઈએ ગભરાવું નહિ અને લોકડાઉન નું પાલન કરી ઘરમાં રહેવું જરૂરી છે.

કોરોનાના ડર વચ્ચે સુરતમાં વિદેશથી આવેલ ૪૨ લોકો લાપતા

સુરત

૪૨ જેટલા લોકો કે જેઓ તાજેતરમાંથી વિદેશથી સુરત જિલ્લામાં આવ્યા છે તેમને શોધવા મુશ્કેલ થઈ રહ્યા છે. આમની તપાસ કરી રહેલા અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું કે, તેમના પાસપોર્ટમાં દર્શાવિલા સરનામા પ્રમાણે પણ શોધવા મુશ્કેલ છે. કોરોના વાયરસના ફેલાવાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર દ્વારા ગુજરાત સરકારને ૨૭,૦૦૦ લોકોની માહિતી આપવામાં આવી છે જેમાં તેમના સરનામાની પણ વિગતો છે જોકે, આ પ્રમાણે તેમને શોધવામાં કોઈ સફતા મળતી દેખાઈ નથી રહી. જોકે, આમાંથી ૪૨ લોકોએ પાસપોર્ટમાં દર્શાવિલા સરનામા પ્રમાણે શોધવા મુશ્કેલ બની રહ્યા છે. કારણ કે તેમણે દર્શાવિલા એડ્રસ પર તેમનો કોઈ અતોપતો નથી લાગી રહ્યો. આ વિષયમાં અધિકારીએ જણાવ્યું કે, આ ૪૨ 'ગુમ' લોકોમાંથી ૧૬ પાલાવાસણા, ૯ બારડોલી, ૬-૬ ચોર્યાસી અને ઓલપાડના છે, જ્યારે ત્રણ માંગરોળ અને ૨ કામરેજના છે. આ લોકો વિદેશ પ્રવાસ બાદ ભારતમાં આવવા માટે મુંબઈ, બેંગલુરુ, લખનૌ અને ચેન્નાઈના એરપોર્ટ પર ઉતર્યા છે.



પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)